

નવયૌવન (શિલ્પકાર · ફ્રાંસિસ્કો મોચી)

સંસ્થાપક · રવિશંકર રાવળ

કુમાર

આદ્યતંત્રી · બચુભાઈ રાવત

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક · વર્ષ ૬૪મું · સળંગ અંક ૭૬૨ · જુલાઈ ૧૯૯૧

તંત્રી · ધીરુ પરીખ

સંપાદક · બિહારીલાલ ટાંક



વનરાઈ. જ્યૉર્જ ઈન્નેસ નામના ૧૯મી સદીના એક જાણીતા અમેરિકન ચિત્રકારે ૧૮૪૯માં ૨૪ વર્ષની વયે આલેખેલું એક દૃશ્યચિત્ર. આંખોને તૃપ્ત કરતું આવું વનરાઈથી હર્યુંભર્યું પ્રાકૃતિક સૌંદર્ય આપણા દેશમાં હજી ગ્રામપ્રદેશમાં જોવા મળે ખરું, પણ બદલાતા જતા ચિત્રકલાના નવા ખયાલે.ના આ સમયમાં પ્રકૃતિની આવી હરીભરી ગોદથી રાચી તેને આ રીતે ચિત્રાંકિત કરવાને ઉદ્યુક્ત થનારા આજે કેટલા ?

આભાર

બંધ પડેલું 'કુમાર' ૧૯૯૦ના ઓગસ્ટથી પુનઃ પ્રકાશિત કર્યું ત્યારથી આપના હાથમાં આ બારમો, એટલે કે નવેસરથી શરૂ થયેલા 'કુમાર'ના વર્ષનો છેલ્લો, અંક છે ત્યાં સુધીમાં 'કુમાર'ના જૂનાનવા ગ્રાહકોનો સારો સહકાર મળી રહ્યો છે. અનેક શુભેચ્છકોએ રૂ. ૧૦૦૦ ભરી પેટ્રન સભ્ય બની કે રૂ. ૫૦૦૦ ભરી સંવર્ધક સભ્ય બની અમને ઉજજવળ ભાવિ માટે આશા બંધાવી છે, અનેકોએ આજીવન સભ્ય બનીને પણ પોતાની ચાહના પ્રકટ કરી છે, અનેક સદ્‌ભાવી વ્યક્તિઓ અને સંસ્થાઓએ વર્ષ દરમ્યાન 'કુમાર'ને જાહેરખબર આપીને પોતાનો સહયોગ પ્રકટ કર્યો છે તે બદલ તે સૌનો આ પૂરા થતાં વર્ષે આભાર માનીએ છીએ. અમને શ્રદ્ધા છે કે આથી પણ વધુ ઉષ્માભર્યો સહકાર અમને આગામી વર્ષોમાં મળી રહેશે અને ગુજરાતના આ સંસ્કારપોષક સામયિકને પગભર થવામાં વાંધો નહીં આવે.

અમે આપને આ તબક્કે અપીલ કરીએ છીએ કે આપ 'કુમાર'ના ગ્રાહક બનીને, અન્યને ગ્રાહક બનાવીને, પેટ્રન કે સંવર્ધક સભ્ય બનીને, સ્થાન સમર્પિત કરી કે જાહેરખબર આપીને તેને વધુ સમૃદ્ધ કરવામાં સહાયભૂત થશો. શાળા-મહાશાળાઓ અને નાનાંમોટાં ગ્રંથાલયો 'કુમાર'ના અચૂક ગ્રાહક બને અને ઊગતી પેઢીને સંસ્કારપોષક વાચનસામગ્રી પહોંચાડવામાં સહાયભૂત થાય તેવી પણ ખાસ અપીલ છે.

આપનું લવાજમ પૂરું થાય છે

ઓગસ્ટ ૧૯૯૦થી 'કુમાર'ના નવા ગ્રાહકો નોંધાયા હતા. તે સહુનું લવાજમ આ અંક સાથે પૂરું થાય છે. વળી, 'કુમાર'નું પ્રકાશન સ્થગિત થયું ત્યારે જે ગ્રાહકોનું લવાજમ જમા પડ્યું હતું તેમને પણ અમે ઓગસ્ટ ૧૯૯૦થી અંકો મોકલવાના શરૂ કર્યા હતા. આથી એવા જૂના ગ્રાહકોમાંના ઘણાનું લવાજમ પણ પૂરું થઈ ગયું છે. આથી સહુ જૂનાનવા ગ્રાહકોને પોતાનું નવું લવાજમ રૂ. ૭૫=૦૦ સત્વરે મોકલી આપવા વિનંતી છે, જેથી આપને 'કુમાર' નિયમિત મળતું રહે અને આપની ફાઈલ અતૂટ રહે.

આજીવન લવાજમ રૂ. ૭૫૦=૦૦, પેટ્રન સભ્યપદ રૂ. ૧૦૦૦=૦૦

સંવર્ધક સભ્યપદ રૂ. ૫૦૦૦=૦૦, સ્થાન સમર્પિત અર્ધું પાનું રૂ. ૨૫૦=૦૦

જાહેરખબરના દર : ચોથું ટાઈટલ (બેરંગી) રૂા. ૨૫૦૦=૦૦, ત્રીજું ટાઈટલ રૂા. ૨૦૦૦=૦૦, આખું પાનું રૂા. ૧૦૦૦=૦૦, અર્ધું પાનું રૂા. ૬૦૦=૦૦, પા પાનું રૂા. ૪૦૦=૦૦

આપને 'કુમાર' પસંદ પડ્યું હોય તો ઉપરની કોઈ પણ રીતે આપ આપની સદ્‌ભાવના વ્યક્ત કરી શકો.

બહારગામની બેંક પરનો ચેક મોકલનારે રૂ. ૧૨=૦૦ ઉમેરવા.

તંત્રી

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂ. ૧૨-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી. ગુમ થયેલો અંક મગાવનારે રૂપિયા ૨.૦૦ના ટપાલ ખર્ચ પેટે પોસ્ટલ સ્ટેમ્પ મોકલવા તથા પોતાનો ગ્રાહક નંબર જણાવવો જરૂરી છે.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.'
૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

આ અંકનું પૂઠું

યૌવનદીપ્ત સૌંદર્યથી ઊભરાતી આ શિલ્પકૃતિ અમેરિકાના જાણીતા શિલ્પી ફ્રાન્સિસ્કો મોચીની કલાક્ષમતાનું એક સુંદર ઉદાહરણ છે. પાંગરતી નવયૌવનની તાજગીભરી પ્રતિભા તો એ પ્રકટ કરે જ છે, પણ તેમાંયે યુવકના ખભા ઉપર ઢળતા તેના વાળની વળાંકદાર લટો સવિશેષ ધ્યાન આકર્ષે છે. એકાએક થંભી ગએલા સંગીતના કોઈ મધુર લય કે વહેતા જળની પળેપળે પલટાતી વિચિમાલા જેવી એ કેશલટોના વળાંક યુવકના ચહેરાને અનોખું ગૌરવ અર્પે છે. ફ્રાન્સિસ્કોની આ એક આગવી લાક્ષણિકતા રહી છે. એની લયકારી આરસમાં જાણે સજીવારોપણ કરે છે!

'કુમાર' **કુમારકોશ** વર્ષ ચોસઠમું
જુલાઈ ૧૯૯૧ · સળંગ અંક ૭૬૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૭૫, પરદેશમાં રૂ. ૨૫૦.
છૂટક નકલ રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

બાલિકા કુલવધૂ સ્વામિની/રાજેન્દ્ર શાહ

૧

ત્હારો કરે કર ધર્યો નવનીત-કૂણો,
તે વેદિના પરમ પાવક અગ્નિ-સાક્ષ્યે:
ત્હારાં ઢળ્યાં નયનની અભિલાષ આસ્યે
મ્હોરી રહી, લઈ વસંતિલ પર્શ ઊનો.

આ આપણે સદન - માંગ ભરેલ કેશે,
પાયે અલક્તક પ્રસાધન, શીંજનીની
સૌહાર્દ સંગતિ મહીં, ત્યમ રાગભીની-
તું બાલિકા કુલવધૂ થઈને પ્રવેશે.

ત્યાં દેહલી પર ત્હને જનની વધાવે,
ને તું કરી પ્રણતિ ભીતર આવી ભાવે.

૨

આ તે હતા દિવસ શાસનતંત્ર સામે
લોકે હતું અસહયોગનું છેડ્યું યુધ્ધ,
અભ્યાસ છોડી બલિદાન-પથે વિમુગ્ધ
મ્હારું જવું, ગભરુ તું હતી વ્યગ્ર ધામે.

સંગ્રામનો પણ વિરામ થતાં ફરીથી
પ્રોવાઈ જાઉં મુજ અધ્યયને હું તુર્ત.
ઉત્સાહ ને રુચિ-વિવેકથી હાર્દ-સ્ફુર્ત
તું યોષિતા ઋજુ બલે ગૃહિણી બનીંતી.

સાન્નિધ્યનો વિપુલ અંતરમાં હુલાસ,
કર્તવ્ય-સંયમિત કિંતુ તદા વિલાસ.

૩

ગાર્હસ્થ્ય : અર્જન હવે અનિવાર્ય જાણી
મ્હેં કાર્યક્ષેત્ર ગ્રહ્યું : કિન્તુ ન સ્વચિત્ત-ચાહ.
સંકલ્પ દાર્શનિક તત્ત્વની શાશ્વિ કાજ,
મ્હારી વ્યથા-જલન તે ઉભયે પ્રમાણી.

બે બાજુએ વ્યય ન શક્તિતણો યથાર્થ
જોતાં, ત્હમેય ઉરથી વ્રત ઉગ્ર લીધું.
યજ્ઞે સમસ્ત તવ સ્ત્રીધન હોમી દીધું;
ને એમ કીધ મુજ વિઘ્ન-વિહીન માર્ગ.

સંસિદ્ધિ મ્હારી, યશ તે તવ, એ વિભેદ
છે માત્ર બોલમહીં: જીવનયોગ એક.

૪

મ્હેં સ્વેચ્છયા અવ પદાર્પણ કીધ ક્ષેત્રે
વ્યાપારના અનનુભૂત, તથાપિ હોંશે
હું જોગવીશ સહુ આગત એ ભરોંસે,
રે જેમ મેઘમહીં વિદ્યુત, તેમ નેત્રે.

ને જેમ કોઈ પડતું શિશુ, જ્યાં લગી તે
પામે નહીં પગ બરાબર, તેમ મ્હારું.
એવી હતી વિષમ કૈં સ્થિતિ તો ય ત્હારું
લેશે નહીં ધૃતિથી ચંચલ થાવું, પ્રીતે.

ત્હેં ક્યાં કરી કસર તે ન જણાઈ, ઠાઠ
કો રાજવી ઘરતણો, ગરિમાની સાથ.

૫

એ યે વહ્યો સમય, સુસ્થિત કાર્ય સર્વ
વિક્ષેપ-શું મિષ હવે ન કંઈ જણાય:
આસાન જાય દિન, સંતતિની સહાય-
દાયિત્વનું ગ્રહણ જે કરતાં સહર્ષ.

ને આપણી સફર તીર્થની વર્ષ વર્ષે,
જેવી હિમાચલની, ગંગાની, તેમ અન્ય.
છે રુદ્ર-દર્શન કર્યું, કર્યું તેમ રમ્ય.
આનંદ-શાન્તિમય તૃપ્તિતણા પ્રકર્ષે.

સાધી શક્યાં નગરજીવનમાં વિવિક્તિ,
એકાન્ત કાનનની તેમજ અલ્પ રિદ્ધિ.

૬

છે કેટલી કુલની વિસ્તૃતિ? ને શી રીત?
આ કેન્દ્રથી ગ્રહતણા તું રહી નિહાળી
પેઢી તુરીય, રમતી કરને ઉછાળી:
હે સ્વામિની, તવ બધે ય છવાઈ પ્રીત.

યાત્રા હવે ચરમ એમ કરી અકેલ
ચાલી તું કિંતુ યમ-ઉંબરથી જ પાછી.
મ્હારા પ્રયાણ-પથની પર તું ય આડી
ઊભીંતી, હોય કરતી નવ ખેલ એમ!

જો કૈંક શેષ કૃતિના બનવું નિમિત્ત!
જે થાય તે સહજ થાય; પ્રશાન્ત ચિત્ત !

૧૯૪૮માં કુમારના આ કાવ્યપૃષ્ઠ પર રાજેન્દ્ર શાહનું અને ગુજરાતી કવિતા સાહિત્યનું મહત્ત્વનું સૉનેટગુચ્છ 'આયુષ્યના અવશેષે' પ્રકટ થયું હતું. તેમાં જે વૃદ્ધ કાવ્યનાયકનો અનુભવ હતો તે ૩૪ વર્ષના યુવાન કવિનો કાલ્પનિક અનુભવ હતો. આ સૉનેટકલ્પ કાવ્યગુચ્છમાં ૭૯ વર્ષના કવિનો પોતાના દાંપત્યજીવનનાં સાઠ વર્ષ પૂરાં કર્યાંનો વાસ્તવિક અનુભવ નિરૂપાયો છે. ૬૦ પંક્તિના આ કાવ્યમાં કવિએ પોતાના સિદ્ધ છંદ વસંતતિલકામાં જીવનસંગિનીના બાલિકાથી ગૃહસ્વામિની સુધીના સ્વરૂપને પ્રસન્નતાથી અને પ્રગલ્ભતાથી નિરૂપી એમાં આછેરી આત્મકથા પણ ગૂંથી લીધી છે. શૈલી અને વિચારની પ્રૌઢિ સાથે ભાવોદ્રેકતા અહીં આસ્વાદ્ય બની રહે છે. ધી.પ.

નિરાડંબરી સાદગી અને નિષ્ઠાપૂર્વકની લોકસેવાથી જનહૃદયમાં પ્રેમભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર આજીવન સેવક, નિર્ભીક પત્રકાર, સહેતુક સર્જક, સ્પષ્ટ વકતા ને 'શ્રીમંત નગરીના ફકીર નેતા' જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે તેવા આમજનતાના 'ચાચા'



ઈન્દુલાલ યાજ્ઞિક

• નીતિન વડગામા

'ગુજરાતમાં નવજીવન છે? નવજીવન એટલે વિદ્વત્તા કે રસિકતા નહિ, પણ આપણા દેશમાં સંચાર પામતા નવયુગમાં ખીલતું અને નવયુગને સિધ્ધ કરતું નવજીવન. દુર્ભાગ્યે ગુજરાતમાં નવજીવન બીજદશામાં પણ નથી, મોટા મહાસાગરમાં એક નાના તરંગરૂપે ક્વચિત નજરે પડે છે, છતાં જાગૃતિનો ભાસ કરાવે એવાં ઘણાં લખાણો અને હિલચાલો દેખાય છે અને તેથી જ ઘણીવાર એમ કહેવામાં આવે છે કે ગુજરાત ઘણું ચેતનમય બન્યું છે. અલબત્ત, આવો વિચાર પણ આપણને જીવંત પ્રજા બનાવવામાં કંઈક અંશે સાધનભૂત થાય. પણ તે સાથે એ પણ દેખીતું જ છે કે સાધ્યના અભાવની ઊંડી સમજ એ તેની સિધ્ધિનું પ્રથમ પગથિયું છે. આપણે અંધકારમાં વસીએ અને છતાં પ્રકાશમાં રહેવાનો ભ્રમ રાખીએ એ કરતાં વધારે શોકજનક સ્થિતિ બીજી શી હોઈ શકે?'

૧૯૧૫માં પ્રકટ થયેલા 'નવજીવન અને સત્ય' નામના સામયિકના પ્રથમ અંકમાં, તંત્રીસ્થાનના અગ્રલેખમાં આ પ્રકારનું મનન-મંથન પ્રકટ કરનાર, ગુજરાતના સાંસ્કૃતિક નવપ્રસ્થાનના હિમાયતી તે ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક. સામયિકના પાનામાં શબ્દદેહે વ્યક્ત થયેલી ભાવનાને ચરિતાર્થ કરતું જીવન જીવનાર આ વ્યક્તિ. 'સાધ્યના અભાવની ઊંડી સમજ' મેળવ્યા-કેળવ્યા પછી એ ખોટને પૂરવાના અથાગ પુરુષાર્થમાં આયખું વિતાવનાર આ વિભૂતિ. જનસામાન્યના 'ચાચા' અને કામદાર વર્ગના 'દાદા' તરીકે સૌના હૃદયમાં સ્થાન પામનાર આ મહામાનવ. ગુજરાતમાં નવજીવનના અરુણોદયમાં એમનો જબરદસ્ત હિસ્સો.

ગુજરાતના સંસ્કારનગર નડિયાદમાં બાવીસમી ફેબ્રુઆરી, ૧૮૯૨ના રોજ ઈન્દુલાલનો જન્મ. સેવાભાવી અને સમાજસુધારક પિતા કનૈયાલાલ અને સ્વાધ્યાયશીલ માતા મણિગૌરીના તે જ્યેષ્ઠ પુત્ર. શિક્ષણ, સાહિત્ય, સમાજકારણ અને રાજકારણક્ષેત્રે ગુજરાતમાં પુનરુત્થાનના સમયગાળામાં, ઓગણીસમાં શતકના અંતિમ દશકમાં ઈન્દુલાલનું અવતરણ થયું. આ સમયના સામાજિક-સાંસ્કૃતિક-રાજકીય વાતાવરણની અસર તેમને જાહેરજીવન તરફ વાળવા તથા ગુજરાતના રાજકીય વિકાસને માટે ભેખ ધારણ કરવા પ્રેરક નીવડી.

ઈન્દુલાલની કિશોરાવસ્થામાં જ પિતાશ્રીનું અવસાન થયું. પછી સંસ્કારનું સિંચન માતુશ્રીએ કર્યું ને શિક્ષણ આપવાની જવાબદારી કાકા સાકરલાલ યાજ્ઞિકે સ્વીકારી. વિદ્યાર્થી તરીકે તેઓ અત્યંત તેજસ્વી કારકિર્દી ધરાવતા અને સરકારી શિષ્યવૃત્તિઓ પણ મેળવતા. ૧૯૦૬માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી, બે વર્ષ અમદાવાદની ગુજરાત કોલેજમાં અભ્યાસ કરી, વિજ્ઞાનના અભ્યાસ અર્થે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં ગયા, ત્યાંથી પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્રના વિષયો લઈ બી. એ. થયા અને બી. એ.માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ પછીના અભ્યાસ માટે માસિક રૂપિયા પચાસની 'દક્ષિણ ફૈલોશિપ' પણ મેળવી.

૧૯૧૦માં તેમના મુંબઈના સ્થાયી નિવાસ દરમ્યાન સમાજ સુધારાની પ્રવૃત્તિઓ વિશે વિચારવિમર્શ કરતી સંસ્થા 'ગુર્જર સભા'ને નિમિત્તે તેઓ ચંદ્રશંકર પંડ્યા, નગીનદાસ સોલિસિટર, કનૈયાલાલ મુનશી, મનસુખલાલ માસ્તર વગેરેના પરિચયમાં આવ્યા. આ સભામાં નિયમિત આવતા મિત્રો ઉપરાંત પ્રસંગોપાત નરસિંહરાવ દિવેટિયા, કૃષ્ણલાલ ઝવેરી, ઉત્તમલાલ ત્રિવેદી, 'કાન્ત' જેવા સાક્ષરોનાં વિચારપૂર્ણ ભાષણોથી પણ તેમના માનસનું પોષણ અને સંવર્ધન થયું. આ સાથે એક પ્રકારનું આત્મમંથન પણ આરંભાયું.

૧૯૧૨માં તેઓએ એલએલ. બી. થઈ ૧૯૧૩માં વકીલાત શરૂ કરી. મુનશીના સંપર્કને લીધે અને અપીલનું કેટલુંક કામ મળવાથી ૧૯૧૪માં તો હાઈકોર્ટમાં પણ જવા માંડ્યું. પરંતુ મેજિસ્ટ્રેટના વિલાયતી ભપકાદાર ડોળદમામ, વકીલોના વેશ અને વાણી, અસીલોની વાતો અને વકીલોની દલીલ - આ બધું કૃત્રિમ લાગતાં, પૂરતું કામ ન મળતાં ને પછીથી આ ધંધા તરફ નફરત જન્મતાં વકીલાત છોડી અને દેશસેવાનું જીવનવ્રત લીધું. આ સમય દરમ્યાન મુનશી જેવા તીવ્ર બુદ્ધિના અને પ્રવૃત્તિશીલ મિત્રનો સંપર્ક અને પરિચય બળવત્તર બન્યો. તેમની બંનેની વચ્ચે વિચાર અને વૃત્તિના ભેદ હોવા છતાં મુનશીની નિશ્ચયાત્મક વૃત્તિની પોતાના પર ઊંડી છાપ પડી હોવાનું ઇન્દુલાલ પોતાની આત્મકથામાં સ્વીકારે છે. આમ, સેવાક્ષેત્રની લગની લાગતાં વકીલાતના ધંધામાંથી ક્ષેત્રસંન્યાસ લઈને તેઓ થોડો વખત લોકસેવક ગોખલેના ભારત સેવક સમાજમાં જોડાયા બાદ હોમરૂલ આંદોલનમાં પણ જોડાયા.

મુંબઈના મહાજન શ્રી રણછોડલાલ લોટવાળાના 'અખબારે સોદાગર'માંથી 'હિન્દુસ્તાનમાં' પરિણમેલા વર્તમાનપત્રને નિમિત્તે ઇન્દુલાલ ૧૯૧૪માં અગ્રલેખો લખતા થયા. લખવાની પ્રથમ તક મળવા ઉપરાંત ઇન્દુલાલ આંતરરાષ્ટ્રિય રાજકારણમાં રસ લેતા થયા એમાં પણ શ્રી લોટવાળાના સંપર્કનો જ મોટો હિસ્સો છે. આ ગાળામાં રાષ્ટ્રિય અભિમાનને પોષે એવા બુલંદ અવાજે બોલતા અને ગુજરાતી ભાષા અને પહેરવેશના આગ્રહી એવા ગુજરાતી રાષ્ટ્રિય નેતા ગાંધીજીથી ઇન્દુલાલ સ્વાભાવિક રીતે જ આકર્ષાયા. પોતાના પ્રિય નેતાને મળવા-સાંભળવાની ઝંખના જાગી, પણ સાંતાક્રુઝમાં વીલાર વીલામાં ગાંધીજીને પહેલી વખત સાંભળીને તેઓને નિરાશ થવું પડ્યું. કેમ કે અપેક્ષા તો હતી લોકમાન્ય તિલક કે અરવિંદ ઘોષની માફક લડાયક મિજાજના રાજકીય ભાષણ સાંભળવાની, ને નીકળ્યાં નર્યાં ઔપચારિક આભારવિધિભર્યાં વચનો! અલબત્ત, ત્યાર બાદ ગુર્જર સભાના ઉપક્રમે, ભરુચમાં મળેલી બીજી કેળવણી પરિષદ નિમિત્તે કે ગોધરાની પ્રથમ રાજકીય પરિષદ વખતે ગાંધીજીને મળ્યા-સાંભળ્યા પછી તેમની નિરાશા ઓસરી ગઈ અને તેમના હૃદયમાં એક સમર્થ રાષ્ટ્રિય નેતા તરીકેનું ગાંધીજીનું સ્થાન સ્થિર થયું. પછી તો યરવડા જેલમાં ગાંધીજીની સાથે સવા વરસ જેટલો સમય રહેવાનું બન્યું. ગાંધીજીના આવા દીર્ઘ સમયના નિકટના સહવાસને અંતે તેમનો ગાંધીજી પ્રત્યેનો આદર ખૂબ વધ્યો. ગાંધીજી વિશે તેઓ લખે છે તેમાંથી ગાંધીજી પ્રત્યેનો તેમનો અહોભાવ પ્રકટ થાય છે.

'આટલે વખતે જ્યારે એ બાગમાં વિહરતા શુભ્રવસન સુશોભિત મહાત્માજીનું હું દર્શન કરું છું ત્યારે પહેલાં તો અઢી હજાર વરસ ઉપર ચાતુર્માસમાં શિષ્યગણ સાથે પ્રાતઃકાળે ને સંધ્યાકાળે સંક્રમણ કરતા બુદ્ધનું સ્મરણ થાય છે...તેમના કંઠમાંથી દૂર દૂરથી કોઈ દેવદૂતના સ્વર સાંભળતો હોઉં, તેમના શુભ્રવચનમાં કોઈ પયગંબરની ઝળહળતી જ્યોતિ જોતો હોઉં એમ ઘડીભર મને ભાસે છે.'

૧૯૧૪માં ફરજનો એક ભાગ ગણીને પોતાની અનિચ્છાએ પણ ઇન્દુલાલે લગ્ન કરેલું, પરંતુ પ્રેમજીવનની કે કુટુંબજીવનની કામના અકાળે નષ્ટ થઈ હોવાથી અને વિવાહિત કન્યા માટે પ્રેમની સ્ફુરણા ન થવાથી તેઓ એકલું અટૂલું જીવન વ્યતીત કરતા હતા. આ પરિસ્થિતિમાં પરદેશથી આવેલા મિત્ર શંકરલાલની પ્રેરણાથી અને મુનશી તથા અન્ય મિત્રોના સહયોગથી ૧૯૧૫માં 'નવજીવન અને સત્ય' નામનું માસિક શરૂ કર્યું, જે ગાંધીજીએ સંભાળ્યું ત્યાં સુધી તેમણે નિષ્ઠાપૂર્વક ચલાવ્યું. પછીના સમયમાં તેઓ 'યુગધર્મ' માસિક તથા ગુજરાતી દૈનિક 'હિન્દુસ્તાન' સાથે પણ સંકળાયેલા. વિદેશના વસવાટ દરમ્યાન પણ તેમણે 'કિસાન બુલેટીન', 'નૂતન ગુજરાત' તથા 'ગ્રામ સ્વરાજ'નું સંપાદન કરેલું. આ તમામ સામયિકોને નિમિત્તે લખાયેલા અગ્રલેખોમાંથી પત્રકાર તરીકેની તેમની તેજસ્વી કલમનો પરિચય મળી શકે છે. એ જમાનામાં પત્રકારત્વ ક્ષેત્રે પણ તેમનું પ્રદાન ખૂબ જ ધ્યાનપાત્ર છે.

રાષ્ટ્રના કાર્યમાં રમમાણ એવા ઇન્દુલાલ ૧૯૧૪ થી ૧૯૧૮ સુધી દેશમાં ચાલેલી મોટી લડાઈના વખતમાં રંગરૂટોની ભરતીના કામ સબબ ગાંધીજી સાથે જોડાયા. શ્રીમતી લીલાવતી મુનશીએ દોરેલા આ સમયગાળાના ઇન્દુલાલના શબ્દચિત્રમાંથી જુસ્સો, થનગનાટ અને તીવ્ર દેશદાઝ જેવા તેમના વ્યક્તિત્વના ગુણો પ્રકટ થાય છે:

'ઇન્દુભાઈ એટલે ટ્રેઈનની ઝડપ, ઇન્દુભાઈ એટલે બાળકનાં તોફાન, ઇન્દુભાઈ એટલે લશ્કરી સિપાઈ, ઇન્દુભાઈમાં ઋષિમુનીનો સંયમ નથી, પણ યોદ્ધાઓનો વિગ્રહ છે... દેશકાર્યનું અસિધારાવ્રત એમણે લીધું છે. હનુમાન માફક એમના હૃદયના ઊંડા ભાગમાં દેશ શબ્દ કોતરેલો હશે.'

૧૯૧૮ થી ૧૯૨૨ સુધીના આપણા દેશના સંઘર્ષના સમયગાળા દરમ્યાન પણ ઇન્દુલાલે નેતૃત્વ પૂરું પાડ્યું. અસહકારના આંદોલનમાં

ડાબેથી જમણે - કનૈયાલાલ (પિતા), સાકરલાલ (કાકા), રમણભાઈ (ભાઈ), મણિબહેન (માતા), પોપટલાલ (કાકા)




તેઓએ ગુજરાતની આગેવાની લીધી, ગુજરાત પ્રાન્તિક કૉંગ્રેસ સમિતિનું બંધારણ ઘડ્યું ને એના મંત્રી બન્યા, જોકે પછીથી વલ્લભભાઈની સાથે મતભેદ થવાને પરિણામે પ્રાન્તિક સમિતિમાંથી છૂટા પણ પડ્યા.

કચડાયેલા અને દુભાયેલા વર્ગના આધારસમા 'ઇન્દુચાચા' સાચા અર્થમાં દરિદ્રનારાયણ હતા. વિનોબાજીની જેમ તેમણે પણ સત્તા અને સંપત્તિને તુચ્છ ગણી દરિદ્રનારાયણનો ધર્મ અંગીકાર કરેલો. ૧૯૨૧માં દેશમાં દુષ્કાળ પડ્યો એ વખતે દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને, જાતે યાતના વેઠીને પણ તેઓ પ્રજાની પડખે ઊભા રહેલા. મૂઠી મકાઈ માટે ટળવળતાં ભીલ બાળકોને જોઈને કે કપડાંને અભાવે ઉઘાડી ભટકતી ભીલ કન્યાઓને નિહાળીને તેમના અંતરમાં જે અનુકંપા ઊપજી એની નીપજ રૂપે જ ભીલસેવાની સંસ્થાઓ અને અંત્યજ આશ્રમોની સ્થાપના થઈ.

મુક્તમિજાજી અને સ્વતંત્રવિચારસરણી ધરાવતા ઇન્દુલાલને સરદાર પટેલ સાથે કેટલાક મતભેદ થવાથી કૉંગ્રેસમાંથી તેઓ છૂટા પડ્યા. હવે તેઓએ ગુજરાત છોડીને મુંબઈ આવી પત્રકારત્વ અને ચિત્રપટક્ષેત્રે ઝંપલાવ્યું. ચારેક વર્ષ સુધી શ્રી લોટવાળાના વર્તમાનપત્ર 'હિન્દુસ્તાન'નું તંત્રીપદ સંભાળ્યું ને ૧૯૨૮માં 'હિન્દુસ્તાન' છોડ્યું. પોતે પૈસાની મૂંઝવણમાં હતા એ વખતે કોઈએ ફિલ્મને માટે વાર્તા લખાવાનું સૂચન કરતાં એ તરફ વળ્યા. કેટલાક ફિલ્મ સ્ટૂડિઓની મુલાકાત લઈને નિર્માતાઓના સંપર્કમાં પણ આવ્યા. શરૂઆતમાં ફિલ્મની વાર્તાઓ લખી ને પછીથી કેટલાક મિત્રોની સાથે મળીને 'ક્લાસિક્સ પિક્ચર્સ કોર્પોરેશન' નામની લિમિટેડ કંપની સ્થાપી અને કેટલીક ફિલ્મોનું નિર્માણ કર્યું. પરંતુ આ ક્ષેત્રે તેમને ભયંકર નિષ્ફળતા મળી અને દેણામાં ડૂબ્યા. ચિત્રપટ-ક્ષેત્રે પોતાને થયેલા કેટલાક ચિત્રવિચિત્ર અનુભવો તેમણે 'ચિત્રભારતી' નામના સામાહિકમાં અને ત્યાર પછીથી આત્મકથાના ચોથા ભાગમાં એમને વિગતે વર્ણવ્યા છે. આર્થિક કટોકટીમાંથી ઊગરવા અને આપણા દેશના સ્વાતંત્ર્ય - સંગ્રામનો પ્રચાર કરવા તેઓએ પરદેશ પ્રયાણ કર્યું.

બેઠેલી મુદ્રામાં ઇન્દુલાલ





ઇન્દુલાલ - ઊભેલી મુદ્રામાં

૧૯૩૦માં ઇન્દુલાલ યૂરોપ ગયા અને બર્લિનમાં જઈને તેઓએ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના પ્રચારનું કામ શરૂ કર્યું. અહીં પણ આર્થિક ભીંસે તેમનો પીછો ન છોડ્યો, તેથી નાનુંમોટું કામ કરીને પણ દસેક મહિના સુધી રહ્યા. ૧૯૩૧માં લંડન ગયા, ત્યાં શ્રી લોટવાળાની હૂંફ સાંપડી. પછીથી આયર્લૅન્ડના ક્રાન્તિકારોને હિન્દ વિશેની માહિતી આપવા અને પ્રચાર કરવા તેઓએ દસેક મહિના ડબ્લિનમાં વિતાવ્યા. અહીં કેટલીક નાણાંભીડ વેઠીને પુનઃ લંડન આવ્યા.

પાંચેક વરસના વિદેશવાસ પછી ૧૯૩૫માં ઇન્દુલાલ સ્વદેશ પાછા ફર્યા. સ્વદેશાગમન પછી 'કિસાનોના નેતા' સ્વામી સહજાનંદ અને શ્રીરંગાની સાથે મળીને તેઓ કિસાનોની પ્રવૃત્તિઓ તરફ વળ્યા. કિસાનપ્રવૃત્તિમાં ગળાબૂડ થયેલા ઇન્દુલાલે 'અખિલ હિન્દ કિસાન સભા'નું પ્રમુખપદ પણ સંભાળ્યું, ૧૯૩૯ના બીજા વિશ્વયુદ્ધના સમય દરમ્યાન, આ યુદ્ધમાં ભારતે સહકાર ન આપવો જોઈએ એ મતલબના પોતાના ઉગ્ર વિચારો વ્યક્ત કરવાની સજારૂપ તેમણે ૧૯૪૦માં જેલવાસ પણ ભોગવ્યો. લગભગ સવા વરસનો આ જેલવાસ તેમને, ઇતિહાસનો

અભ્યાસ કરવા માટે સાનુકૂળ નીવડ્યો. ઈતિહાસના ઊંડા અભ્યાસની ફલશ્રુતિરૂપ ઈતિહાસ વિષયક એક સ્વતંત્ર ગ્રંથ લખવાનું વિચાર્યું અને ગુજરાતના ઈતિહાસનાં કેટલાંક પ્રકરણો લખ્યાં પણ ખરાં.

૧૯૩૬માં કિસાનસભાની સ્થાપનાને નિમિત્તે ઇન્દુલાલને ગુજરાતનો પ્રવાસ કરવાનું બન્યું. આ પ્રવાસ દરમ્યાન તેઓ ભીલ, બારૈયા, પાટણવાડિયા, અંત્યજ જેવા સમાજના નીચલા થરનાં લોકોના કંગાલ જીવનના સાક્ષી બન્યા, તો શોષિત એવા કિસાનોની કરુણાજનક સ્થિતિથી પણ વાકેફ થયા. ગરીબ અને મહેનતુ ખેડૂતો શાહુકારો દ્વારા થતી જોહુકમી જોઈને તેઓ દ્રવી ઊઠ્યા. કિસાનો પર થતા નિરંકુશ દમન સામે તેઓએ અવાજ ઉઠાવ્યો, ઉપરાંત કિસાનોની આ દુર્દશા દૂર કરવાનો કાયમી ઉપાય પણ વિચાર્યો. આ પરિસ્થિતિમાંથી કિસાનોને ઉગારવા અને કિસાનોને સંગઠિત કરવાની યોજના ઘડી કાઢી. આ યોજનાના ભાગરૂપે તેમણે કિસાનોના કુમારોને તાલીમ આપવા માટે આશ્રમો સ્થાપવાનો નિર્ધાર કર્યો. આમ, ગુજરાતની પીડિત-પતિત પ્રજાના ઉત્કર્ષ અને કિસાન કાર્યકરોને તૈયાર કરવાના આશયથી ઇન્દુલાલે વિદ્યાર્થી આશ્રમો સ્થાપ્યા. આપણા દેશની અસલ પ્રણાલિકાને અનુસરીને વાત્રકને કિનારે રમણીય ગ્રામપ્રદેશમાં આશ્રમ સ્થાપીને, પોતે પણ આશ્રમના કુમારોની વચ્ચે સતત સાત વર્ષ સુધી રહીને, આશ્રમપ્રવૃત્તિને નિમિત્તે પોતાનાં સ્વપ્નો અને સંકલ્પોને સિદ્ધ કરવાની મથામણ કરી. સાતસાત વર્ષ સુધી આશ્રમમાં નિવાસ કર્યા પછી, આશ્રમના કુમારના જ કુટુંબ- વિસ્તારમાં મહાલતા ઇન્દુલાલ, આશ્રમપ્રવૃત્તિ પાછળની પોતાની દૃષ્ટિ અને ઝંખના આ શબ્દોમાં રજૂ કરે છે:

'પણ હવે મને આથીયે સંતોષ નથી. જિંદગીભર બુદ્ધિશાળી સમાજમાં રહેલો હોઈ હું વિચારો અને સંસ્કારોનો વિનિમય ઝંખું છું. નગરોની રચના કરતાં સુશિક્ષિત સમાજનો સત્સંગ સાંપડવાની મેં આશા રાખી હતી તે ફળી નથી. હવે આશ્રમની નવી રચનામાં કોઈ પુસ્તકાલય ખોલવાનાં, વિચારકો અને લેખકોનો અખાડો જમાવવાનાં ને અહીંથી જ પ્રજાવર્ગને નવા વિચાર ને નવું ચેતન આપનારું ભારોભાર અનેકવિધ સાહિત્ય પ્રકટ કરવાનાં સ્વપ્નાં હું સેવું છું.'

આમ, આયુષ્યની ઉત્તરાવસ્થામાં, જીવનના નવા યુગમાં પણ હરણફાળે દોડવાના મનસૂબા સેવતા ઇન્દુલાલ, આશ્રમપ્રવૃત્તિ દ્વારા ગ્રામપ્રદેશના અને ખેડૂતના ઉત્થાનનાં સ્વપ્નાં સેવે છે. ૧૯૫૨માં એમની ષષ્ઠીપૂર્તિનો મહોત્સવ ઉજવાયો પ્રસંગે એમણે ભાષણમાં પણ, દલિત-પીડિત ને શ્રમજીવીના ઉદ્ધાર અને વિકાસની વાત અભિનિવેશપૂર્વક રજૂ કરી છે.

લેખનપ્રવૃત્તિ અને મહાગુજરાતના આંદોલનની ચળવળ જેવી ઇન્દુલાલને વરેલી બે મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓથી તેમના જીવનનો ઉત્તરાર્ધ ઊજળો બન્યો છે. કોઈ ને કોઈ સામયિક-વર્તમાનપત્રને વિષે તેમની લેખનપ્રવૃત્તિ તો છેક ૧૯૧૦થી આરંભાયેલી, પરંતુ ષષ્ઠીપૂર્તિ પછી કેટલાક મિત્રોના આગ્રહને વશવર્તીને તેમણે આત્મકથાલેખન આરંભ્યું એ તેમની પ્રથમ સિદ્ધિ. સારા એવા વક્તા-લોકનેતા, મોટા ગજાના દેશસેવક ને ગણનાપાત્ર પત્રકાર પછી એક સમર્થ લેખક-આત્મકથાકાર તરીકેનું તેમનું વ્યક્તિત્વ તેમની આત્મકથામાંથી ઊપસી આવે છે. ૧૯૫૫માં પ્રકટ થયેલા તેમની આત્મકથાના પ્રથમ ભાગ 'જીવનવિકાસ'થી માંડીને ૧૯૭૩માં સંપાદિત થઈ પ્રસિદ્ધ થયેલા 'છેલ્લાં વહેણ' નામના છઠ્ઠા ભાગ સુધીમાં, પોતાના ગતકાલીન જીવનનાં આત્મનિરીક્ષણ અને પરીક્ષણ ઉપરાંત, ભારતની આઝાદીની લડત અને તત્કાલીન સામાજિક પરિસ્થિતિનું પ્રસ્તુતીકરણ પણ થયું છે. અહીં આત્મકથાકારનું નીડર, નિખાલસ, સ્વમાની અને પુરુષાર્થી વ્યક્તિત્વ છતું થાય છે, તો સાથોસાથ સિત્તેરેક વર્ષના ગુજરાતના અને ભારતના રાજકીય-સામાજિક જીવનમાં ઉદ્‌ભવેલાં સંચલનોનો આલેખ પણ સાંપડે છે. આમ, ગુજરાતના જનજીવનની ગતિવિધિ દર્શાવતી તેમની આત્મકથા એ ગુજરાતને તેમનું મહામૂલું પ્રદાન છે.



જે સામયિકો સાથે તેઓ સંકળાયા હતા તેનાં મુખપૃષ્ઠો

આત્મકથા ઉપરાંત 'કુમારનાં સ્ત્રીરત્નો' નામના એમના પ્રથમ પુસ્તકમાં આપણા સમાજમાં સ્ત્રીઓને થયેલા અને થતા રહેલા અન્યાય પ્રત્યેની એમની સહાનુભૂતિ અને સ્ત્રીની શક્તિ વિશેની એમની શ્રદ્ધા પ્રકટ થાય છે, તો ગુજરાતના સમર્થ ક્રાન્તિકાર સ્વ. શ્યામજી કૃષ્ણવર્માનું જીવનચરિત્ર આપીને તેઓ એક ભુલાયેલા ક્રાન્તિવીરને ભારતની પ્રજા સમક્ષ પુનર્જીવિત કરે છે. 'આશા-નિરાશા', 'રણ સંગ્રામ', 'લાખા શેઠનું ભૂદાન' વગેરે જેવાં રાજકીય વિષયવાળાં કેટલાંક પ્રચારલક્ષી નાટકો પણ તેમની પાસેથી મળે છે. નાટક તરીકે ઊણાં ઊતરતાં હોવા છતાં પણ, તત્કાલીન સમસ્યાઓને વિષય બનાવીને લખાયેલાં તેમનાં નાટકો માર્મિક અને ચોટદાર અવશ્ય છે. એવી જ રીતે નવલકથા તરીકે ઓછું મહત્ત્વ આંકીએ તો પણ જેનું દસ્તાવેજી મૂલ્ય માતબર છે એવી મહાગુજરાતના

રાજકીય આંદોલનની પશ્ચાદ્ભૂમાં રચાયેલી 'માયા' જેવી નવલકથા પણ તેમની પાસેથી સાંપડે છે. તેમનાં આ પ્રકીર્ણ સર્જનને એક બાજુએ રાખીએ તો પણ, કેવળ આત્મકથાના છ ભાગ પણ તેમની સર્જક પ્રતિભાનો પરિચય આપવા માટે પર્યાપ્ત છે. અલબત્ત, ઈન્દુલાલે ક્યારેય સાહિત્યનું સર્જન ખાતર સર્જન કર્યું નથી. શું સામયિકોમાં કે શું સ્વતંત્ર રીતે, કેવળ નિર્હેતુક કે સ્વાન્તઃ સુખાય કશું લખવાનો તેમનો આશય જ નથી. તેમણે તો સ્વાતંત્ર્યસંગ્રામના શસ્ત્રરૂપે અને જીવનપાથેય પૂરું પાડવાના ઈરાદાથી જ શબ્દની આરાધના કરી છે.

ઈન્દુલાલની બીજી મહત્ત્વની સિદ્ધિ તે ૧૯૫૬માં મહાગુજરાતના આંદોલનનાં મંડાણ કરી ગુજરાતના અલગ રાજ્યની સ્થાપના અંગે તેમણે બુનિયાદી કાર્ય કર્યું તે છે. ગુજરાતના અલગ રાજ્યની માગણી અંગે શરૂઆતમાં સરકાર દ્વારા સારો એવો પ્રતિભાવ ન મળ્યો અને લોકમતનો અનાદર થતો જણાયો ત્યારે અમદાવાદમાં યોજાયેલી વડાપ્રધાન જવાહરલાલ નેહરુની સભાની સમાંતરે સભા યોજીને ઈન્દુલાલે જાગ્રત એવા જનમતની વડાપ્રધાનને સાબિતી આપી. આમ, મહાગુજરાતના આંદોલન દ્વારા તેઓએ સરકારને લોકમતના વહેણનો પરચો બતાવ્યો અને આને કારણે પ્રજાના હૃદયમાં તેઓ અત્યંત આદરણીય સ્થાન પામ્યા. મહાગુજરાત જનતા પરિષદના પ્રમુખ તરીકે પણ તેઓ ચૂંટાયા. તેમના તથા અન્ય શહીદોના અથાગ પ્રયાસોને પરિણામે ૧૯૬૦માં ગુજરાતના અલગ રાજ્યની રચના થઈ. મહાગુજરાતના ઐતિહાસિક આંદોલનની વિસ્તૃત કથા તેમણે તેમની આત્મકથાના અંતિમ ભાગમાં વિગતે વર્ણવી છે.

ઈન્દુલાલના આયુષ્યનો અંતિમ દાયકો પણ સમાજસેવામાં, વિશેષ કરીને જનસામાન્યની સેવામાં, પસાર થયો. અમદાવાદમાં મિલકામદારોને તેઓએ સંગઠિત કર્યા, તો મોંઘવારીના વિરોધમાં ચાલેલા આંદોલનની આગેવાની પણ લીધી. ૧૯૬૭ની ચૂંટણીમાં તેઓ જનતા પરિષદ તરફથી લોકસભામાં ચૂંટાયા, તો ૧૯૭૧ની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે પણ ચૂંટાઈ આવ્યા.

જીવનના અંતકાળે ભીષ્મ પિતામહની માફક ઈન્દુલાલે પણ મૃત્યુશય્યા પર સૂતા સૂતા કાળદેવના સાથે સતત સંઘર્ષ ખેલેલો. આયુષ્યના અંતિમ ૮૨ દિવસ સુધી બેહોશ રહીને યમદૂતની સામે સતત ઝઝૂમ્યા બાદ આ 'શ્રીમંત નગરીના ફકીર નેતા' ૧૭મી જુલાઈ ૧૯૭૨ના રોજ નશ્વર દેહ છોડીને અનંતની યાત્રાએ ચાલી નીકળ્યા.

સ્પષ્ટવક્તૃત્વ, સિદ્ધાંતનિષ્ઠા, ત્યાગવૃત્તિ, સેવાવૃત્તિ અને સાદગી એ ઈન્દુલાલની વ્યક્તિમત્તાના આગવા ગુણો છે. સોંસરવી ઊતરી જાય એવી વેધક એમની વાણી કોઈની પણ શેહશરમમાં આવ્યા વિના ને સહેજ પણ દંભ કે ઠાવકાઈ લાવ્યા વિના પોતાને જે કહેવું હોય તે સ્પષ્ટ રીતે કહીને જ તેઓ જંપે. મોટેભાગે મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલના વિચારોને સમર્થન આપતા હોવા છતાં, વિચાર અને વાણીએ ઉદ્દામવાદી એવા ઈન્દુલાલે કેટલીક વખત ગાંધીજી અને સરદાર પટેલનાં વિચારો અને વલણોનો વિરોધ પણ કરેલો. જો કે ક્યારેક ખોટા વિરોધ થઈ ગયાની પોતાને પ્રતીતિ થાય તો તરત જ ભૂલ સુધારી લેવાની ખેલદિલી પણ એમનામાં ખરી. રેંટિયા અને ખાદી માટેના ગાંધીજીના આગ્રહનો જાહેરમાં વિરોધ નોંધાવ્યા પછી પોતાની ભૂલ સમજાતાં એનો સ્વીકાર કરી ગાંધીજીની આ પ્રવૃત્તિને તેમણે સમર્થન પણ આપેલું. એવી જ રીતે સરદાર પટેલ નાયબ વડાપ્રધાન બન્યા એ વખતે ઈન્દુલાલ દિલ્હીમાં તેમને મળવા ગયા. બંને મળ્યા, ભાવથી ભેટ્યા, વાતો કરી છૂટા પડ્યા. આ વખતે એક ભાઈએ ઈન્દુલાલને પૂછ્યું 'મતભેદ મટ્યા?' આના પ્રત્યુત્તરમાં ઈન્દુલાલે પોતાના આગવા મિજાજમાં કહ્યું, 'મતભેદ એવા ને એવા સલામત છે, પણ આપણો જણ જ્યારે નાયબ વડાપ્રધાન બન્યો ત્યારે તેને અભિનંદન આપવાનો વિવેક આપણાથી ન ચૂકાય.' આ પ્રસંગ પણ ઈન્દુલાલના ખેલદિલ અને વિવેકપૂત વ્યક્તિત્વનો પરિચય કરાવે છે.

ઈન્દુલાલની ત્યાગભાવના અને નિઃસ્પૃહ વૃત્તિ આજના સત્તાલોલુપ રાજકારણીઓ માટે દૃષ્ટાંત સમાન છે. મહાગુજરાતના આંદોલનના તેઓ અગ્રણી હતા. ઘણા સંઘર્ષને અંતે મહાગુજરાતના અલગ રાજ્યની સ્થાપના પણ થઈ. ગુજરાતના અલગ રાજ્યની ચળવળના પાયામાં રહેલા આ માણસને કોઈ સારું પદ આસાનીથી મળી શક્યું હોત, પણ પદપ્રાપ્તિની વાંછનાથી પર એવો અલગારી આ જીવ તેનાથી સદા દૂર જ રહ્યો.

ગાંધીજી જે સાદગીના આગ્રહી હતા, તે સાદગીનું જીવતુંજાગતું દૃષ્ટાંત ઈન્દુલાલ હતા. ખિસ્સામાં શિંગચણા કે પાંઉનો ટુકડો રાખીને ફરતા, ભીલપ્રજાની વચ્ચે મકાઈનાં પાનીઆં ખાઈને કે ખેડૂતોની સાથે મરચું અને મકાઈનો રોટલો ખાઈને ચલાવી લેતા. સહેજ પણ સંકોચ રાખ્યા વિના રેલવે સ્ટેશનના બાંકડા પર સૂઈ જતાં ઈન્દુલાલ અદના આદમીના હૃદયમાં પણ અનન્ય સ્થાન પામી શક્યા એની પાછળનું કારણ તેમણે કરેલી સમાજની સેવા ઉપરાંત તેમની સાદાઈ પણ છે. એવી જ રીતે આ મહામાનવ 'હું તો ઝૂંપડાનો માનવી છું કે ત્રીજા વર્ગની જનતાનો માણસ છું' એવી પોતાની ઓળખ આપીને, પોતાની જાતને ઝૂંપડાની પ્રજાની પડખે મૂકી આપે છે. એમાંથી પણ એમની સાદગીપૂર્ણ જીવનરીતિ અને વિનીત પ્રકૃતિની પ્રતીતિ થઈ શકે છે.

આવી ગુણસમૃદ્ધિ ધરાવતા સ્વાતંત્ર્ય-સંગ્રામના અગ્રણી, ગુજરાતના નવજીવનના સ્વપ્નદ્રષ્ટા, શોષિત સમાજના પક્ષકાર, પત્રકાર, સાહિત્યકાર અને સાચા અર્થમાં પરિવ્રાજક એવા ઈન્દુલાલ યાજ્ઞિકની જન્મશતાબ્દીના પર્વે, તેમની ભાવનાઓ અને પ્રવૃત્તિઓનું જતન અને સંવર્ધન કરવાનો સંકલ્પ કરીને જ તેમને સમુચિત અંજલી આપીએ. □

અનુસંધાન] અમોઘ આમંત્રણનું અદ્ભુત ગીત [પૃ. ૨૯૯ પરથી
સાતેય ક્રામ પડતાં મૂકીને કેમ્પસ પાસેની સદાસલિલા સરિતા તરફ વહી નીકળવાનું. ને ત્યારે કેટલીયે વખત પુષ્પવૃષ્ટિ સમા ધીરી ધારે વરસતા ઝરમર વરસાદથી માંડી જંગલના એક છેડેથી બીજે છેડે સાંકેતિક સંદેશો પહોંચાડવા ઢોલ પર તડામાર દાંડી પીટતા આદીવાસીની જેમ વિશિષ્ટ નાદલય સાથે ઊમટતા વાઝડીભર્યા વરસાદનો ભેટો થઈ ગયો છે. આજે, ઘણા લાંબા સમય પછી ઊમટેલા વરસાદને ઝીલતાં એ સૌ મિત્રોની સ્મૃતિ ચિત્તમાં તાજા દૂર્વાંકુરોની જેમ ફરીથી કોળી ઊઠી છે. ને વૃષ્ટિસૌંદર્યથી પરિતૃપ્ત હૃદયમાં 'તેહીનો દિવસાઃ ગતાઃ'ની એક આછી વ્યાકુળતાભરી લહેર દોડી જાય છે." □

પહાડોમાં મારું ઘર છે

— કંદર્પ ર. દેસાઈ —

સેતુ જ્યારથી પાછો આવ્યો છે ત્યારથી- એક વાક્ય પૂરું કરી શકતું નથી. તે બદલાઈ ગયો છે તે ચોક્કસ, પણ તેને કોઈ એક બીબામાં ઢાળી શકાય એમ નથી. તેની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા બાંધી શકાતી નથી. તેથી વિધાન પૂરું કરવામાં ખચકાટ થાય છે. મધુનો આ વિચાર બતાવે છે કે તે સેતુ પ્રત્યે પક્ષપાત દાખવે છે અને સેતુ એ માટે યોગ્ય પણ છે. માત્ર મધુ જ નહિ, સેતુનાં ઘણાં પરિચિતો એવું અનુભવે છે કે આ સેતુ તે નહિ જે ગયો હતો. અથવા સેતુ તો હજી પાછો આવ્યો જ નથી ને હિમાલયમાં જ રોકાઈ ગયો છે!

કોઈ સ્થળ સાથેની પ્રીતિ, આકર્ષણ કે તેના વિશેની સ્મૃતિ એ કોઈ નવી બાબત નથી. રોજિંદા જીવનથી દૂર વીતેલી એ ક્ષણો ચિરકાલ સુધી ભીતરમાં વસે છે, જાણે કોઈ બીજો જ લોક! પણ સેતુની વાતમાં તો જુદું જ થયું છે. એ પોતે જ પેલા બીજા લોકમાં ચાલ્યો ગયો છે. એની વાતો ખૂટતી જ નથી ને જ્યારે ન બોલે ત્યારે યે એના ચહેરા પર તે તરી આવે છે. હરિયાળાં બરફીલાં શિખરો ને ખીણ સમેતનો આખો ય હિમાલય! શું ભવ્ય લાગે છે એની ભાવમય મુખાકૃતિ! મધુને કશુંક બોલવાનું મન થાય છે, પણ એ અટકી જાય છે, એટલા માટે કે, ક્યાંક સેતુની ભાવસમાધિ તૂટી જશે. એમ તો મધુ પણ સાથે હતો, માત્ર એ જ નહિ, ખાસ્સાં આઠદશનું જૂથ ગયું હતું.

પરીક્ષાઓ પૂરી થઈ હતી અને ઉનાળાની આકરી ગરમીથી સૌ પરેશાન હતાં. 'કશુંક રચનાત્મક, રાહતદાયક થઈ જાય!' એવો વિચાર રમતો મુકાયો. સંજય પહેલાં ખબર લઈ આવ્યો ને પછી શોધી લાવ્યો કે હિમાલયમાં દર વર્ષે ટ્રેકિંગ થાય છે. ખૂબ રફટફ રસ્તો અને પહાડો ચઢવા-ઊતરવાના ને ઠંડી તો એવી સખત કે... 'નક્કી, ચાલો જઈશું' એકઅવાજે બધા બોલી ઊઠ્યાં અને સૌ નીકળી પડ્યા કુલુમનાલી જવા. ત્યારે પણ સેતુ ગંભીર ન હતો. ચહેરા પર જ નહિ એના મનમાં પણ એવા ભાવો હતા કે જાણે ઉત્કંઠેશ્વર પિકનિક પર જવાનું હોય! બસ, જઈશું. પહાડો ચઢીઊતરીને પાછા આવીશું અને પછી એ જ રોજિંદી જિંદગી- ખાણીપીણી અને સાંજની મુલાકાતો, ગપસપ.... ખરેખર તો એના આ બદલાયેલા સ્વભાવનો ખ્યાલ ઘણો વહેલો આવવો જોઈતો હતો. વહેલો એટલે ત્યાં પહોંચ્યા તે જ દિવસે! દિલ્હીથી બસમાં બેઠા ત્યારે તો સાંજ હતી. રાત તો બસમાં વિડીઓ ફિલ્મ્સ જોતાં, સૂતાં, વાતો કરતાં એમ જ વીતી ગઈ હતી. ખબર જ નહોતી પડી કે બસ ક્યાં ક્યાં થઈને પસાર થઈ રહી છે. બસ જાય છે, ગતિમાં છે એટલું જ. એટલે કુલુ આવતાં સુધી તો ઠીક, એમ જ વીત્યું.. કુલુમાં અજવાળું દેખાવા લાગ્યું ને સાથે જ હિમાલયનો જાદુ યે પથરાવા લાગ્યો. સહેજસાજ ઠંડી, ઊંચા પર્વતો, બિઆસનો જળપ્રવાહ: બધું અદ્‌ભુત લાગતું હતું. સૌ કંઈ ને કંઈ વાત કરી રહ્યું હતું, પણ સેતુ ચૂપ હતો, સાવ ચૂપ. એના સ્વભાવવિરુદ્ધ. જાણે નજરોથી આખાં ને આખાં દૃશ્યો અંદર ઉતારે જતો હોય અથવા કંઈ એવું શોધી રહ્યો હોય જે આ પહેલાં કદી જોયું જ ન હોય. અરે! એ વસ્તુ કઈ રીતે મળે જે કદી જોઈ જ ન હોય? એ તો સેતુને પૂછો - પણ ત્યારે તો બધાએ સાવ દુર્લક્ષ જ સેવેલું. સૌ પોતાનામાં જ એવા ડૂબ્યા હતા કે બીજાને જોઈ જ ન શક્યા. ફેર માત્ર એટલો પડ્યો કે બીજા બધા બહાર નીકળી આવ્યા અને સેતુ નહિ.

આજે સેતુની વાતોમાં, સ્મૃતિમાં, આંખોમાં હિમાલયની તાજગી તેવી જ છે જેવી પહેલાં હતી. એક દિવસ મધુને કહે:

'મધુ, ચાલ તને થોડી કવિતા સંભાળવું!'

આ તો ભારે નવાઈ! સાહિત્યના નામથી ભડકતો સેતુ વળી કવિતા લખાવા માંડ્યો! મધુને આશ્ચર્ય વ્યકત કરવાની કોઈ તક આપ્યા વિના ખેંચી ગયો. કવિતા જેવું સુંદર વાતાવરણ, અગાશીનો એક ખૂણો જ્યાં આંબા અને લીમડાને સ્પર્શી શકાય છે. સેતુના અવાજમાં સાંભળવી ગમે એવી એ રચનાઓ છે. એની એક કવિતામાં એવું હતું કે આ બરફીલાં હિલ સ્ટેશનો એટલા માટે હિલ સ્ટેશનો બની જાય છે કે તે સીઝન પૂરી થતાં ચાલ્યાં ગયેલાં પ્રવાસીઓની સ્મૃતિને બાકીનો આખો સમય તાજેતાજી સાચવી શકે, અને એના સહારે આગામી ઋતુના પ્રતીક્ષાના દિવસો પૂરા થાય. મધુને પ્રશ્ન એ થાય છે કે, સેતુએ કઈ રીતે સાચવી છે આ તાજગી? ના કોઈ બરફ છે, ના કોઈ ....

રોજ સાંજે મધુ અને સેતુ ફરવા જાય છે, અલગ અલગ રસ્તાઓ પર મૂક સંવાદની જુગલબંધી માણતા રસ્તો કપાતો રહે છે. એ ગમે પણ છે! આજે શહેરના નવા વિકસતા ભાગ તરફ ચાલ્યા. જમીનના એક ખાલી ટુકડા પર બહુમાળી મકાન બંધાઈ ગયું છે. અચાનક સેતુએ પૂછ્યું :

'મધુ, તને યાદ છે અહીં ગરમાળાનાં બે-ત્રણ વૃક્ષો હતાં?'

'હા! એનાં પીળાં ફૂલોનાં ઝુમ્મર કેવાં સરસ લાગતાં...'

મધુ પૂરું બોલી લે તે પહેલાં તો સેતુ શોરૂમ તરફ ચાલી નીકળ્યો ને મધુ એની પાછળ ઘસડાયો. જઈને એ શોરૂમના માલિકને કહે, 'તમે કેવું મોટું પાપા કર્યું છે તેની ખબર છે? અને પાપ કર્યું તો કર્યું એનું પ્રાયશ્ચિત્ત કરવાનું સૂઝે છે ખરું? અનન્તભાઈ તો હક્કાબક્કા ! તુરત તો કોઈ પ્રતિક્રિયા ય ન આપી શક્યા. એમની એ સ્તબ્ધતાનો લાભ લઈને કે પછી આવેશ હોય, સેતુ તો બોલતો જ રહ્યો; 'વૃક્ષો કાપી નાખ્યાં. એક નહિ ત્રણ-ત્રણ. કેવાં ભર્યાં ભર્યાં અપાર શોભાયમાન! એનો તો કોઈ પસ્તાવો જ નથી. આગળ આટલી ખુલ્લી જમીન છે ત્યાં નવાં વૃક્ષો ઉગાડી શક્યા હોત, પણ ત્યાં તો પથ્થરો પાથરી દીધા. એ જ તો છે આપણા હાથમાં, આપણા ભવિષ્યમાં...'

મધુ તેને શાંત કરવા મથે છે. કહે છે : 'ચાલ આવું શું કહે છે?' અને અનન્તભાઈની સ્તબ્ધતા અકળામણમાં ફેરવાઈ ગઈ છે. એ કહી પણ શું શકે? સેતુ કંઈ ઉઠાવગીર થોડો છે? એ હુમલાખોર પણ નથી. માત્ર એ તો કોઈક કૃત્ય તરફ આંગળી ચીંધી બતાવે છે.

ભભકાદાર ઝળહળતા શોરૂમને તેઓ ભોંઠી નજરે જોઈ રહ્યા. જો કે હવે તે બચાવ માટે પ્રયત્નશીલ છે. ગણગણતા હોય એમ કહે છે:

'મેં થોડાં ઝાડ કાપ્યાં છે? જેણે મકાન બાંધ્યું છે તેને કહો.'

પણ મકાનનો ઉપયોગ કોણ કરે છે? તમે ...' વધતા જતા આ વિવાદને અટકાવવા મધુએ હવે સેતુનો હાથ જોરથી પકડી રીતસર ખેંચ્યો. એ ખેંચાતો આવ્યો, પણ એની રોષમુદ્રા હજી ઓસરી નથી. ચહેરા પર લોહી ધસી આવ્યું છે. અવાજમાં ઉગ્રતા છે. ટી. વી. પર દર્શાવાતી જાહેરાતો સામે પણ રોષ વ્યકત કરે છે : "આમ તો કેવું સરસ પ્રતીક છે ! એક સુંદર મલકતા વૃક્ષ પર અચાનક કુહાડીનો ઘા થાય અને વૃક્ષ મરણોન્મુખ. ચીસ પાડી ઊઠે. વૃક્ષ આપણાં મિત્રો છે, તેમની હત્યા ન જ થાય. ત્યાં સુધી તો બરોબર છે. પણ વળી પાછું નીચે એક વાક્ય -'ને આપણને ઘણું આપે છે!' એટલે વાત તો આવીને અટકી લેવડદેવડ પર, સ્વાર્થ પર ને! આ તો નર્યો સ્વાર્થસંહિતાનો પ્રચાર થયો."

મધુ તો સેતુને સાંભળી લે છે, તેની વાતોમાં રહેલા તથ્યને સમજી શકે છે. પણ તેનો આગ્રહ સમજી શકતો નથી. વિચારે છે, 'અનન્તભાઈની જગ્યાએ હું હોત તો મારો ય કોઈ જુદો પ્રતિભાવ ન હોત. વિકાસની જરૂરિયાત છે. કશુંક ટકે, કશુંક નહિ. આપણે કંઈ જંગલયુગનાં માનવી થોડાં છીએ કે વૃક્ષોને પકડી બેસી રહીએ! અને રહી વાત પ્રચારની. તો જે રીતે સમજાવી શકીએ તે રીત ઉપયોગમાં લેવામાં ખોટું શું છે? પણ આ એ સેતુ નથી જે પહેલાં હતો. એ સેતુ તો નૉર્મલ હતો. સરળ, એક ને એક બે જેવું ચોક્કસપણે કહી શકીએ તેવો. ના કોઈ વિશેષ અભિરુચિ, ના શૉખ. ગુલાબનું ફૂલ ગમ્યું તો તોડી લીધું. સૂંઘ્યું, બેચાર જણને બતાવ્યું ને પછી પાંદડીઓને છુટ્ટી કરી ખાઈ ગયો કે ઉડાવી મૂકી. પણ હવે તો સેતુ એક તણખલાને ય તોડવા માગતો નથી. બળેવના દિવસે જનોઈ બદલતાં પહેલાં પપ્પાએ દર્ભ તોડી લાવવા કહ્યું. એનો વિરોધ કરતાં સેતુ કહે : 'આ તો વનસ્પતિનો દુરુપયોગ થયો કહેવાય.' સાંભળીને અજયે તો કહ્યું પણ ખરું ,'ગાંડો થઈ ગયો છે ગાંડો."

સેતુ વાતવાતમાં હિમાલયપ્રવેશ કરી શકે છે. એ વિચારી રહ્યો છે કે, લીલીછમ ધરતી, અજોડ ઊંચાઈ, અદ્‌ભુત ખીણો, બરફ, નદી, નાનામોટા ખડકો, ઝરણાં, જળધ્વનિ, ચીડ ને સફરજનનાં વૃક્ષો, પથ્થર ને લાકડાંનાં મકાનો, પંખીઓ, ગાય, ઘેટાં, માણસો- આ એવા થોડાક જ શબ્દો છે જેને હું એવાં રંગોની જેમ ઉપયોગમાં લેવા માગું છું જે પીંછીએ પીંછીએ અલગ રંગછટા પ્રસરાવે, મારા વાક્યેવાક્યમાં અદ્‌ભુત નિખાર લાવે, જે મેં જોયું છે કે અનુભવ્યું છે તેને તાદૃશ કરું એ તો કલ્પનામાત્ર છે. એનેતાદૃશ તો હું તો જ કરી શકું જો હું ફરીથી જોઈ શકું. આ નગરમાં તેને તાદૃશ કરું તો હું તો જ કરી શકું જો હું ફરીથી જોઈ શકું. આ નગરમાં બેસીને એમ કરવું માત્ર એક જ રીતે સંભવે છે, સમરણથી. સતત કામમાં રહું છું અને તો યે મનોમન એ બધું જ લહેરાયા કરે છે. કેવું સરસ! જરાક પણ સારું જોતાં, થતાં તરત જ આ ઉદ્‌ગાર સરી પડે છે, ત્યારે થાય છે આ હું નથી બોલ્યો, મારી અંદર જે સૌંદર્ય આવી બેઠું છે તે બોલી રહ્યું છે.

બધા કહે છે કે હું ખૂબ બદલાઈ ગયો છું. કેટલાક તો વળી પાગલ પણ કહેતા હશે. મને તો આવી કોઈ વાતનો પ્રતિવાદ કરવાનું મન થતું નથી. એના કરતાં હિમાલયની સ્મૃતિકથા કહેવી વધુ રસપ્રદ લાગે છે, સમયનો સદ્‌ઉપયોગ તો કર્યો ગણાય. ઝરણાં, નદીનું શ્વેતોજજવલ જલ, પ્રગાઢ જંગલો, પહાડીઓના ચમકતા નિર્દોષ ચહેરા, વિશ્વાસથી ભરીભરી નજરો. લગભગ આવા જ હતા આપણે. કદાચ પહાડ ન હતો. કે ન હતો બરફ. ગાઢ જંગલ પણ નહીં હોય. પરંતુ નિર્દોષ ચમકતા ચહેરા જરૂર હતા, વિશ્વાસ હતો, સલામતી તો હતી જ. આ હતા આપણે, અને આજે છીએ તે કોણ? ગળાકાપ સ્પર્ધા, નાનીનાની ઈર્ષ્યામાં જીવતા લીલી ઇયળો જેવાં, પ્રદૂષિત હવા અને પાણીની ગંધથી રજોટાયેલાં, પોષાયેલાં. બદલાયું કોણ છે? હિમાલયની હવાના સ્પર્શે તો મારી ઉપરથી એ આવરણ ખસી ગયું, જે વર્ષોથી આ નગરે મને ઓઢાડ્યું હતું. ના, પૂરેપૂરો આવરણહીન ક્યાં થયો છું? હજીયે હું તો બંધાયેલો જ છું, આ નગર-સંસ્કૃતિના પાશમાં.

મધુને મારા માટે સદ્‌ભાવ છે. એ મને સમજવાની કોશિશ કરે છે. ચીંધી બતાવે છે કે હું ક્યાં ક્યાં બદલાયો છું. મારો પ્રતિભાવ કેવો હતો અને કેવો થઈ રહ્યો છે. એનું નિરીક્ષણ અદ્‌ભુત છે! મને તો ખ્યાલ જ નથી કે હું આમ હતો અને આમ થયો! મારા માટે તો બહુ સહજ છે. પહાડોનો વિયોગ મારાથી સહન થયો નહતો. આંખો ઝરી ગઈ હતી, રોકાઈ જવાનું મન થયું હતું, પણ આખરે આવી જ ગયો ત્યારે એની બિલકુલ પીડા નથી. છે માત્ર આનંદ. તારા મિલનને માણ્યું તો હવે માણી રહ્યો છું તારો વિરહ! મારી આ ભાષા! મધુ કહે છે, 'તું તો જાણે એવી રીતે વાત કરે છે જાણે કે હિમાલય કોઈ માનવરૂપ લઈ તારી સમક્ષ ઊભો હોય...!'

'કદાચ એવું જ છે, અથવા .... અથવા ...'

'કોઈ એવું પણ છે જે તને હિમાલય જેવું જણાયું હોય?' સ્મરણશકિતને સ્હેજ વધુ કસીને મધુ કહે છે,' અરે! પેલો વિક્રમ તો નહિ? તમારે બેઉ ને સારું બનતું.?'

સેતુનો આ વાતમાં ય કશો પ્રતિભાવ નથી. ક્યારેક મૌન જ ઉત્તમ હોય છે. શંબ્દો એ વ્યકત નથી કરી શકતા જે કહેવું છે, જે અનુભવ્યું છે. આ હિમાલય જ લો! કોણ એને શબ્દોમાં ઉતારી શક્યું છે? મધુ ક્યાંકથી કાકાસાહેબના શબ્દો શોધી લાવ્યો. મોટેથી વાંચી સંભળાવે છે: 'હજુ પણ કોઈ હિમાલયની વાત કાઢે અને સાસરામાં રહેતી વહુ પિયરની વાત સાંભળી જેટલી રાજી થાય તેટલો આનંદ થયા વગર રહેતો નથી.'

આગળ પણ એ કશું ક બોલી રહ્યો છે. પણ સાંભળે છે કોણ? હું તો પહોંચી ગયો છું ત્યાં, મેં જોયેલા હિમાલય પાસે. એ કઈ ક્ષણ હતી જ્યારે તે અચાનક મને મારા શ્વાસ જેટલો પોતીકો લાગ્યો? બધી જ ક્ષણોમાં એમ થયું છે. મનાલી પહોંચ્યા પછી એક પણ ક્ષણ એવી નથી વીતી કે હું હિમાલયના જાદુ હેઠળ ન હોઉં! જાણે આ જ મારું ઘર. એવું લાગ્યું કે મારું ખોળિયું જે શોધતું'તું તે પ્રાણ મને મળી ગયો. એમાં કોઈ વ્યકિતનો હાથ ખરો? એક યાદ છે વિક્રમ. શતરંગી વ્યકિતત્વ. એવું લાગે છે જાણે હિમાલય મને માનવદેહ લઈ મળવા આવ્યો હતો. દેવતાઓ કદાચ આમ જ જન્મતા હશે કે? સાવ અલગારી છે એ. એટલી બધી હળવાશ છે એનામાં કે- જાણે નર્યો સુગંધરૂપ. મેં કહેલું:

'તને ખબર છે તું કેટલો સરસ છે?'

'હા, જેટલી તારી નજર સરસ છે તેટલો.' અને પછી એવું મહેકતું સ્મિત, જાણે દડી પડ્યું કોઈ ઝરણું.

'તો પછી તને એ પણ ખબર હોવી જોઈએ કે...'

'ના. ન બોલીશ. કશુંક ગોપન રહે તો ય શો વાંધો? એ રહસ્ય પણ સૌંદર્યમંડિત છે ને?'

આવો એ. ક્યાંય કશેથી પૂર્ણ નહીં, પણ બધેથી ભર્યોભર્યો. એ વહેતા ઝરણાને એ રીતે જોઈ રહે છે, જાણે એકમગ્ન થઈ કોઈ કવિતા સાંભળી રહ્યો હોય. પાઈનની હળવી મજેદાર સુગંધ તરફ ધ્યાન દોરી મને કહે, ' જોયું?'

સાથે ચાલીએ છીએ - પર્વતો પર, કેડીઓ પર, પથ્થરો પર, જંગલની વચ્ચે થઈ, ઝરણાંઓ ઠેકતાં જઈ, હિમાલયનાં પંખીઓની સિસોટી સાંભળતાં, રમણીય ઘાસફૂલોની મહેંક માણતા માણતા. આખાય વાતાવરણને એવી રીતે શ્વસીએ છીએ જાણે અમૃત આસ્વાદતા હોઈએ. કશુંક નવું સુંદર વિસ્મયપૂર્ણ જુએ તો એ મને બતાવવાનું ચૂકતો નથી, ને એમ જ હું પણ. માત્ર દિવસ જ નહીં, રાત પણ એટલી જ સુંદર અને ભવ્ય છે જેટલા ભવ્ય આ પહાડો છે. હું સુખથી છલછલ થાઉં છું. હિમાલયનાં સાન્નિધ્યમાં હોવાનું સુખ, વિક્રમનું પાસે હોવાનું સુખ : કેવું અપૂર્ણ છે આ બધું, જાણે હું નિહાળી રહ્યો છું આ પહેલાં કદી ન જોયેલાં રૂપે.

દિવસો વીતતા ચાલ્યા. સેતુ પણ હવે થોડો સ્વસ્થ જણાય છે. પરીક્ષાનું પરિણામ સરસ આવ્યું હતું. ડિગ્રી મળી ગઈ એટલે હવે નોકરીની શોધ. બીજોત્રીજો ડિપ્લોમા કે સર્ટિફિકેટ કોર્સ અને રોજ લાઈબ્રેરીમાં જઈ છાપાંઓ ઉખેળવાં, જોયાં કરવાં, કશુંક યોગ્ય કામ જણાય એટલે તે નોંધી લેવું, ઘરે આવી અરજી કરવી. સેતુ કહે છે :

'મને આ નથી ગમતું.'

'તો શું ગમે છે?'

'આ વળી શું? આપણી યોગ્યતા, તે ય પાછી ડિગ્રીની યોગ્યતા જ જોવાની! આપણા રસરુચિનો ખ્યાલ જ નહિ રાખવાનો?'

'અરે ભાઈ, નોકરી કાંઈ શૉખ થોડો છે ? 'હા પણ કંઈક ગમતું કામ હોવું જોઈએ ને! મને હવે એ વાતની જરાય નવાઈ નથી લાગતી કે પાનના ગલ્લે, શેરીના નાકે, મંદિરોના દરવાજે કેમ આટલી બધી ભીડ થાય છે? કંટાળેલો માણસ આખરે ક્યાં જઈ અટકે?'

આ કયો સેતુ છે જે પાનના ગલ્લાને અને મંદિરને એક વાક્યમાં વિચારે છે? મધુ કંઈ જવાબ આપે તે પહેલાં એક ખૂણામાં છપાયેલા સમાચાર બતાવતા કહે, 'વાચ્યું તેં? જો આ આપણી સરકાર. કશુંક આંખને ગમે તેવું તો ટકવા જ દેવું નથી. શહેરની વચ્ચે આવેલા તળાવની આસપાસના લીલાછમ વિસ્તારનો ધંધાકીય ઉપયોગ કરવા મંજૂરી આપવામાં આવી છે. 'છટ્' કહી, અણગમાથી એણે છાપું બાજુ પર નાખ્યું.

'ચાલ, થોડી ચા પી આવીએ.'

આ એક વાત જળવાઈ રહી છે. ચા પીવી એને પહેલાં ય ગમતી, આજે ય ગમે છે. પણ મધુને એ વાત ન સમજાઈ કે પેલા સમાચારમાં નાખુશ થવા જેવું શું હતું? કેવડો મોટો વિસ્તાર છે એ? હા, થોડાં ઝાડવાં કપાશે. લાગે છે આ જ એને વાંધાજનક બાબત લાગી હશે! મધુ મનોમન સંવાદ કરી રહ્યો છે : 'પણ એમાં આપણે શું કરી શકીએ? વિકાસ કંઈ એમ ને એમ થોડો થાય છે? ક્યાંક કશાકનો ભોગ તો લેવાય જ ને? વૃક્ષો માટે એટલો બધો ખ્યાલ હોય તો તેને માટે અલગ ઝોન ઊભો કરો.'

'એટલે આવતીકાલે જ્યારે એ જગ્યા શહેર વચ્ચે હોય ત્યારે તેને પણ નષ્ટ કરી શકાય!' કોણ બોલ્યું એ? મધુ ચોંકી ગયો. અંદરથી આવતો અવાજ શું આટલો પરેશાન કરનારો હોય છે? તેણે વિચાર્યું.

પરંતુ સેતુની અકળામણ પણ હવે મધુથી સહેવાતી નથી. ત્રણ દિવસ પહેલાં વાંચેલા એ સમાચારે હવે સેતુને પૂરેપૂરો ભડકાવ્યો છે. મધુ એને સમજાવે છે, 'તું આમાં શું કરી શકીશ? સરકાર સુધી વાત પહોંચાડવી એટલું બસ નથી. તે વાત સંભળાવી પણ જોઈએ અને એનો પ્રતિભાવ પણ મળવો જોઈએ. એ તો ત્યારે જ મળે જ્યારે 'માસ'નો સપોર્ટ હોય. અખબારો, પ્રજામંડળો, સમિતિઓ ને વગદાર માણસો બધાંને સમજાવવા પડે ત્યારે થાય. કામ લાંબું છે, ધીરજ માગી લેનારું છે!'

સેતુનો ચહેરો વ્યથાપૂર્ણ છે. એ ધીમેથી પણ સ્પષ્ટતાથી કહે છે : 'મધુ! આ ઘટના કંઈ પહેલી ઘટના નથી. શહેરમાં પર્યાવરણીય વિસંવાદ જગાવતી બે-ત્રણ ઘટનાનાં તરત જ પ્રત્યઘાતો ઊઠ્યાં હતા. રાતોરાત આ આપણી જ સોસાયટીમાંથી લોકો એકઠા થયાં હતાં અને લડત-સમિતિ બનાવી હતી. 'અને એ અટકી ગયો. અને હવે આ તળાવ. એ ક્યાં અમીરોનો વિસ્તાર છે? ભલેને ગરીબો હેરાન થાય. તળાવ છે ને ગંદું થાય કે કંપાઈ જાય કે... ને જાગૃતિ કંઈ એકવારની વાત થોડી હોય છે? એ તો સતત રહેતી વસ્તુ છે. જે ક્યારેક બોલે અને પછી ચૂપ રહે તે સ્વાર્થહિતની વાત જોનારો કહેવાય, દંભી કહેવાય. વિચાર તો અંશનો નહિ સમગ્રનો કરાય. હું આની સામે લડીશ.'

'સેતુ! તું કઈ રીતે લડીશ,? સાવ એકલો?'

'એ તો મને ય નથી ખબર. પણ હું એકલો નથી. મારી અંદર પ્રવેશેલી સૌંદર્યે જગાવેલી હિંમત મારી સાથે છે.' બોલતાં બોલતાં સેતુનો ચહેરો જળહળી ઊઠ્યો.

'સેતુ.' મધુના સ્વરમાં સ્હેજ ભીનાશ આવી ગઈ. કહે, 'તું જે કંઈ પણ કરે એમાં મારો પૂરો સહકાર હશે.'

સેતુની આંખોમાં એક ચમક આવી અને સ્મિત લહેરાયું, જાણે સુગંધભર્યું મોજું ઉછાળ્યું.

પછીના કોઈ એક દિવસે નગરના સૌથી વધુ ભીડભાડભર્યા રસ્તાના ચૌરાહા પરથી પસાર થતાં નગરજનોએ અજબ કૌતુક નિહાળ્યું, સેતુ લીલા રંગનાં વસ્ત્રોમાં વૃક્ષની જેમ ખોડાઈને ઊભો હતો. જોરથી હવા વહે ત્યારે માત્ર ડાળની જેમ તેના હાથ હાલતા હતા. સાથે મધુ હાથમાં સાઈન બોર્ડ ઝાલી ઊભો હતો, જેમાં પોતાનો ઉદ્દેશ સમજાવતાં લખ્યું હતું : 'અમે પણ તમારી જેમ નગરવાસી થયાં છીએ. અમને જીવવા દો.' □

રાજકારણમાં ધૃણાજનક કશું જ નથી.....

વિનોદ ભટ્ટ

સ્તાલિને પોતાના છેલ્લા દિવસોમાં બે પત્રો ક્રુશ્ચોફને આપતાં કહ્યું હતું : 'જ્યારે તમારી કોઈ નીતિ નિષ્ફળ જાય ત્યારે પહેલો પત્ર ખોલજો, અને તમારી પોતાની સ્થિતિ ભયમાં આવી પડે ત્યારે બીજો ઉઘાડજો.'

રશિયાનું અર્થતંત્ર સાવ ખાડે ગયું ત્યારે ક્રુશ્ચોફે પહેલો પત્ર ફોડ્યો. તેમાં લખ્યું હતું : 'મારા માથે દોષનો ટોપલો નાખી દો...' ક્રુશ્ચોફે દેશની આવી આર્થિક પરિસ્થિતિ માટે સ્તાલિનને જવાબદાર ઠેરવ્યો. અને જ્યારે ક્રુશ્ચોફની પોતાની સ્થિતિ બગડવા માંડી, સત્તાસ્થાનેથી તે ગબડવા માંડ્યો ત્યારે તેણે બીજો પત્ર ખોલ્યો. તેમાં લખ્યું હતું : 'તમે પણ આવા બે પત્રો લખી નાખો...' આ પ્રસંગ ભલે જૂનો છે, પણ એનો બોધ શાશ્વત છે.

આ રાજકારણ એ આમ તો લોકોને બેવકૂફ બનાવવાનો ધંધો છે. એકના ડબલ કરી આપવાની લાલચ આપનારા શરૂઆતમાં થોડીક સાચી ચલણી નોટો યા સાચા સોનાની કટકી બતાવીને પછી લાલચમાં નાખીને મૂર્ખ બનાવી જતા હોય છે, પણ રાજકારણમાં ઠાલા શબ્દો દ્વારા જ લોકોને મૂર્ખ બનાવવામાં આવે છે. કેટલાક પોલિટિશિયનો તો એવા હોય છે કે તેમનો મતવિસ્તાર જો માણસખાઉ રાક્ષસોનો હોય તો એ લોકોને તે વચન આપશે કે તમે મને ચૂંટશો તો ધર્મનો પ્રચાર કરનાર પાદરીઓ તમને ભોજન માટે લાવી આપીશ. નિકિતા ક્રુશ્ચોફે આ વાત જરા જુદી રીતે કહી છે કે પોલિટિશિયનો તો બધે જ સરખા- જ્યાં નદી ન હોય ત્યાં પુલ બાંધવાનું વચન આપતા હોય છે. આ જ કારણે એવું કહેવાયું છે કે જે માણસ તમને ઓછામાં ઓછાં વચનો આપે તેને જ મત આપજો. એ તમને ઓછા નિરાશ કરશે.

અબ્રાહમ લિંકને કહ્યું છે કે તમે કેટલાંક લોકોને કાયમ માટે મૂર્ખ બનાવી શકો છો- અને રાજકારણીઓ એવા લોકો પર જ પોતાનું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરે છે. આટલા મોટા જગતમાં જે માણસ પોતાનું કામ કઢાવી શકે તેટલા મૂર્ખ માણસો મેળવી શકે તો પછી પોતાનું ટટ્ટુ ચલાવવામાં તેને ખાસ વાંધો નથી આવતો... પણ લોકશાહીમાં ટકી રહેવા માટે માણસે બહુમતીને પોતાના ખિસ્સામાં રાખવી પડે છે. કદાચ આ જ કારણે અમેરિકન સ્ટેટ્સમેન એ. ઇ. સ્ટીવનસન 'આઈઝન હુવર સામે ચૂંટણીમાં વારંવાર હારી જતા હતા. એકવાર તે પોતાના ચૂંટણીપ્રચાર માટે લોકસંપર્ક કરવા જઈ રહ્યા હતા ત્યારે તેમની એક પ્રશંસક સ્ત્રી-ટેકેદારે તેમને કહ્યું : 'દરેક વિચારશીલ માણસ તમને જ મત આપશે...' જવાબમાં તે બોલ્યા : 'બાનુ, એ પૂરતું નથી, મારે તો બહુમતી જોઈએ...'

રાજકારણમાં પડનારાને મોટામાં મોટો ફાયદો એ છે કે તેને વાગતું નથી. અને બીજું, સારા ડૉક્ટર બનવા માટે માણસે ખાસ્સો અનુભવ મેળવવો પડે છે, થોડા માણસોને મારવા પડે છે. સફળ વકીલ થવા માટે કાયદાની આંટીઘૂંટી સમજવા મગજને કામે લગાડવું પડે છે. જે સત્ય પોતાના અસીલને નડતું હોય તેને ક્યાં સંતાડવું એની વકીલે તકેદારી રાખવી પડે છે. અરે, એક કેશકર્તનકારેય પોતાના ધંધા માટેની તાલીમ લેવી પડતી હોય છે - ખાસ તો, હજામત કરતી વખતે પોતાનો અસ્ત્રો પોતાને જ વાગી ન જાય એની સાવચેતી રાખવી પડે છે. પણ એક રાજકારણ એ એવો વ્યવસાય છે જેમ અગાઉથી કોઈ તાલીમ લેવી નથી પડતી. કામ કામને શીખવતું હોય છે. આ માટે કોઈ શિક્ષણ યા લાયકાતની જરૂર પડતી નથી. મોરારજીભાઈ દેસાઈ પોલિટિક્સમાં સ્હેજ પણ ચાલે એવા નહોતા તો પણ તે પડ્યા ને ખાસ્સા ચાલ્યા ય ખરા... વાઈસપ્રેસિડેન્ટની ચૂંટણીમાં જ્હોન કેનેડી હારી ગયા. આ હારનો થાક ઊતારવા, આરામ કરવા, તે પોતાના ગામ ગયા. તેમના સાઢુભાઈ કેન્સીલ્ડે અમસ્તું જ તેમને પૂછ્યું : 'તમે શા માટે અમેરિકન પ્રેસિડેન્ટ થવા ઇચ્છો છો?' જવાબમાં કેનેડીએ નંખાઈ ગયેલા અવાજે માહિતી આપી : 'આ એક જ કામ હું કરી શકું તેમ છું...'

ચૂંટણીટાણે જે વચનોની લહાણી કરવામાં આવે છે એમાંના દસ ટકા જેટલાં વચનો પણ ચૂંટાનાર ઉમેદવાર પાળી બતાવે તો દેશની સિકલ ફરી જાય, દેશનો ઉધ્ધાર થઈ જાય. ખરેખર તો આ વચનદાતાને જ પોતાની વાતમાં વિશ્વાસ નથી હોતો. પોતે જાણે છે કે તે જે બોલે છે તે લગીર પણ સાચું નથી, પણ તેને કદાચ એવી શ્રધ્ધા હશે કે ઇસપની પેલી બ્રાહ્મણ અને ત્રણ ઠગવાળી વાર્તામાં આવે છે એ પ્રમાણે વારંવાર દોહરાવેલ જૂઠ સત્ય ઠરશે... આ વચન આપનારાઓના સદ્ભાગ્યે કોઈ મતદાર તેમની સામે વચનભંગ- વિશ્વાસઘાતનો કેસ દાખલ નથી કરતો. આવો એકાદ ટેસ્ટ કેસ થાય તો કમસે કમ જથ્થાબંધ વચનો પ્રજા પર છોડનાર પોતાના શબ્દોના ઘોડા પર લગામ રાખી શકે.

સાથેસાથે ઉમેદવારની બુદ્ધિમત્તાનું પરીક્ષણ પણ કરવું જોઈએ. જો તેમ કરવામાં આવે તો એંસી ટકા ઉમેદવારોને બાકાત રાખવા પડે, જેની સામે એ લોકો કદાચ કોર્ટમાં 'રીટ' પણ કરી દે. (બાય ધ વે, લિંકન શહેરની મેયર - જેનું ગુજરાતી અટપટું લાગશે એટલે મેયર જ રાખીશું- શ્રીમતી જી. એલ. મર્ફિને એક વખત જાહેર નિવેદન કર્યું હતું કે લિંકન શહેરમાં રહેઠાણની તંગી છે જ નહીં, આ તો જે લોકોને રહેવા ઘર નથી મળ્યાં એવા લોકોએ આ અફવા ફેલાવી છે- નો કૉમેન્ટ).

અગાઉના જમાનામાં ખાનદાન અને પ્રતિષ્ઠિત પરિવારના માણસો નાટકચેટક અને ફિલ્મોમાં કામ નહોતા કરતા એ રીતે સજ્જન માણસો રાજકારણમાં પડવાનું ટાળતા. આજે ય ટાળે છે. સારા માણસો તો મત પણ નથી આપતા એટલે નઠારા લોકો ચૂંટાઈ આવે છે. શેક્સ્પીઅરનાં નાટકોમાં ઉત્કૃષ્ઠ અભિનય કરનાર એક્ટર ડેવિડ ગેરિકને ચૂંટણીમાં ઊભા રહેવા માટે દબાણ કરવામાં આવ્યું, ત્યારે તેણે મોઢું બગાડીને કહી દીધું હતું; 'હું પાર્લામેન્ટમાં મૂર્ખનો પાઠ ભજવવા કરતાં તખ્તા પર મહાન માણસનો અભિનય કરવાનું વધુ પસંદ કરું છું...' આપણે ત્યાં રાજકારણમાં ઝંપલાવનાર એક્ટરોને ડેવિડના આ પ્રસંગની જાણ નથી એટલે ડેવિડે પાર્લામેન્ટમાં ન ભજવેલો પાઠ આપણે અહીં આપણા એક્ટરો દ્વારા ભજવતો માણી શકીએ છીએ.

આનાથી વધુ વેધક દષ્ટાંત પેદરેવસ્કીનું છે. પેદરેવસ્કી અસલ તો વિશ્વવિખ્યાત પિયાનોવાદક. પાછળથી તે પોલૅન્ડના વડાપ્રધાન

બનેલા ૧૯૧૯માં તે પોલૅન્ડના વડાપ્રધાનની હેસિયતથી પેરિસ ખાતે ભરાયેલ શાંતિ પરિષદમાં ભાગ લેવા ગયા. એક જણે તેમને મજાકમાં પૂછ્યું, 'પેલા જગમશહૂર પિયાનોવાદક પેદરેવસ્કીના તમે પિતરાઈ થાવ?' 'ના, હું જ એ જાણીતો પિયાનો બગાડનાર પેદરેવસ્કી છું'. પેદરેવસ્કીએ જણાવ્યું. 'ને તમે પ્રાઈમ-મિનિસ્ટર બની ગયા !' પેલાએ આઘાતથી કહ્યું : 'કેવું અધઃપતન!' પોલૅન્ડના આ મહાન સંગીતકાર પેદરેવસ્કી તેમના દેશના વડાપ્રધાન થયા ત્યારે કૉમેડિયન ચાર્લી ચેપ્લિન બબડ્યો હતો કે આટલા મોટા ગજાના કલાકારે વડાપ્રધાનની નીચલી પાયરીમાં કામ કરવાનું કેમ ઇચ્છ્યું હશે!...

જગતના કોઈ પણ દેશમાં પૉલિટિશિયન માટે પ્રજાનો મત બહુ ઊંચો નથી હોતો. વિશ્વપ્રસિદ્ધ ચિંતક થોરોએ ૮મી સપ્ટેમ્બર, ૧૮૫૯ના રોજ પોતાની ડાયરીમાં આ પ્રસંગ નોંધ્યો છે : 'એક હાર્ડવેરની દુકાને હું બોલ્ટ ખરીદવા ગયો. દુકાનદારને મેં કહ્યું કે મારા ઘેર ગવર્નર પધારવાના છે એટલે મારા ઘરના આગળના દરવાજા માટે એક બોલ્ટ આપો.' ગવર્નર એકલા પધારવાના છે કે સાથે કોઈ પ્રધાન પણ આવે છે? દુકાનદારે પૂછ્યું. 'હા, એક પ્રધાન પણ સાથે આવવાના છે, તો બે બોલ્ટ આપો'.. 'પ્રધાન પણ સાથે આવે છે ને? તો એમ કરો, સાથે તાળું પણ લઈ જાવ, ચેતના નર સદા સુખી.' દુકાનદારે અગમચેતી સુઝાડી.

જે આઈ. એસ. આઈ. માર્કાના પૉલિટિશિયનો છે તેમાંના કેટલાક ડિપ્લોમેટ છે ને થોડાક સ્ટેટ્સમૅન હોય છે. આ બન્નેનો ગુજરાતીમાં તરજૂમો શબ્દકોશને આધારે કરવામાં આવે તો તેમનાં લક્ષણો તેમાં પૂરેપૂરાં પ્રતિબિંબિત થતાં નથી એટલે આ બન્ને શબ્દ અંગ્રેજી જ રાખીશું. કેમ કે આ બન્ને પ્રકારના માણસો પૉલિટિશિયનની આમ તો શાખા જ છે. જર્મન સ્ટેટ્સમૅન બિસ્માર્કની આ જાણીતી વાત છે. કોઈ એક પાર્ટીમાં બિસ્માર્ક એક સુંદર સ્ત્રીની પ્રશંસા કરવા માંડી. આથી લેશમાત્ર પ્રભાવિત થયા વગર તે બોલી, 'તમારા જેવા સ્ટેટ્સમૅનનો એક પણ શબ્દ કોઈ સાચો નહિ માને...' 'તું શું કહેવા માગે છે?' બિસ્માર્કે પૂછ્યું. "જ્યારે કોઈ પૉલિટિશિયન હા પાડે ત્યારે તેનો અર્થ 'કદાચ' સમજવો, જ્યારે તે 'કદાચ' કહે ત્યારે તેનો અર્થ 'ના' સમજવો ને તે જો 'ના' પાડે તો તે પૉલિટિશિયન નથી એમ માની લેવું આના જવાબમાં બિસ્માર્કે પણ એવો જ જોરદાર વળતો ફટકો માર્યો હતો, પણ તે અહીં અપ્રસ્તુત છે એટલે લખ્યો નથી... પણ પૉલિટિશિયનો વિશેનું પ્રજાનું આ મૂલ્યાંકન છે. હમણાં થોડા વખત પહેલાં એક કાર્ટૂન જોયું હતું જેમાં રસ્તા પરની એક મોટી ગટરનું ઢાકણું ખુલ્લું છે ને એક માણસ બૅટરીનો પ્રકાશ ગટરમાં ધરીને કંઈક જોઈ રહ્યો છે. તેની બાજુમાં નમેલ સાથીદાર તેને પૂછે છે કે ગટરમાં તું શું જુએ છે? જવાબમાં પેલો બૅટરીવાળો માણસ કહે છે આ (પૉલિટિશિયન) લોકો કેટલે સુધી નીચે જઈ રહ્યા છે એ હું જોઉં છું.

પ્રામાણિકપણે કહું તો, જો કે રાજકારણ પરના લેખમાં 'પ્રામાણિકતા' (અનપાર્લામેન્ટરી) શબ્દ ગણાય. આ શબ્દના પ્રવેશની સાથે જ રાજકારણ રાજકારણ નથી રહેતું. પણ એટલું ચોક્કસ કહેવું પડશે કે વિશ્વના બીજા પૉલિટિશિયનો કરતાં આપણા પૉલિટિશિયનો વધુ મશ્કરા છે. લોકશાહીની તેમણે જોરદાર મજાક કરી છે. વ્યાકરણની પરિભાષા વાપરું તો ચાલુ વર્તમાનકાળમાં એ ક્રિયા ચાલે છે. ભૂતપૂર્વ વડાપ્રધાન સામે, દેશ માટે શસ્ત્રો ખરીદવાના સોદામાં કમિશન ખવાયાનો આરોપ હોય તો એ આરોપના બચાવમાં વર્તમાન વડાપ્રધાન એમ કહે કે કોઈએ આમાં દલાલી ખાધી હોય તો એમાં ખોટું શું છે? તો શું સમજવું આ પરથી? પૉલિટિશિયનો ભ્રષ્ટ નથી, થોડાક શુદ્ધ પણ છે. પણ ભેળસેળ છેક રાજકારણ સુધી પહોંચી ગઈ હોવાને કારણે શુદ્ધ રાજ-કારણીઓને અલગ તારવવાનું કામ અઘરું જ નહીં, અશક્ય બની રહ્યું છે.

અત્યારે આપણે જેને રાજકારણ કહીએ છીએ તે પહેલાં માત્ર રાજનીતિ જ હતી ને એનું મૂલ્ય એ સમયમાં ઘણું ઊંચું અંકાતું. ભગવાન શ્રીકૃષ્ણ એટલા મોટા રાજનીતિજ્ઞ હતા કે પાંડવો જ નહીં, કૌરવો પણ તેમની મદદ માગવા ગયેલા. (શ્રીકૃષ્ણ આટલા મહાન રાજનીતિજ્ઞ કેમ થયા? એવો પ્રશ્ન કોઈને થાય. પણ સોળ હજાર એકસો આઠ રાણીઓ હોવા છતાં તેમાંની એક પણ રાણીની સલાહ તે નહીં લેતા હોય) ઇ.સ. પૂર્વે ૩૨૫માં રાજનીતિનો ખાં એવો કૌટિલ્ય ઊર્ફે ચાણક્ય એક ઝૂંપડીમાં રહેતો હતો, જે નગરને છેવાડે આવી હતી. એ વખતે કૌટિલ્ય પ્રધાનમંત્રી હતો ને ચંદ્રગુપ્ત રાજા હતો. પ્રધાનમંત્રીની સલાહ લઈને જ રાજા રાજ્ય કરતો. આ ઝૂંપડી જોઈ ચીની મુસાફર ફાહ્યાને કૌટિલ્યને પૂછ્યું કે આટલા મોટા નગરનો પ્રધાનમંત્રી આવી સામાન્ય ઝૂંપડીમાં રહે છે? ત્યારે જવાબમાં કૌટિલ્યે જણાવ્યું હતું કે જે નગરનો પ્રધાનમંત્રી સાધારણ ઝૂંપડીમાં રહે છે તે નગરની પ્રજા ભવ્ય મહેલોમાં રહી શકે છે ને જે દેશનો પ્રધાનમંત્રી ભવ્ય પ્રાસાદમાં રહે છે તેની રૈયતને ઝૂંપડીઓમાં રહેવું પડે છે. (એક આડ વાત : આપણા અભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન દેવીલાલે પોતાને ફાળવવામાં આવેલો સરકારી બંગલો ૪૦ લાખ રૂપિયા ખર્ચીને હમણાં રેનોવેટ કરાવ્યો ને તેમાં તેમની ભેંસોની ગમાણ પણ ઍરકન્ડિશન્ડ કરાવી છે.)

રાજકારણમાં હવે એવા લોક પ્રવેશી ગયા છે કે તેમને વિશે જૂઠી વાત ફેલાવવાની જરૂર નથી પડતી, તેમને વિશે કરવામાં આવેલ ગમે તેવા આક્ષેપો વહેલા-મોડાય સાચા જ પડે છે. અલબત્ત, એ લોકોનો એમાં ભારોભાર સહકાર હોય છે. નિર્મિશ ઠાકરનો એક શેઅર યાદ આવે છે : 'કૈંક કાચંડા થયા છે સ્તબ્ધ જો, રંગ તારી જિંદગીના જોઈને!'

કેટલીકવાર જીવનમાં જીતેલા ચૂંટણીમાં હારી જાય છે. આવો એક હારેલા ઉમેદવારે પોતાની હારનું કારણ આપતાં એક મિત્રને કહ્યું : 'મારી જુવાનીએ મને હરાવ્યો...' 'પણ અત્યારે તો તારી ઉંમર ૬૫ વરસની છે, જુવાની તો તેં ક્યારની પસાર કરી નાખી છે.' મિત્ર બોલ્યો. 'એમાં જ તકલીફ થઈને! મારી જુવાની મેં ક્યાં પસાર કરી તે મારા વિરોધીઓએ ખોળી કાઢ્યું...' ઉમેદવારે ચોખવટ કરી.

આ પ્રકારના પૉલિટિશિયનના નામનો ફોડ પાડ્યા વગર બર્નાર્ડ શૉએ કહ્યું છે કે 'સિંહ ખાસ હાનિકારક નથી હોતો કેમકે તેની પાસે આદર્શો, ધર્મ, રાજકારણ, સ્ત્રી-દાક્ષિણ્ય કે કુલીનતા હોતાં નથી...'

આ લેખ વાંચતાં કોઈ પૉલિટિશિયન કદાચ એમ કહેવા પ્રેરાશે કે તું અમને ભાંડે છે, પણ ભગવાન ઇન્દ્ર સૌથી મોટો પૉલિટિશિયન હતો. પોતાનું ઇન્દ્રાસન 'યાવત્ ચન્દ્રદિવાકરૌ' રહે તે માટે તેણે કેટલા બધા પ્રપંચ કર્યા હતા! ને અમે તો યાર, પામર મનુષ્ય છીએ, તારા જેવા- □

પર્યાવરણ

— પ્રહ્‌લાદ છ. પટેલ —

જે બાહ્ય પરિબળો સજીવોને તેમના જીવનપર્યંત અસર કરે છે તે બધાં પરિબળોને સામૂહિક રીતે પર્યાવરણ કહે છે. પર્યાવરણને બે વર્ગોમાં વિભાજિત કરી શકાય છે : (૧) જીવસૃષ્ટિ ઉપર અસર કરતાં સજીવ પરિબળો (૨) જીવસૃષ્ટિ ઉપર અસર કરતાં નિર્જીવ પરિબળો. ધારો કે કોઈ એક પક્ષીનો સામાન્યતઃ ખોરાક વનસ્પતિ અને સૂક્ષ્મ જીવો છે, તો આવા સૂક્ષ્મ જીવો ને વનસ્પતિ તેને માટે પર્યાવરણના સજીવ ઘટકો થયા કહેવાય. પક્ષી જ્યાં રહેતું હોય તેની આસપાસની હવા, વાતાવરણનું દબાણ અને તાપમાન તથા ભૌગોલિક પરિબળો પર્યાવરણના નિર્જીવ ઘટકો થયા કહેવાય. માછલી માટે જળાશયમાં રહેલ સૂક્ષ્મ જીવો તેના પર્યાવરણનો સજીવ ઘટક અને જળાશયનું તાપમાન, પાણીની ખારાશનું પ્રમાણ, જળાશય નદી હોય તો પાણીના વહેણનો વેગ વગેરે નિર્જીવ ઘટકો છે. પૃથ્વી પરના સજીવો ભૂચર, જળચર કે ખેચર હોય છે. આથી સજીવો માટે પર્યાવરણના મુખ્ય ત્રણ ઘટકો ગણાય - સમુદ્ર, જંગલો અને વાતાવરણ. આ ત્રણેય ઘટકોમાં પરિસ્થિતિને અનુરૂપ સજીવો જન્મે છે, વિકાસ પામે છે અને વિલય પામે છે. જળચરો માટે તળાવ, નદી, બંધ અને સમુદ્ર તેમની દુનિયા છે. જંગલી અને પાલતુ પશુઓ માટે જંગલો અને ઘાસનાં મેદાનો તેમની દુનિયા બને છે. દરેક સજીવનું જીવન તેની આસપાસના તેના પોતાના જગત ઉપર આધારિત છે. દરેક નાનુંમોટું જગત તેની અંદર રહેતા સજીવોની જીવન-પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરે છે. આથી સજીવનો જીવન-પ્રક્રિયાઓ અને બાહ્ય પરિબળો વચ્ચે સાતત્ય અને સંતુલન જળવાઈ રહે તે જરૂરી છે, એટલે કે પર્યાવરણ અકબંધ રહેવું જોઈએ.

સમુદ્ર પર્યાવરણનો મોટો ઘટક છે. પૃથ્વીની બે તૃતીયાંશ સપાટી સમુદ્રોથી ઘેરાયેલી છે. જગતની આશરે બે તૃતીયાંશ વસ્તી સમુદ્રના તટ વિસ્તારોમાં વસે છે. ૬૦ ટકા દરિયાઈ ખોરાક સમુદ્રના તટ-વિસ્તારોમાંથી નિપજાવવામાં આવે છે. આ ખોરાકનો વિપુલ જથ્થો સુરક્ષિત અને સતત રહે તો જ વસ્તીનું સંરક્ષણ થાય. આજે ગટરોની ગંદકી, એંઠવાડ અને રોગો ફેલાવે તેવો કચરો તથા ઔદ્યોગિક બિનજરૂરી કચરાનો અકલ્પ્ય જથ્થો સમુદ્રોમાં ઠાલવવામાં આવે છે. ઔદ્યોગિક ક્રાંતિ બાદ ટેક્નોલોજીનો અભૂતપૂર્વ વિકાસ થયો છે, જેની મદદથી કૃષિપેદાશો, કાપડ, યંત્રો અને જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓ પેદા કરવામાં આવે છે. વધતી જતી વસ્તીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીનો ફાળો બેશક નોંધપાત્ર છે. પણ આ વિકાસની કેડી ઉપર ટેક્નોલોજીની અન્ય અને આડઅસરોના કાંટા માનવ જીવનના સ્વાસ્થ્યને ભારે માઠી અસરો પહોંચાડે તેમ છે. માનવ જીવનના અસ્તિત્વ માટે તે ગંભીરપણે પડકારરૂપ બની શકે છે. વાહનોની પ્રાપ્તિ તથા ઝડપી પરિવહન વ્યવસ્થાઓ સાથે માણસે ઘણી રાહતો અને સુવિધાઓ ઉપલબ્ધ કરી છે, પણ વાહનોમાંથી ઓકાતા કાર્બન ડાયૉક્સાઈડે પર્યાવરણના ઘટકોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. વિવિધ પ્રકારના રોગિષ્ટ કચરા સમુદ્રમાં ઠલવાતા તટ-વિસ્તારોનું પાણી ઝેરી બને છે અને કેટલાય સમુદ્રી સજીવોનો નાશ થાય છે. ભારતના પશ્ચિમ કિનારે અરબી સમુદ્રમાં ઘણી વખત ટનબંધ મરેલાં માછલાંના ઢગ ખડકાય છે. આવી ઘટના કંઈ એકલદોકલ થતી નથી પણ અવારનવાર ઘટે છે, કારણ કે ઔદ્યોગિક વિષયુક્ત કચરો સતત દરિયામાં ઠલવાય છે. નદીઓ પોતાનાં વહેણ સાથે સપાટ મેદાનો અને ટેકરીઓ ઉપરથી રેત-માટી ઘસડી લાવે છે અને દરિયા-કિનારાના વિસ્તારોને કાંપથી પૂરી દે છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓમિશ્રિત કચરો પણ દરિયાભેગો થાય છે. હવે તો ન્યૂક્લિઅર ઉદ્યોગો અને પાવર પ્લાન્ટનાં રેડિયો ઍક્ટિવ રસાયણો પણ દરિયાભેગાં કરવામાં આવે છે. આથી આ વિસ્તારના સજીવોમાં પ્રથમ વિકૃતિ પેદા થાય છે અને અંતે તેઓ નાશ પામે છે. વિકસિત દેશો વિપુલ પ્રમાણમાં રેડિયો ઍક્ટિવ રાસાયણિક કચરો અવિકસિત દેશોમાં દરિયાઈ તટ-વિસ્તારોમાં ઠાલવે છે. તેલવાહક જહાજોમાંથી ઘણીવાર તેલ છલકાઈને દરિયામાં ઢોળાય છે, ટાંકીઓમાંથી તેલ ચૂઈને દરિયામાં જાય છે અને કેટલીક વખત તો આખાં ને આખાં તેલવાહક જહાજો દરિયામાં ડૂબી જાય છે. પરિણામે આવા સ્તર નીચેના સમુદ્રી સજીવો ઑક્સિજનથી વંચિત રહી જતાં તેમનો સામૂહિક નાશ થાય છે. પાણીની સપાટી ઉપર તેલનું સ્તર જામતાં બાષ્પીભવનથી ઘટના ઉપર પણ અસર પડે છે. અખાતી યુધ્ધ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં તેલ દરિયામાં ઢોળવામાં આવ્યું હતું, જેને લીધે અસંખ્ય સમુદ્રી જીવો નાશ પામ્યા હતા. કેટલાક સમય માટે તેલની આ અસર સમુદ્રી સજીવોનું જીવન દોહ્યલું બનાવશે. વળી, અખાતની નજીકના વિસ્તારોમાં વરસાદના પ્રમાણ અને મુકરર સમયમાં ફેરફારો થવા સંભવ છે.

કચ્છ અને ગુજરાતના દરિયાકિનારાનું પાણી મીઠા ઉદ્યોગને કારણે પ્રદૂષિત થતું જાય છે. આથી દરિયાકિનારે થતા છોડવા, જલાઉ ઝાડવાં અને ઘાસનો નાશ થતો જાય છે. મુંબઈથી કેરલ સુધીના દરિયાકાંઠા આગળ તેલવાહક જહાજોમાંથી ઢોળાતાં તેલ અને ઉદ્યોગોના ઠલવાતા કચરાને કારણે પાણી ભારે પ્રમાણમાં પ્રદૂષિત થતું જાય છે. આથી કેરળની પાસેના ઉષ્ણકટિબંધમાં ભેજવાળી હવામાં થતાં વૃક્ષો નાશ પામે છે તથા અશ્મિલ બળતણનો નાશ થવા લાગ્યો છે. ભારતનો દક્ષિણપૂર્વ કિનારો પરવાળા જેવો થયો છે. હુગલી નદીના મુખ આગળની

ખાડીમાં કલકત્તાની આસપાસ આવેલી આશરે ૧૫૦ ફેક્ટરીઓ પોતાનો નિરૂપયોગી કચરો ઠાલવે છે.

દરિયાઈ સજીવો માટે સમુદ્ર એક મોટું પારિતંત્ર છે જે કરોડો લોકોની જીવાદોરી સમાન છે. સમુદ્ર સારા એવા પ્રમાણમાં ઔષધીઓનું પ્રદાન કરે છે. આથી સમુદ્ર પર્યાવરણનો મૂલ્યવાન ઘટક છે અને સમુદ્રને પ્રદૂષિત થતો અટકાવી સમુદ્રી જીવન તથા તટવિસ્તારના જીવનને સુરક્ષિત રાખી શકાય છે. આજકાલ પૃથ્વીના તાપમાનમાં વધારો થતો જાય છે, જે કાયમી દુષ્કાળની સ્થિતિનું સર્જન કરી શકે છે. સમુદ્રનું જળસ્તર ઊંચુ જવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી, જેને કારણે સમુદ્રકિનારે આવેલાં મહાનગરો બેંગકોક, કલકત્તા, ઢાકા, કરાંચી અને શાંઘાઈ ડૂબમાં જાય તો નવાઈ નહીં.

પર્યાવરણનો બીજો મહત્ત્વનો ઘટક વાતાવરણ છે. કુદરતી વાતાવરણ વર્ષોથી માણસને શુધ્ધ, સ્ફૂર્તિદાયક અને તાજગીભરી હવા પૂરી પાડે છે. પૃથ્વીની સપાટી નજીકના વાતાવરણને ટ્રોપોસ્ફિયર કહે છે. જેમાં ઘણાખરા વાયુઓના મોટા જથ્થાનો સમાવેશ થાય છે. આ વિભાગના નીચલા ભાગનું તાપમાન ૧૬^{0} સેલ્સિયસ અને તેના સૌથી ઉપરના ભાગનું તાપમાન ૧૬^{0} સેલ્સિયસ છે. આ પટ્ટા ઉપરના વિભાગને સ્ટ્રેટોસ્ફિયર કહે છે જેનું તાપમાન ૧૬^{0} સેલ્સિયસથી ૪૦^{0} સેલ્સિયસ છે. સ્ટ્રેટોસ્ફિયરની અંદર ઓઝોનનું સ્તર આવેલું છે. સૂર્યમાંથી ફેંકાતા નીલાતીત કિરણો અત્યંત ઘાતક હોય છે. આ કિરણો ઓઝોન સ્તરમાંથી પસાર થતાં તેમની ઘણીખરી ઊર્જા શોષાઈ જાય છે. પરિણામે ઓઝોન સ્તર નીલાતીત કિરણોનો ઉપદ્રવ ઘટાડી દઈ પૃથ્વીની જીવસૃષ્ટિનું રક્ષણ કરે છે. સમગ્ર વાતાવરણનો એક નાનો સરખો ઓઝોન વિસ્તાર સૂર્યના વેધક કિરણો સામે મજબૂત ઢાલનું કાર્ય કરે છે.

ઝડપથી વધતી જતી વસ્તીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિવિધ પ્રકારના ઉદ્યોગો કૂદકે અને ભૂસકે વધતા જાય છે. વસ્તી અને ઉદ્યોગો વાતાવરણને ઘણી રીતે અશુધ્ધ કરી રહ્યાં છે. ઉદ્યોગોનાં ભૂંગળાં અને વાહનો પ્રતિરોજ લાખો ટન ધુમાડો અને કાર્બન ડાયોક્સાઈડ હવામાં છોડે છે. પૃથ્વીના વાતાવરણમાં એકઠો થતો આ કાર્બન ડાયોક્સાઈડ ઉષ્માને પકડી રાખે છે, જેને લીધે વાતાવરણનું તાપમાન વધતું જાય છે. વધુ કૃષિ-ઉત્પાદન માટે મબલક જંતુનાશક દવાઓ છાંટવાથી હવામાં જીવલેણ તત્ત્વો ઉમેરાતાં જાય છે. 'સંસ્કૃતિ'ના વધતા વ્યાપ સાથે પર્યાવરણ સામે ભારે ખતરો પેદા થતો જાય છે. આથી સંસ્કૃતિનો પ્રવર્તમાન વિકાસ જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે ચુનૌતીરૂપ છે. આમાંથી એક એવું સામાન્ય સત્ય પ્રકટ થતું જાય છે કે વિકાસ વિનાશકારી પણ હોઈ શકે છે. મહાનગરો ભૌતિક રીતે સમૃધ્ધ હશે પણ તેમાં વસતાં લોકો શુધ્ધ હવાથી વંચિત છે અને સુંદર પક્ષીઓની સૃષ્ટિ તેમને માટે માત્ર કલ્પના બની ગઈ છે. જીવન વાતાવરણ ઉપર નિર્ભર છે અને વાતાવરણનો કોઈ વિકલ્પ નથી; એટલે પર્યાવરણના આ વિશાળ ઘટકની જાળવણી એ દરેક રાષ્ટ્રની રાજકીય અને પ્રત્યેક વ્યક્તિની નૈતિક ફરજ છે.

કુવૈતના તેલના કૂવાઓમાં આગ ચાંપીને વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનો અક્ષમ્ય જથ્થો વધારી દીધો છે, જેથી અખાતના વાતાવરણના તાપમાનમાં સારો એવો વધારો થયો છે અને તે અખાતની પાસેના વિસ્તારોની ઋતુઓમાં ફેરફાર કરી શકે છે. માનવ હરકતોને કારણે પૃથ્વીની ઋતુઓમાં પરિવર્તન જોવા મળે છે. પૃથ્વીના વાતાવરણમાં ઝેરી વાયુઓ એકઠા થવાથી પૃથ્વીના તાપમાનમાં વધારો થતો જાય છે. પરિણામે દુષ્કાળની પરિસ્થિતિનું પુનરાવર્તન થવાની પૂરી સંભાવના છે. ભોપાલ ગેસ દુર્ઘટનાને હિટલરના ગેસ-ચેમ્બરની લઘુ આવૃત્તિ ગણી શકાય. ચેર્નોબીલ અણુ ભઠ્ઠીના વિસ્ફોટે પણ નજીકના વાતવરણને રેડિયો એક્ટિવ બનાવી પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

પર્યાવરણનો ત્રીજો ઘટક જંગલો છે. લાકડાના ભિન્ન ભિન્ન પ્રકારના ઉપયોગોને કારણે સમગ્ર દુનિયા ઉપરથી જંગલોનો નોંધપાત્ર ઘટાડો થતો જાય છે. ૧૯૬૩ થી ૧૯૭૩ના દાયકામાં જ જંગલોમાં ૧૫ ટકા ઘટાડો થવા પામ્યો છે. ઉપગ્રહોના સર્વેક્ષણ મુજબ ૧૯૭૨થી ૧૯૮૨ના દાયકામાં ભારતમાં દર વર્ષે ૧૩ લાખ હેક્ટર જંગલો ઓછાં થયાં છે. મધ્યપ્રદેશમાં સૌથી વધારે ૨૦ લાખ હેક્ટર, મહારાષ્ટ્રમાં ૧૦ લાખ હેકટર, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, જમ્મુ અને કાશ્મીરમાં પણ એટલા જ પ્રમાણમાં જંગલો ઓછાં થયાં છે. જંગલો ઘટી જતાં જમીનનું ખવાણ વધારે પડતું થતું જાય છે. તળાવ તથા નદીઓનું પૂરણ થવા અવનવા મહત્ત્વના છોડવાઓ અને પ્રાણીઓ તો સદાને માટે ખતમ થઈ જાય છે. રાષ્ટ્રિય પૂર આયોગ (૧૯૮૦)ના એક અંદાજ મુજબ ૧૯૭૭-૭૮ની સાલમાં પૂરને લીધે ભારતને રૂપિયા ૧૦૦૦ કરોડનું નુકસાન થયું હતું. વિશ્વના તખતા ઉપર ૧૯૮૮માં પૂરની ૭૪ ઘટનાઓ ઘટી હતી. જંગલોના તૂટતા જતા પ્રભાવને લીધે ભારતમાં પૂર-હોનારતો થયાનું આધારભૂત રીતે મનાય છે. જંગલોની કટાઈને લીધે વન્યજીવન તથા મૂલ્યવાન વનસ્પતિઓ નામશેષ થવા લાગી છે. વનસ્પતિશાસ્ત્રને લગતા સર્વેક્ષણ મુજબ ભારતનાં જંગલોમાં છોડવાની ૧૩૫ વિવિધ જાતો નોંધાઈ છે તથા ૨૦૦ જાતનાં પ્રાણીઓ નોંધાયાં છે. એક અભ્યાસ પ્રમાણે ચાલુ સદીમાં દર વર્ષે વનસ્પતિ અને પ્રાણીઓનો એકેક નમૂનો ઓછો થતો જાય છે. પરિણામે આહાર-શૃંખલાની કડીઓ તૂટવા માંડી છે. વિવિધ ચક્રીય પ્રક્રિયાઓને ક્ષતિ પહોંચે છે, જે સમગ્ર પર્યાવરણની સમતુલાને હચમચાવી મૂકે છે. જંગલોના અભાવને લીધે ઉરાંગ-ઉટાંગ, ચિમ્પાન્ઝી, પર્વતીય ગોરિલા, ચિત્તા જેવાં પ્રાણીઓ અને વનસ્પતિ ઔષધોનું અસ્તિત્વ જોખમાઈ રહ્યું છે. આથી વનસ્પતિ અને વન્યજીવનના રક્ષણ માટે જંગલોની પર્યાપ્ત સાચવણી આવશ્યક છે, જે પર્યાવરણને સુરક્ષિત રાખે છે. પર્યાવરણની સુરક્ષા માટે જંગલોની વૃદ્ધિ પરત્વે જનજાગૃતિ જરૂરી છે. જંગલો ઓછા થવાથી ૧૯૭૦માં ઉત્તર પ્રદેશના ગઢવાલ વિસ્તારના ગોપેશ્વર અને આસપાસનાં ૨૦ ગામો અલકનંદામાં આવેલાં પૂરને કારણે તારાજ થઈ ગયાં હતાં. મોરબી તથા પૂના-પાન્શેતમાં આવેલાં પૂર એ બંધમાં રહેલી ક્ષતિઓ અને માનવ-ભૂલ હોવાનું જણાયું છે. આમાંથી કેટલીક માનવસર્જિત આફતો છે ; તો કેટલીક પ્રાકૃતિક. શ્રી ચંડીપ્રસાદ ભટ્ટ અને સુંદરલાલ બહુગુણાની રાહબરી નીચેના 'ચિપ્કો' આંદોલન દ્વારા ઉત્તર પ્રદેશનાં જંગલો સફળતાપૂર્વક બચાવી લેવાયાં છે. ભ્રષ્ટ ઠેકેદારો અને સત્તાસ્થાને બેઠેલા મળતિયાઓને આ આંદોલન સામે પીછેહઠ કરવી પડી છે, જે પર્યાવરણવાદીઓનો નૈતિક વિજય છે. આ આંદોલનની અસરો હિમાલયની તળેટીનાં જંગલો, અરવલ્લીનાં

અરણ્યો, કર્ણાટક અને કેરાલા સુધી પહોંચી છે. કેરાલાની 'શાંત' ખીણમાં અન્યત્ર અપ્રાપ્ય એવી અમૂલ્ય ઔષધીઓ થાય છે. આ ખીણના જંગલો કાપી નાખી ત્યાં હાઈડ્રોલિક પાવર સ્ટેશન બાંધવાની યોજના ઘડવામાં આવી હતી. કેરાલા સાંસ્કૃતિક પરિષદ (કે. એસ. પી.)ને આ યોજનામાંથી સ્ખલિત થતી વ્યાપારિક દુર્ગંધ આવતાં તેની સામે આંદોલન કરીને 'શાંત' ખીણને બચાવી લીધી છે. આ રીતે કેરાલાના પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે કે. એસ. પી.એ પ્રશંસનીય કામગીરી બજાવી છે. અર્થોપાર્જન માટે અવૈચારિક રીતે જંગલોની કટાઈ સામે ચિપ્કો અને કે. એસ. પી. આંદોલનોએ પર્યાવરણની સુરક્ષા માટે આશાનાં કિરણો છોડ્યાં છે. આવાં આંદોલનોની સિદ્ધિ માનવની સ્વાસ્થ્ય-સિદ્ધિમાં અચૂક ઉમેરો કરશે અને તેમ થતાં સર્વત્ર આનંદ હશે.

જંગલોના હ્રાસ અને જમીનના દુરુપયોગને લીધે પર્યાવરણનો સતત વિનાશ થતો જાય છે. પરિણામે આગામી દાયકા દરમિયાન પૂર અને દુષ્કાળ જેવી વિનાશક આફતોના પ્રમાણમાં વધારો થશે. ભૂતકાળની ઋતુઓ, જળ અને વાયુના પ્રાપ્ય આંકડાઓ ઉપરથી પૂર અને દુષ્કાળ જેવી આફતો વિષે નક્કર અનુમાન કરી શકાય તેમ છે. માનવસર્જિત કે પ્રાકૃતિક આફતજન્ય વિનાશમાં કેટલાંક નવાં પર્યાવરણીય પરિમાણોનો ઉમેરો થયો છે ; જેવાં કે ઝેરી રસાયણો, રેડિયો-એક્ટિવ વિકિરણો, તેલ-કોલસાનું જ્વલન અને જંતુનાશક દવાઓ.

સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ આ દાયકાને પ્રાકૃતિક આફતો ઘટાડવા માટેના દાયકા તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે. તેની પ્રવૃત્તિઓના પાયામાં પર્યાવરણની સુરક્ષા છે. પર્યાવરણની સુરક્ષા માટે તે આંતરરાષ્ટ્રિય અને રાષ્ટ્રિય સ્તરે જરૂરી સલાહો આપશે. ગત વર્ષે લંડનની રૉયલ ચિકિત્સા સંસ્થાએ રાસાયણિક સુરક્ષા માટે આંતરરાષ્ટ્રિય કાર્યક્રમ હાથ ધર્યો હતો. આ સંસ્થાએ યૂરોપીય સમુદાય આયોગના સહયોગથી આંતરરાષ્ટ્રિય રાસાયણિક સુરક્ષા વિશેનાં કાર્ડ તૈયાર કરાવ્યાં છે, જેમાં સ્વાસ્થ્ય અને તેના સંરક્ષણને લગતી જરૂરી બધી જ માહિતી આપવામાં આવી છે. વિકસિત દેશો પર્યાવરણ પ્રત્યે વધુ સભાન બન્યા છે અને તેમના રાષ્ટ્રના આર્થિક આયોજનમાં પર્યાવરણના સંરક્ષણને સ્થાન આપતા થયા છે. ધનાઢ્ય રાષ્ટ્રો માનવ-સ્વાસ્થ્યની સુરક્ષાના રસ્તાઓ શોધી શકે છે, પણ અવિકસિત દેશોના બુરા હાલ થતા જાય છે.

વૃક્ષો પર્યાવરણનો પર્યાવ છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. ગાંધીનગરમાં અત્યારે ૧૬ લાખ વૃક્ષો ઝૂમી રહ્યાં છે. બીજા ૬ લાખ વૃક્ષો ટૂંક સમયમાં ઉછેરવામાં આવનાર છે. આ રીતે ૨૨ લાખ વૃક્ષો આ વિસ્તારને પ્રદૂષણથી મુક્ત કરશે. ગાંધીનગર કુદરતી રીતે વાતાનુકૂલિત બની ગ્રીન સિટી ઑફ ગુજરાત બનશે.

હાઈ-ટેક્નોલૉજીનો વધુ ને વધુ અંગીકાર કરતા ઈન્ડિયન પેટ્રોકેમિકલ લિમિટેડે પોતાનું કાર્યક્ષેત્ર મહારાષ્ટ્રમાં નાગથાણા, ગુજરાતમાં ગાંધાર અને ઈરાન સુધી વધાર્યું છે. આનંદની વાત એ છે કે આ એકમ પર્યાવરણની બાબતે પ્રશંસનીય તાલમેળ સાથે આગળ ધપી રહ્યું છે. ઉદ્યોગ અને ટેક્નોલૉજીના વ્યાપ સાથે પર્યાવરણની સુરક્ષા, માનવજીવન અને માનવકાર્યની ગુણવત્તા જળવાઈ રહે તેનો ઊંડો ખ્યાલ આ એકમ રાખે છે. ખાનગી, જાહેર અને સરકારી ઉદ્યોગોને આઈ. પી. સી. એલ.નું અનુકરણ કરવા સમજાવી શકાય. જે એકમો ન સમજે તેમની સામે માનવજાતિના અહિત અને પર્યાવરણના ભંગ બદલ સખત કાનૂની કાર્યવાહી કરવી જોઈએ.

વિશ્વ બૅંક જેવી સંસ્થા પર્યાવરણની સુરક્ષા તથા પ્રદૂષણના નિયમન માટે નાણાં ફાળવવા માંડી છે. તેની એક શાખા ઈન્ટરનૅશનલ ડેવલપમેન્ટ એસોસિએશન મારફતે એશિયા ખંડમાં પર્યાવરણના સંરક્ષણની પ્રવૃત્તિ શરૂ કરી છે. પ્રત્યેક દેશનો ઔદ્યોગિક વિકાસ પર્યાવરણની જાળવણી સાથે થાય તે હકીકત વિશ્વ બૅંકને સમજાઈ છે. પ્રદૂષણ અટકાવવા અને પર્યાવરણની સુરક્ષા માટે વિશ્વ બૅંકે રાજ્યોને સલાહ તથા નાણાં દ્વારા મદદ કરશે. માત્ર નાણાંની ફાળવણીથી પર્યાવરણનું રક્ષણ થશે અને પ્રદૂષણની સમસ્યા હલ થશે એવું માની લેવાય નહીં. તે માટે પ્રજાની જાગૃતિ અને રાજ્યની ઇચ્છાશક્તિ મહત્ત્વનો ભાગ ભજવી શકે તેમ છે.

અભાવગ્રસ્ત અને આર્થિક રીતે પછાત એવા દેશોમાં પર્યાવરણનું સંરક્ષણ અત્યંત મુશ્કેલ છે, તેથી આવા દેશોમાં માનવસર્જિત અને કુદરતી દુર્ઘટનાઓનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. માણસ તેની ગરીબીને કારણે મજબૂર બનીને તથા અજ્ઞાનને કારણે પર્યાવરણનો ભંગ કરે છે. પણ મૂડીપતિઓનો શોખ અને રાજકર્તાઓની બદદાનત પર્યાવરણના સંરક્ષણની આડે આવે તો તે ક્ષમ્ય ગણાય નહીં. આથી પર્યાવરણની સુરક્ષાને સામાજિક પરિપ્રેક્ષ્યમાં મૂલવી આનુષંગિક ઉપાયો કરવા જોઈએ. તદુપરાંત પર્યાવરણની સુરક્ષાને રાષ્ટ્રિય આયોજન નીતિનો એક ભાગ ગણી સરકારે સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ. પણ અત્યારે કોઈ જુદું જ ચિત્ર જોવા મળે છે. જ્યાં સંપત્તિ ત્યાં આપત્તિનો ખેલ ખેલાઈ રહ્યો છે. અને જ્યાં આપત્તિ ત્યાંથી જવાબદારીઓનો જનાજો નીકળે છે. જેમ કે બંધ તૂટે છે ત્યારે પ્રથમ પાણીનું પૂર આવે છે અને છેલ્લે કાર્યશાળાઓ અને બેઠકોનું પૂર આવે છે ; એટલે દાઝયા ઉપર ડામ. પછાત અને અવિકસિત દેશોમાં અચાનક આપત્તિ આવે ત્યારે આવો ક્રમ સહજ બને છે, જેમાં સરકાર અને રાજકર્તાઓની દાનત દીવો કર્યા સિવાય જોઈ શકાય છે.,

પર્યાવરણની સુરક્ષાનું કામ સમસ્ત માનવજાતના ઉજ્જ્વળ અને રોગમુક્ત જીવન માટે નિઃશંકપણે અનિવાર્ય બની ગયું છે. આથી હવે વિશ્વનું કોઈપણ રાષ્ટ્ર પર્યાવરણ પ્રત્યે દુર્લક્ષ સેવી શકે તેમ નથી. પર્યાવરણનું મહત્ત્વ ન સમજવામાં અને તેની જાળવણીમાં ઢીલ કરવામાં આવશે તો એકથી વધારે ચેર્નોબીલ અને ભોપાલ દુર્ઘટનાઓ અવારનવાર થતી રહેશે. આવી મહાદુર્ઘટનાઓનાં દુષ્પરિણામો હાલની માનવજાતને ભોગવવાં પડશે અને નાગાસાકી તથા હિરોશીમાની જેમ ભવિષ્યની પેઢીઓને પણ ભોગવવાં પડશે. આ દુર્ઘટનાઓ પર્યાવરણની સુરક્ષા માટે જરૂરી સંકેતોનું સૂચન કરે છે. પર્યાવરણની સુરક્ષા માટે કોઈ મહાયજ્ઞોની જરૂર નથી, પણ તેને જરૂર છે માત્ર વૈયક્તિક અને રાજનૈતિક સંનિષ્ઠ બળની. □

અમોઘ આમંત્રણનું અદ્ભુત ગીત

ઉષા ઉપાધ્યાય

સૃષ્ટિના ત્રણ સનાતન આદિમ ધ્વનિઓમાંનો એક છે વર્ષાધ્વનિ. ગિરનારની નિશ્રામાં આજે અવિરત ગૂંજી રહ્યો છે એ આદિમ ધ્વનિ. એક અનિર્વચનીય નિબિડ આમંત્રણ રહેલું છે આ ધોધમાર વરસતા વરસાદની સૂર-જલ-ધારામાં. બાળપણથી જ આ અમોઘ આમંત્રણનું અદ્ભુત ગીત સદાયે રમતું રહ્યું છે મારી ઉરતંત્રી પર. મેઘાચ્છન્ન દિવસોમાં હું ઘરમાં કાર્યમગ્ન હોઉં કે ગ્રંથાલયમાં શબ્દસાંનિધ્યે આનંદમગ્ન હોઉં- બારી બહારથી તૂટી પડતા વરસાદનો આક્રમક ધ્વનિ સાંભળતાં જ સ્મૃતિમાં તાજા ગુલાબની જેમ ખીલી ઊઠે છે કિશોરાવસ્થામાં માણેલા દક્ષિણ ગુજરાતના એ અનવરત વૃષ્ટિના દિવસો. બિલિમોરાનું અમારું જી.ઈ.બી.નું એ વિશાળ ક્વાર્ટર, ઘરના ચોકમાં અને બારી બહાર તાલબદ્ધ વરસતો ધોધમાર વરસાદ, મારા રમવાના ઓરડાનો ભીનોભીનો અંધકાર અને હું. ચોતરફ ફેલાયેલી નિઃસ્તબ્ધતા વચ્ચે અનરાધાર વરસતા વરસાદના નાદવૈભવને મનભરીને માણ્યો છે ત્યારે. બારીના ઠંડગાર સળિયાઓ ઉપર માથું ટેકવીને હું જોતી બગીચાના ક્યારાઓને વરસાદનાં ટપ...ટપ...ટીપાંઓ ઝીલતાં, પછી પરપોટાની હોડીઓને વહેતી મૂકતાં અને પછી ઉલ્લાસથી ઉભરાઈને વહેતા જળરાશિ સાથે પાળા તોડીને વહી નીકળતાં. મુશળધાર વરસતા વરસાદમાં પછી તો બગીચો, રસ્તો અને મેંદાન બધું જ હોય જળબંબાકાર - જાણે ઘર પાછળ વહેતી કાવેરી જ ઘરને મળવા ચાલી આવી ન હોય! સૃષ્ટિ આખીયે વરસાદનાં એ ડહોળાં, વેગથી વહેતાં પાણી સાથે વહી નીકળી હોય એવું દૃશ્ય રચાઈ જતું. અને ત્યારે, મારી કિશોરકાયા રહી જતી બારીના ઠંડા સળિયાઓની પાછળ ને હું ચાલી નીકળતી ઊછળતા, ઘૂઘવતા વહેતા એ જળરાશીની પાછળ પાછળ પાછળ...

આજે, આટલાં વર્ષો પછી યે તૂટ્યો નથી મુગ્ધતાનો એ નાજુક તાર. ત્રણ વર્ષના દુષ્કાળ પછી અષાઢી બીજની શુકનવંતી અંજલિએથી છલકેલો વરસાદ આજે બબ્બે દિવસથી અવિરત વરસી રહ્યો છે. ચડતા બપોરે હું કૉલેજથી ઘેર પહોંચી ત્યારે પણ વરસાદ એકધારો વરસી રહ્યો હતો. ગિરનાર ઢંકાઈ ગયો હતો વાદળોથી ને દિશાઓ અર્ધપારદર્શી ધારાવસ્ત્રથી. ઘરની ચાર દીવાલો છોડીને ફરવા નીકળી પડવાનું મન થઈ આવે એવું વાતાવરણ જામ્યું હતું. ને વરસતા વરસાદે જ અમે નીકળી પડ્યાં ગિરનારની તળેટી તરફ. મેઘાચ્છાદિત ગિરનારને જોતાં ક્ષણભર સમાધિસ્થ શિવનો આભાસ થઈ આવ્યો! ગિરનાર પરથી અસંખ્ય નાનામોટા ધોધ તળેટીનાં ઝરણાંઓમાં ફીણફીણ થઈને ધસમસી રહ્યા હતા. વરસતી જલધારામાં પવનના હળવા ઝપાટાઓથી વારંવાર કમનીય લહેરો ઊઠતી હતી ત્યારે ગિરનારની પશ્ચાદ્ભૂમાં ધવલોજ્જવલ દુકૂલ લહેરાવી ભવનાથને ચરણે ઊતરી આવતી અપ્સરાઓનું રમણીય દૃશ્ય રચાઈ જતું હતું.

વરસતા વરસાદમાં આ રીતે ભ્રમણ કરવાનો અનુભવ કૌશલ-જિગીષા માટે તો પહેલો જ હતો. એટલે એમનો ઉત્સાહ અને ઉલ્લાસ પણ દોડતાં ઝરણાંઓની જેમ ઊછળી રહ્યો હતો. તળેટીના જનહીન રસ્તાની બાજુમાં વહેતા એક નાનકડા ઝરણામાં એ બન્ને ખુલ્લે પગે ચાલ્યાં, એમાં સાગનાં પાંદડાંની હોડીઓ વહેતી મૂકી અને પાછળ પાછળ ચાલ્યા આવતા ત્રણ કૂતરાઓને 'અરે! આ તો વરુ છે કે શું?' એમ કહી હોકારા-પડકારાથી નસાડીને કલ્પિત સાહસનો આનંદ પણ લીધો. ચારે તરફ નિઃસ્તબ્ધતા હતી. તળેટીના એ વનવિસ્તારમાં એક માત્ર વૃષ્ટિનું જ અબાધિત સામ્રાજ્ય રચાયું હતું. ચારે તરફ હતું માત્ર જળ, જળ અને જળ... શિખરો પરથી સરકતું, પર્ણોની ટોચે ઝળૂંબતું, પંખીની ભીની ભીની પાંખો પરથી લસરતું જળ બુંદ બુંદ થઈને ઝર ઝર, ટપ ટપ, ખળ ખળ કરતું વહી રહ્યું હતું. ને ત્યારે, શ્યામ, હું, કૌશલ અને જિગીષા જાણે આ જળસિક્ત વન્યસૃષ્ટિના જ કોઈ પ્રસન્નકર સ્ફુલિંગ હોઈએ એવી હળવાશ અને આહ્લાદ અનુભવતાં હતાં. સાચે જ, રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે તેમ, 'જિંદગીના ગુરુત્વાકર્ષથી થોડા મુક્ત થનારને માટે સૌંદર્યનો અદ્ભુતલોક કેવો ખૂલી જાય છે!

સમયની વેરાતી પાંદડી સાથે ઘણું બધું ખરતું ગયુ છે, પરંતુ અક્ષુણ્ણ રહ્યો છે એક વૃષ્ટિરાગ, બલકે ઉત્તરોત્તર વધુ પ્રબળ બન્યો છે. અજસ્ર ધારાએ પૃથ્વી પર ઊતરી આવેલા આકાશના સ્વાગતમાં વૃક્ષો જ્યારે પર્ણરવનું સંગીત છેડતાં હોય ત્યારે પક્ષીઓ લપાયાં હોય નીડમાં અને માનવો નિજ ગૃહે. સૂની સડકો ઉપર એકચક્રી શાસન સ્થપાયું હોય વરસતા વરસાદ ને વહેતાં વારિનું. અને ત્યારે હું યે બની જાઉં છું જળમાં જળમય. જળધારાના સ્પર્શે સ્પર્શે મારી રોજિંદી ઘટમાળની શુષ્કતાનાં જરઠ કોચલાં તડોતડ તૂટતાં તણાઈ જાય છે વહેતાં વારિમાં ક્યાંનાં ક્યાંય. ચિત્ત કોઈ અજબ સભરતાથી પ્રસન્ન પ્રસન્ન થઈ ઊઠે છે. કૉલેજકાળ દરમિયાન કોઈ ઊતરતી સાંજે વરસાદ તૂટી પડતો ત્યારે સૂમસામ સડકો ઉપર વરસતા વરસાદને ઝીલવાના લોભે સાઈકલને શક્ય એટલી ધીમી ચલાવી કૉલેજ અને ઘર વચ્ચેના રસ્તાને લંબાવવા મથ્યાનું યાદ છે. એક વખત આવી જ મેઘાવૃત્ત સંધ્યાએ એન.એસ.એસ.ના ઉપક્રમે સહાધ્યાયિનીઓ સાથે સરકારી હૉસ્પિટલમાં બ્લડ ગ્રૂપિંગ કરાવવા જવાનું થએલું. ઘરે સંદેશો મોકલેલો એટલે પાછાં ફરતાં નિશ્ચિંત મને વરસતા વરસાદમાં પલળતી પલળતી આરામથી ઘરે પહોંચી. પરંતુ એન.એસ.એસ.ના ઉપક્રમથી અનભિજ્ઞ અને 'હૉસ્પિટલ' નામમાત્રથી ચિંતાતુર થઈ ગયેલાં મોટીબાની વ્યાકુળતા તો ત્યારે પરાકાષ્ઠાએ પહોંચી ચૂકી હતી. ને તે દિવસે યાદ છે, ઘડી પહેલાં જેવો વરસાદ વરસ્યો હતો એવાં જ વરસ્યાં હતાં પછી મોટીબા! અને તો યે એ ક્રુદ્ધ વાક્બાણો ઝીલતાં ઝીલતાં યે મન તો રહ્યું હતું વૃષ્ટિસ્નાનથી તરબતર, પ્રસન્ન પ્રસન્ન! જાણે ઊછળતાં મોજાંઓના પ્રહારથી અલિપ્ત રહી ઝળક્યાં કરતી છીપમાંના મોતીની આભા!

મોસમના પહેલા વરસાદને તો આમ અનેક વખત ઝીલ્યો છે, પરંતુ વરસાદમાં ભરપુર પલળ્યાનું સ્મરણ તો છે રાજકોટના યુનિવર્સિટી કૅમ્પસનું. શહેરથી ખાસ્સી દૂર અને એ દિવસોમાં તો નદ્દન એકાકી ઊભેલી યુનિવર્સિટીનાં વિવિધ ભવનોમાં સંશોધન-કાર્ય કરી રહેલા મિત્રો વચ્ચે. જાણે કે એક વણલખ્યો વાયદો હતો - અષાઢી આકાશમાં વાદળો ઊમટે ને દક્ષિણનો પવન વહેવા માંડે એટલે સૌએ હાથ પરનાં

(અનુસંધાન પૃષ્ઠ ૨૯૦ પર)

નાકના રોગો

માધવ ચૌધરી

આપણી પાંચ જ્ઞાનેન્દ્રિયો પૈકી નાક વડે સુગંધ કે દુર્ગંધની પરખ થાય છે.

હિમ કે ઝાકળનું સેવન, વાયુનું વધુ પડતું સેવન, ધૂળવાળા પ્રદેશનો રહેણાક, વધુ પ્રમાણમાં બોલવું, નિદ્રાનું વધુ પ્રમાણ કે વધુ પ્રમાણમાં જાગવું, વધુ નીચા કે અતિ ઊંચા ઓસીકે સૂવું, બીજાએ પીધેલું પાણી પીવું, નાકથી પાણી પીવું કે વધુ પ્રમાણમાં સ્ત્રીસંગ કરવો અને ઊલટી આંસુ વગેરેના આવતા વેગોને રોકવાથી વાયુપ્રધાન દોષો નાકમાં જામી જઈને નાકના રોગો ઉત્પન્ન થાય છે.

પીનસ, પૂતિનાસ, નાસાપાક, પૂયશોણિત, ક્ષવથુ (ખૂબ છીંકો આવવી), ભ્રંશથુ (નાકમાં ગાઢો કફ થવો), દીમ (નાકમાં દાહ થવો અને ધુમાડો થવા જેવું લાગવું, પ્રતિનાહ, પરિસ્રાવ, નાસાશોથ, પાંચ પ્રતિશ્યાયો, સાત અર્બુદો, ચાર નાસાર્શ, ચાર સોજા અને ચાર રક્તપિત્તો એમ બધા મળીને એકંદર નાકના ચોત્રીસ રોગો થાય છે, જે બધાને નાસારોગ કહે છે.

નાક અંદરથી ભરાઈ જાય, ભીનું રહે કે સૂકું રહે અને ગંધની ખબર પડે નહીં તેને પીનસરોગ કહે છે. પીનસરોગ વાયુ અને વિકારથી થાય છે. તેના લક્ષણો સળેખમ જેવાં હોય છે.

જેમ શરીરની બહાર મસા થાય છે, તેમ નાકની અંદર પણ મસા થાય છે. તેને નાસાર્શ કહે છે.

નસકોરી ફૂટી નાકમાંથી લોહી નીકળે તેને નાકનો રક્તસ્રાવ કહે છે. નાસારોગ કે નાકના રોગમાં પ્રથમ મસ્તકનું માલિસ, સ્વેદન, નસ્ય, થોડો ગરમ ખોરાક ખાવો, વમન અને ઔષધપક્વ ઘી પીવું. એ પછી પીનસરોગાદિ ઉપચારો કરવા હિતાવહ છે એ ધ્યાનમાં રાખવું. નાકના રોગ દરમિયાન ખોરાક સહેજ ગરમ ખાવો. નાકના વિવિધ રોગોના હાથવગા ઉપચારો અત્રે આપ્યા છે.

પીનસરોગ

(૧) મરીનું ચૂર્ણ અને જૂનો ગોળ દહીં સાથે રોજ ખાવાથી લાંબા સમયની શરદી અને પીનસરોગ મટે છે. (૨) ચિત્રમૂળ અને હરડેનું ચૂર્ણ સમાન ભાગે લેવાથી અથવા તેનો ઉકાળો કરી પીવો. (૩) ઘી, જૂનો ગોળ અને વાવડિંગ સમભાગે લઈ તેનો ઉકાળો કરી પીવો. (૪) વાવડિંગને ખાંડી, તેમાં તેના સમાન ભાગે ઘઉંનો લોટ મેળવી, તેની રોટલી બનાવી વાળુમાં ખાવી અને રાત્રે સૂતી વેળા શીતળ ઠંડું પાણી પીવું. () ફુદીનાના રસનાં બે-ત્રણ ટીપાં નાકમાં પાડવાં. (૬) ભોરિંગણીના રસનાં બે કે ત્રણ ટીપાં નાકમાં પાડવાં. (૭) ભોરિંગણીના પંચાંગ (પાન, ફૂલ, ફળ, છાલ ને મૂળ)નો કલ્ક કરી, ચાર ગણા તલના તેલમાં ઉકાળી, તેલ સિદ્ધ કરી, બે-ત્રણ ટીપાં નાકમાં પાડવાં. (૮) ભાંગરો, લવિંગ, જેઠીમધ, કઠ અને સૂંઠને સમાન ભાગે લઈ, તેનો કલ્ક કરી, ગાયના ઘીમાં મેળવી, ઘી જેટલું પાણી મેળવી, પાણી બાળી ઘી સિદ્ધ કરી, એ ઘીનાં ટીપાં નાકમાં પાડવાથી હાડકાં સુધી પહોંચેલો પીનસરોગ મટે છે.

નાસિકાપાક (નાક પાકવું-સડવું)

(૧) શાલવૃક્ષ, અર્જુન વૃક્ષ, ઊંબરો અને અરડૂસો - એ ચારે વૃક્ષોની છાલનો ઉકાળો (ક્વાથ) બનાવી, ઠંડો કરી, એ ઉકાળાથી નાક ધોવાથી નાસિકાપાક પાક મટે છે.(૨) શાલવૃક્ષ, અર્જુનવૃક્ષ, ઊંબરો અને અરડૂસો, એ ચારે વૃક્ષોની છાલના કલ્ક તથા ક્વાથ વડે પકાવેલું ઘી નાકમાં પૂરવું.

ક્ષવથુ અને ભ્રંશથુ

(૧) સૂંઠ, કઠ, પીપર, બીલાનો ગર્ભ અને દ્રાક્ષ એ પાંચેના કલ્ક અને ક્વાથથી સિદ્ધ કરેલા તેલનું નસ્ય લેવાથી ક્ષવથુ (ખૂબ છીંકો આવવી) મટે છે. (૨) ઘી, ગૂગળ અને મીણ એકત્ર કરી, અગ્નિમાં નાખી તેનો ધુમાડો નાકમાં લેવાથી ક્ષવથુ અને ભ્રંશથુ મટે છે.

દીમ રોગ

(૧) લીમડાનાં પાન અને રસવંતી સમાન ભાગે લઈ, ખૂબ લસોટી, તેનું નસ્ય લેવાથી દીમરોગ મટે છે.

નાસાર્શ

(૧) અઘેડાનાં બી, સિંધવ અને ચૂલા ઉપરનો ધુમાડો, એ ત્રણેને તેલમાં ઉકાળી, તેલ સિદ્ધ કરી, ગાળી, એ તેલનાં ટીપાં નાકમાં પાડવાથી નાસાર્શ મટે છે.

(૨) લાલ કરેણનાં ફૂલ અથવા જૂઈનાં ફૂલ તથા મોગરાનાં ફૂલ સમભાગે લઈ, તલના તેલમાં ઉકાળી પકાવી, એ તેલ નાકના મસા પર ચોપડવાથી પણ નાસાર્શ મટે છે.

પ્રતિશ્યાય

(૧) કૂણા મૂળા અને કળથીનો ક્વાથ કરી પીવાથી પ્રતિશ્યાય મટે છે. (૨) પીપર, સરગવાનાં બી, વાવડિંગ અને કાળા મરીનું ચૂર્ણ કરી, તેનું નસ્ય લેવાથી પણ પ્રતિશ્યાય મટે છે.

નાસાશોથ (નાકનો સોજો)

ચણાના ક્ષારને દશ ગણા પાણીમાં મેળવી, તેનાં ટીપાં નાકમાં પાડવાથી અથવા રૂ ભીંજવી તેનું પોતું નાકમાં રાખવાથી નાકનો સોજો મટે છે.

નાક બંધ થઈ જવું

મરી કે અજમો વાટી, તેલમાં નાખી તેલ ગરમ કરી, એ ગરમ કરેલું તેલ સૂંઘવાથી કે એ તેલ નાકે ચોળવાથી બંદ થઈ ગએલું નાક ખૂલી જાય છે.

નાકનો રક્તસ્રાવ

(૧) ઘઉંના લોટમાં સાકર અને દૂધ મેળવીને પીવાથી નસકોરી ફૂટીને નાકમાંથી પડતું લોહી બંધ થાય છે. (૨) સો-દોઢસો ગ્રામ ખજૂર

(અનુસંધાન પૃષ્ઠ ૩૦૩ પર)

હરપ્પીય સભ્યતા અને ગુજરાત

વાય. એમ. ચીનલવાલા * જે. કે. વોરા

ગુજરાતમાં હરપ્પીય સભ્યતાની નાનીમોટી ૨૦૦ જેટલી વસાહતો મળી આવી છે. આમાંનાં લોથલ, રંગપુર, રોઝડી અને કુંતાસી જેવાં કેટલાંક મહત્ત્વનાં સ્થળોએ વૈજ્ઞાનિક ઢબે થયેલાં ઉત્પનનોનાં પરિણામો પણ પ્રકટ કરવામાં આવ્યાં છે. આ સર્વ પુરાતત્ત્વીય પ્રગતિના અંતે જે કંઈ જાણકારી મળી છે તેનાથી હરપ્પીય સભ્યતા વિશેના પ્રાથમિક વિચારોમાં મોટી તબદીલી આવી છે અને કેટલીક રૂઢ માન્યતાઓને તિલાંજલી આપવી પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

આ સદીની શરૂઆતમાં જ્યારે પ્રાશ્ચાત્ય માન્યતા પ્રમાણે ભારતીય ઈતિહાસની ક્ષિતિજ ઇ. સ. પૂર્વે ચોથી-પાંચમી સદી સુધી જ લંબાતી ત્યારે ભારતની પ્રાચીન ઉપલબ્ધિઓ વિશે વ્યવસ્થિત જાણકારી મેળવવાનો પ્રારંભ થયો હતો. પશ્ચિમ એશિયામાં સુમેરની સભ્યતા અને નાઈલ ખીણની સભ્યતાઓ વિશ્વ ઈતિહાસના પ્રારંભના અધ્યાય જેવી હતી, જેમાં ભારતનો ઉલ્લેખમાત્ર પણ કરાતો નહીં. પણ ઇ. ૧૯૨૦માં મોંહે-જો ડેરોના ઉત્ખનન પછી સમગ્ર ચિત્ર બદલાઈ ગયું. સિંધુઘાટીની સભ્યતાનો આરંભ જોહ્ન માર્શલે ઇ. સ. પૂર્વે ૩૦૦૦ હોવાનું મંતવ્ય દર્શાવ્યું અને એ રીતે ભારતીય સભ્યતા મિસર અને સુમેરની સભ્યતાઓની કક્ષાની અગ્રિમ પંક્તિની સભ્યતા હોવાની વિશ્વકક્ષાએ સ્વીકૃતિ થઈ. પણ આટલું થયા પછી પણ એક હકીકત જરા વિચિત્ર લાગતી અને એ હતી સિંધુ સભ્યતાની પરિપક્વતા. સિંધુ સભ્યતાનાં નગરોની રચના એટલી વ્યવસ્થિત હતી કે પ્રાચીન યુગના કોઈ પણ શહેરની સરખામણી મોંહે-જોડેરો કે હરપ્પા જોડે થઈ નહિ શકે. એટલે એવું માની લેવામાં આવ્યું કે સિંધ અને પંજાબમાં સભ્યતાના જટિલ વિચારો સ્વયંસંપૂર્ણ રીતે પશ્ચિમ એશિયામાંથી આવ્યા હશે અને સિંધુ સભ્યતાના નિરૂપણમાં પશ્ચિમ એશિયાનો મૂળભૂત ફાળો રહ્યો હશે. આ માન્યતા સિંધુ સભ્યતાના મૂળભૂત ઢાંચા જોડે કોઈ સામ્ય ધરાવતી ન હતી. સિંધુ સભ્યતાનું મિસર કે સુમેરની સભ્યતાથી તદ્દન ભિન્ન એવું એક આગવું વ્યક્તિત્વ હતું. મોંહે-જોડેરો અને હરપ્પા તેનાં બે પ્રમુખ નગર મનાતાં. આ ઉપરાંત પણ બીજા અનેક શહેરી વસાહતો ભારત-પાક ઉપખંડમાંથી મળી આવી છે. વ્યાપની દૃષ્ટિએ પણ અફઘાન સરહદના શોરતુગાઈથી લઈ દક્ષિણે મહારાષ્ટ્રના દાઈમાબાદ સુધીના એક વિશાળ ભૌગોલિક પટ ઉપર કુલ આઠ લાખ કિલોમીટરમાં આ સભ્યતા પથરાએલી છે. અન્ય કોઈ પણ સભ્યતાની સરખામણીમાં તેનો વિસ્તાર ઘણો વિશાળ છે.

ગુજરાતમાં સાઠીના દાયકામાં લોથલ, રંગપુર અને રોઝડીમાં હાથ ધરાયાં હતાં અને પરિણામે સિંધુઘાટીની સભ્યતાના પ્રમુખ નગરના સ્તરની વસાહતોના અસ્તિત્વની સૌરાષ્ટ્રમાં ભાળ મળી હતી. સાંસ્કૃતિક દૃષ્ટિએ લોથલમાં લોથલ-'અ' અને 'બ' એમ બે તબક્કા ઓળખી કઢાયા અને સમયાંકનની દૃષ્ટિએ ઇ.સ. પૂર્વે ૨૪૦૦-૧૮૦૦ સુધીના વસાહતના અસ્તિત્વની ગણતરી કરાઈ, પણ સમયાંકનનું કંઈક અંશે કહી શકાય તેવું સંદર્ભસૂત્ર રંગપુરની વસાહતે પૂરું પાડ્યું. રંગપુરના પ્રથમ તબક્કામાં અંતાશ્મયુગનાં ઓજારો મળી આવ્યાં અને તે પછી ઉપલા થરોમાંથી હરપ્પીય સભ્યતાને લગતા અવશેષો મળી આવતાં નીચે પ્રમાણે સમયાંકન ઘડી કાઢવામાં આવ્યું.

અંતાશ્મયુગીન - Mesolithic

પરિપક્વ હરપ્પીય - Mature Harappan


અનુહરપ્પીય - Late Harappan

પશ્ચાદ્ હરપ્પીય - Post Harappan

રંગપુરનું હરપ્પીય સમયપત્રક ઇ.પૂ. ૨૨૦૦થી ૧૨૦૦ વચ્ચેનું છે.

રોઝડીમાં પણ રોઝડી- 'અ' અને 'બ' હરપ્પીય સ્તરો હતા જે કંઈક અંશે લોથલના સમયાંકન જોડે સામ્ય ધરાવતા હોવાનું જણાયું હતું.

રોઝડી ખાતે મળેલા હરપ્પીય સભ્યતાના અવશેષો



સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છમાં દેશલપુર ગુંતળલે અને રાપર તાલુકાના સુરકોટડાનું પણ ઉત્ખનન હાથ ધરાયું, જેમાં સુરકોટડાની કિલ્લેબંધી વસાહતમાંથી પરિપક્વ અને અનુહરપ્પીય વસાહતોના અવશેષો મળી આવ્યા હતા. સુરકોટડા એક લશ્કરી થાણું હોવાનો અભિપ્રાય કેન્દ્રીય પુરાતત્ત્વ સર્વેક્ષણના પુરાતત્ત્વવિદ શ્રી જગતપતિ જોષીએ આપેલો ; સાથે સુરકોટડામાંથી કેટલીક પ્રાગ્હરપ્પીયાં (Pre-Harappan) વસ્તુઓ પણ નોંધાતાં કદાચ સુરકોટડા ઇ.સ. પૂર્વે ૨૨૦૦થી પણ વધુ પ્રાચીન હોવાનાં અનુમાનો કરાયાં છે. નખત્રાણા તાલુકાના દેશલપુર ગુંતળી મુકામે શ્રી સુંદરાજને પરિપક્વ હરપ્પાકાલીન ઘરોમાં નાના પાયે ઉત્ખનન કરેલું પણ કોઈ વિસ્તૃત જાણકારી મળી શકી ન હતી. ગુજરાતમાં તાપીની ખીણમાં સુરત પાસે માલવણ અને ભરૂચ પાસે ભગત્રાવમાં અનુહરપ્પાકાલીન કાંઠાની વસાહતો પર અજમાયેશી ધોરણે ખોદકામ કરવામાં આવ્યું હતું. તદ્‌ઉપરાંત પૂનાની ડેક્કન કોલેજ જે સૌરાષ્ટ્રમાં સોમનાથ પાસે નગરાના ટિંબા ઉપર ૧૯૭૩-૭૬ વચ્ચે વિસ્તૃત પાયે ઉત્ખનન કરેલું, જેના પરિણામે એક નવી જ તામ્રયુગીન સભ્યતા પ્રકાશમાં આવી. આને પ્રભાસ સભ્યતાના નામે ઓળખવામાં આવે છે (ઇ.સ. પૂ. ૨૦૦૦). પ્રભાસની સભ્યતા સમયાંકનની દૃષ્ટિએ હરપ્પા સભ્યતાની સમકાલીન હતી અને અમુક અંશે તેના જોડે સામ્ય પણ ધરાવે છે, છતાં તેનાં વિવિધ ઘેરા રંગનાં વાસણો કંઈક અલગ જ તરી આવે છે, અને એવું જણાય છે કે એ સૌરાષ્ટ્રના મૂળ વંશના લોકોની આગવી સભ્યતા હતી, જેના વિકાસમાં હરપ્પીય સંસર્ગને પરિણામે હરપ્પીય પ્રભાવ ઊડીને આંખે વળગે તેવું તત્ત્વ છે. પ્રભાસનું સમયાંકન રેડિયો કાર્બન (કિરણોત્સર્ગ) પદ્ધતિથી કરવાના પ્રયત્નો થયા છે, પણ નીચલા થરોનો સમયગાળો ઇ.સ. પૂ. ૨૮૦૦ સુધીનો આવતા તેને બહુ ભરોસાપાત્ર ગણી શકાય તેમ નથી. સમસ્ત હરપ્પીય સભ્યતાનો ગાળો અત્યાર સુધી ઇ.સ. પૂ. ૨૩૫૦-૧૭૫૦ ગણવાની એક પ્રણાલિ છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન ચાલેલી, પણ તાજેતરમાં થયેલાં ઉત્ખનનોને આધારે હવે આ સમયાંકનમાં ફેરફાર અનિવાર્ય બન્યો છે.

છેલ્લા બે દાયકામાં થયેલાં ઉત્ખનનોના પરિણામે ગુજરાતમાં હરપ્પીય સભ્યતા અંગેનું ચિત્ર વધારે સ્પષ્ટ બન્યું છે અને કંઈક ભારતીય ઉપખંડમાં તાજેતરમાં થયેલાં સંશોધન સાથે પણ તેનો મેળ બેસે છે. રાજસ્થાનમાં ગંગાનગર જિલ્લામાં મળેલ કાલિબંગાની વસાહતમાંથી પરિપક્વકાલીન થરોની નીચેથી પ્રાગ્હરપ્પીય (Pre-Harappan) થરો મળી આવ્યા હતા, સાથે બીજી કેટલીક વસાહતો-માંથી પણ પ્રાગ્હરપ્પીય સભ્યતા વિશે જાણકારી મળી જેમાં પાકિસ્તાનમાં કોટડીજી, ધુમલા, હથાલા, રહેમાન-ઢેરી, સરાઈખોલા અને ભારતમાં બાનાવાળી સોથિ, કાલિબંગા તથા તક્ષશિલા પાસેના ઉત્ખનનને સિંધુ ઘાટીની સભ્યતા પર એક નવો જ પ્રકાશ પાડ્યો. વસાહતના નીચલા સ્તરોમાં નવપાષાણકાલીન અવશેષો અને તેના ઉપર પ્રાગ્હરપ્પીય અને પછી હરપ્પીય સ્તરો એકમેકના ઉપર ક્રમબદ્ધ મળી આવ્યા, જેના પરથી પ્રાથમિક તારણમાં એવું જણાયું કે સિંધુ સભ્યતાનાં મૂળ સુધી ભૂતકાળમાં નવપાષાણકાળ લંબાએલો હશે. એ રીતે ઇ.સ.પૂ. ૫૦૦૦ સુધીના ભારતીય ઉપખંડમાં માનવ ઇતિહાસની કેડીની ભાળ મેળવવામાં સફળતા મળી હતી, પણ હજી ચિત્ર જોઈએ તેટલું સ્પષ્ટ થઈ ગયાનું માનવું ઉતાવળભર્યું હતું. આ સંશોધનો પહેલાં સિંધમાં આમરી, કુલ્લી, નવશેરો વગેરે સ્થળોએ પ્રાગ્હરપ્પીય અવશેષો અને તે પહેલાંના અવશેષો પ્રાપ્ત થયા હતા. બલુચિસ્તાનમાં કિલે-ગુલમોહમ્મદ અને રાણાઘુંડાઈમાંથી મનુષ્યના પ્રાથમિક રહેણાકીય અવસ્થાના અવશેષો મળી આવ્યા હતા, પણ આ બધાં જ સંશોધન એકમેકથી ભિન્ન રીતે મૂલવવામાં આવ્યાં હોઈ સંકલિત પુરાતત્ત્વીય ચિત્ર ઊપસતું ન હતું. છેલ્લે સિંધમાં મોટાપાયે મેહરગઢનું ઉત્ખનન હાથ ધરાતાં આ આખી પરિસ્થિતિનું મૂલ્યાંકન બદલાઈ ગયું છે. આ ઉત્ખનનના આધારે જણાયું છે કે ખોરાક ઉગાડવાની પહેલ લગભગ ઇ.સ.પૂ. ૬૦૦૦-૭૦૦૦ વર્ષો પહેલાં અસ્તિત્વમાં આવી હતી. સાથે ઢોર-ઢાંખરના ઉછેરની પ્રક્રિયા પણ જોવા મળે છે. આ નવપાષાણકાલીન થરો પર ક્રમે પ્રાગ્હરપ્પીય અને હરપ્પીય થરો ખોદી કઢાયા છે. એટલે હરપ્પીય સભ્યતાના આરંભના તબક્કા હવે ચોક્કસપણે શોધી કાઢવામાં આવ્યા છે. આ સંશોધનના અંતે જણાયું છે કે હરપ્પીય સભ્યતા મૂળ ભારતીય સભ્યતા હતી, જે ભારતમાં જ ઉદ્‌ભવી હતી અને કોઈ બાહ્ય પ્રેરક બળથી પ્રર્જનિત થઈ ન હતી.

ગુજરાતમાં છેલ્લા દોઢ દસક દરમિયાન કેટલાંક ઉત્ખનનો હાથ ધરાયાં છે, જેના પરિણામે નવી ક્ષિતિજો ઊઘડી છે અને પુરાતત્ત્વની માહિતીનું સંકલન અગાઉ કરતાં વધારે ફલદાયી રીતે થયું છે. કચ્છમાં રાપર તાલુકામાં પાબુમઠની વસાહત પરિપક્વ કાલીન (શહેરી તબક્કાનું) મહત્ત્વનું સ્થળ હોવાનું જણાયું છે. શહેરીકરણની સીધી અસર નીચે કેટલીક ગ્રામીણ વસાહતો પણ આ સમયમાં અસ્તિત્વમાં હતી અને અમુક ચોકક્સ આર્થિક પ્રક્રિયામાં એ કડીરૂપ હતી. કચ્છમાં જ ધોળાવીરાની શહેરી વસાહત પર પણ તાજેતરમાં મોટા પાયે ઉત્ખનન હાથ ધરાયું છે અને એવું લાગે છે કે મોહેં-જોડેરો પછી આ વસાહત કદાચ વધારે વિસ્તૃત અને ઘનિષ્ટ રહેણાકીય વ્યવસ્થાવાળી સાબિત થાય. ધોળાવીરા જેવાં નગરો પરથી હરપ્પીય સભ્યતાનાં ફક્ત બે જ શહેરો હતાં તે માન્યતા હવે અસ્થાને છે. ઉત્તરમાં સિંધથી આરંભાઈને કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આશરે ૨૫૦ કિ.મી.ના અંતરે પરિપક્વકાલીન હરપ્પીય સભ્યતાનાં શહેરો મળ્યાં છે, જેમાં મોહેં-જો ડેરો ઉપરાંત ધારો ભીરો (સિંધ), ગુનવારીવાલા (પશ્ચિમ પંજાબ), ધોળાવીરા (કચ્છ), કુંતાસી (સૌરાષ્ટ્ર) અને લોથલ (ગુજરાત)નો સમાવેશ થાય છે. પરિપક્વકાલીન હરપ્પીય વસાહતો મહદ્ અંશે સૌરાષ્ટ્ર-કચ્છના કંઠાર વિસ્તારમાં જોવા મળે છે અને આ વસાહતો આસપાસની મજબૂત કિલ્લેબંધી તે એક મહત્ત્વની વિશિષ્ટતા છે. એવું જણાય છે કે શરૂઆતમાં હરપ્પીય લોકોએ વેપાર-વાણિજ્ય અર્થે કેટલાંક સ્થળોએ વસાહતો સ્થાપી હતી અને એ રીતે રાજકીય રીતે તેમનો અંકુશ વસાહતોની પરિધ આસપાસ સીમિત હતો; એટલે આ સમયગાળા દરમિયાન (ઇ.સ. પૂર્વે ૨૪૦૦૦-૧૯૦૦) હરપ્પીય સામ્રાજ્યના અસ્તિત્વ વિશેની માન્યતા મળતા

પુરાતત્ત્વીય પુરાવા સાથે સુસંગત નથી. વળી, હરપ્પીય સમયગાળો જે કિરણોત્સર્ગ પદ્ધતિના આધારે ઇ.સ. પૂ. ૨૩૫૦-૧૭૫૦ માનવામાં આવતો તે પણ નવાં પ્રમાણોને કારણને તબદીલી માગે છે. પરિપકવકાલીન તબક્કાનો (શહેરી વ્યવસ્થા) પ્રારંભ ઇ.સ. પૂર્વે ૨૫૦૦ ગણવા પુરાતત્ત્વવિદો સંમત થયા છે અને કદાચ એથી પણ પહેલાંનું સમયાંકન શક્ય બને. પ્રાગ્હરપ્પીય તબક્કાને કેટલાક વિદ્વાનો સબળ પ્રમાણોના આધારે હરપ્પીય સભ્યતાનો પ્રારંભ ગણતા થયા છે અને તેનું સમયાંકન ઇ.સ. પૂર્વે ૨૮૦૦ જેટલું થવા જાય છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં તો પરિપક્વ તબક્કાના પણ બે સ્તરો જોવા મળે છે, જેમાં પ્રથમ સ્તરમાં લોથલ, ધોરાવીરા, પાબુમઠ, શિકારપુર, નગવાડા, નાગેશ્વર વગેરેનો સમાવેશ થાય છે. આનું સમયાંકન ઇ.સ. પૂર્વે ૨૪૦૦થી ૨૩૦૦ વચ્ચે હોવાનું જણાયું છે. જ્યારે બીજા સ્તરમાં રંગપુર, રોઝડી-અ અને કુંતાસી-અ ગણી શકાય, જેનું સમયાંકન ઇ.સ. પૂર્વે ૨૦૦૦-૧૭૦૦નું ગણાય. આ બીજા સ્તરની વસાહતો પરિપક્વકાલીન હોવા છતાં પરિપક્વ તબક્કાનાં અમુક લક્ષણોની ગેરહાજરી આની વિશિષ્ટતા છે. તે પછી ૧૭૦૦-૧૫૦૦ વચ્ચે અનુહરપ્પાકાલીન વસાહતો અને ૧૫૦૦-૧૨૦૦ વચ્ચે હરપ્પા પછીની (Post-Harappan) વસાહતોનો સમાવેશ કરી શકાય. છેલ્લા પ્રકારની વસાહતોનાં લક્ષણોમાં કદાચ દક્ષિણ ભારતીય, ખાસ કરીને મહારાષ્ટ્રની, નવપાષાણકાલીન સભ્યતાઓ (જેમાં જોર્વે અને માલવા સભ્યતા ગણાવી શકાય) આંશિક સંપર્કની અસર વર્તાય છે, અને ગોદાવરી-તટની વસાહત દટાયા બાદ આ અંગે મહત્ત્વની છે.

સુરેન્દ્રનગર જિલ્લાના નગવાડાના ઉત્ખનનનું એક મહત્ત્વનું પાસું એ છે કે એના નીચલા થરોમાંથી પ્રાગ્હરપ્પીય (અમરી પ્રકારનાં) વાસણો મળી આવ્યાં છે. એવું જણાય છે કે સિંધની પ્રાગ્હરપ્પીય સભ્યતાનો કચ્છ-સૌરાષ્ટ્ર સાથેનો સંપર્ક હરપ્પીય લોકોના આગમન પહેલાં સ્થાપાઈ ગયો હતો, સાથે પરિપક્વ કાલ દરમિયાન નગવાડા અને નાગેશ્વર જેવાં નાનાં સ્થળો પણ આર્થિક દૃષ્ટિએ મહત્ત્વની ભૂમિકા ભજવતાં. નગવાડા કદાચ અકીકના પથ્થર બનાવવાનું કેન્દ્ર હતું, જ્યારે નાગેશ્વરમાં શંખની વિવિધ વસ્તુઓ (ખાસ કરીને ઘરેણાં) બનાવાતી. આપણે આગળ જોયું તેમ સિંધુ સભ્યતાના પ્રારંભ કાળમાં હરપ્પીય લોકોએ વેપાર-અર્થે આવાં અમુક ચોક્કસ સ્થળોએ વસવાટ કર્યો હતો. આ પ્રણાલિ છેક ઇ.સ. પૂર્વે ૧૮૦૦ સુધી ચાલી હોવાના પ્રમાણો રાજકોટ જિલ્લાના માળિયા તાલુકાની કુંતાસીની વસાહતમાંથી સાંપડ્યાં છે. એવું જણાય છે કે કુંતાસીની વસાહતના પ્રાથમિક તબક્કામાં અહીંથી કચ્છના અખાતનાં પાણી છેક વસાહત સુધી આવતાં અને તેને અનુરૂપ હરપ્પીય લોકોએ ગોદી, તૂતક અને નાનાં કારખાનાઓનું આયોજન કરેલું. કુંતાસીમાંથી વિવિધ પ્રકારના મણકાઓનું ઉત્પાદન કરી મધ્યપૂર્વના બેહરિન અને ઓમન જેવા દેશોમાં નિકાસ કરવામાં આવતી. આ વેપાર દ્વિસ્તરીય હતો. પ્રથમ તો કાચા માલને એકત્રિત કરવાનું કાર્ય થતું, જેમાં આજુબાજુના પ્રદેશની તે સમયની આદિમ જાતિ (Mesolithic People)ની મદદ મેળવાતી અને સાથે લાંબા અંતરેથી પણ કાચો માલ મેળવાતો, જેમાં લાપીસ લેઝુલી નામના વિશિષ્ટ પ્રકારના પથ્થરોનો સમાવેશ થાય છે. તે અફઘાનિસ્તાનથી આયાત કરાતો, એટલે કુંતાસીની પ્રારંભિક વસાહતમાં એક બંદર ઉપરાંત ઔદ્યોગિક સંકુલનો પણ સમાવેશ થતો. કુંતાસીનો વેપાર આશરે ઇ.સ. પૂર્વે ૧૮૦૦ સુધી ચાલુ રહ્યો અને તે પછી તેની પડતી થઈ હોવાનું જણાય છે. કદાચ બંદર પાસેની ખાડીમાં થયેલ રેતીની ભરતીથી આમ બન્યું હશે અને સાથે એ સમય દરમિયાન પશ્ચિમ એશિયામાં રાજકીય અવ્યવસ્થાને કારણે કદાચ હરપ્પીય માલની ખપતમાં પણ ઓટ આવી હશે. કચ્છમાં શિકારપુરની વસાહત પણ બંદરીય વસાહત હોવાનું મનાય છે. પણ ઉત્ખનન નાને પાયે થયાં હોઈ આ અંગે કંઈ પણ ચોક્કસ કહેવું શક્ય નથી.

અંતમાં જે પ્રકારે અને જે દૃષ્ટિએ ગુજરાતમાં હરપ્પીય સભ્યતાના સંદર્ભમાં સંશોધન હાથ ધરાયાં છે તેનો વ્યાપ સર્વગ્રાહી છે. હવે ફક્ત ઉત્ખનન કરવા માટે ઉત્ખનન કરાતાં નથી, પણ લોકોની રહેણીકરણી, આર્થિક પ્રવૃત્તિ, પરિવેશીય માહિતી સાથે પ્રાણીઓ અને વનસ્પતિની માહિતી પણ એકઠી કરાય છે. કોઈ ચોક્કસ સમસ્યાના સંદર્ભમાં પણ ઉત્ખનનો થાય છે. વધુમાં આ સંશોધન-વિશ્વના વિશાળ પરિપેક્ષ્યને નજરમાં રાખીને પણ થાય, જેમાં કૂવામાંના દેડકા માટે કોઈ અવકાશ રહેતો નથી. □

અનુસંધાન] નાકના રોગો [પૃષ્ઠ ૩૦૦ પરથી

પાણીમાં ઘોળીને પીવાથી નાકમાંથી પડતું લોહી બંધ થઈ જાય છે. (૩) ખાટામીઠા દાડમના સો ગ્રામ રસમાં વીસ ગ્રામ સાકર મેળવી રોજ બપોરે પીવાથી ગરમીના દિવસોમાં નસકોરી ફૂટતી હોય તો તે બંધ થાય છે. (૪) દાડમનાં ફૂલ અને ધરોનાં મૂળનો રસ કાઢી, એના ટીપાં નાકમાં પાડવાથી અને એ રસ તાળવા પર ચોપડવાથી ગરમીને લીધે નાકમાંથી પડતું લોહી તરત જ બંધ થાય છે. (૫) શેરડી અને દ્રાક્ષના રસનાં ટીપાં નાકમાં પાડવાથી પણ નાકમાંથી પડતું લોહી બંધ થાય છે. (૬) ગાયના ઘીનાં ટીપાં નાકમાં પાડવાથી અને (૭) ડુંગળી કાપીને સૂંઘવાથી પણ નાકમાંથી પડતું લોહી બંધ થાય છે.

નાસારોગમાં મસ્તકલેપ

(૧) અડદનો લોટ, કપૂર અને રાતા રેશમી વસ્ત્રની રાખ પાણીમાં મેળવી મસ્તક પર લેપ કરવાથી નાકના રોગમાં ફાયદો થાય છે.

સ્વેદન, મસ્તક-માલિસ, જૂના ચોખા, શાલિ ચોખા, હરકોઈ સ્નેહ, કળથી અને મગનો યૂષ, રીંગણ, પરવળ, સરગવો, કંકોડાં, કૂણા મૂળા, લસણ, દહીં, ગરમ કરેલું પાણી, મદ્ય, સૂંઠ, મરી, પીપર, તીખા, ખાટા અને ખારા રસો, સ્નિગ્ધ, ઉષ્ણ અને પચવામાં હલકો ખોરાક વગેરે નાકના રોગમાં પથ્ય છે.

સ્નાન, ક્રોધ કરવો, મળ-મૂત્રનો વેગ રોકવો, શોક કરવો, પ્રવાહી પદાર્થોનું સેવન અને ભૂમિ ઉપર સુવું વગેરે નાકના રોગમાં અપથ્ય છે. □

ત્રણ મહાનગર

ભોળાભાઈ પટેલ

કવિતાપ્રેમીઓને તો એક શિકાગો તે POETRY CHICAGO. એ કવિતા-સામયિકનું નામ તો માત્ર POETRY છે, પણ ૧૯૧૨થી જ્યારે હેરિએટ મનરોએ એને શરૂ કર્યું તે દિવસથી એ 'પોએટ્રી શિકાગો' તરીકે જ ઓળખાય છે. શિકાગોમાં તે શરૂ થયેલું અને આજે પણ ત્યાંથી પ્રકટ થાય છે. કાર્લ સેન્ડબર્ગે શિકાગો વિષે ભલે જે કહ્યું હોય, છતાં શિકાગોની કલાપ્રવૃત્તિઓએ એ ક્ષેત્રમાં એને યશ અપાવ્યો છે. આ 'પોએટ્રી શિકાગો'માં એઝરા પાઉન્ડના પ્રાસ્તાવિક પરિચય સાથે ૧૯૧૨માં જ રવીન્દ્રનાથનાં અંગ્રેજી ગીતાંજલિનાં આઠ કાવ્યો એકીસાથે પ્રકટ થયેલાં. નોબેલ પારિતોષિકની દિશામાં પણ 'ગીતાંજલિ'ને લઈ જવામાં 'પોએટ્રી શિકાગો'નો પરોક્ષ યોગ જોઈ શકાય. સાહિત્યના નોબેલ પારિતોષિક વિજેતા સોલ બેલોનું આ નગર છે, જે એની નવલકથાઓમાં પણ ગૂંથાઈ ગયું છે.

શિકાગોમાં વિક્રમ મને બે મ્યૂઝીઅમ જોવા લઈ ગયો. 'ધ મ્યૂઝીયમ ઑફ સાયન્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રી.' ૪૫ લાખ લોકો દરવર્ષે એની મુલાકાત લે છે. ટેક્નોલૉજીના ક્ષેત્રમાં જગતની પ્રગતિ અને વૈજ્ઞાનિક સિદ્ધાંતો તથા ઉદ્યોગોમાં એનો ઉપયોગ સમજવા આ મ્યૂઝીઅમ ઘણું પ્રશિક્ષણ આપી શકે. મગજ ચક્કર ખાઈ જાય વિસ્મયથી, પ્રદર્શિત આશ્ચર્યકારક ચીજોથી. ઘણે સ્થળે તમારે જાતે ફરી જોવાનું. વિક્રમનું દિમાગ આ બધામાં તેજ, પણ હું તો એકદમ અનાડી.

'ધ આર્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ શિકાગોનું' મ્યૂઝીઅમ એમાં પ્રદર્શિત કલોદ માને, વાન ગોહ, રેનોર આદિની તથા ગ્રીક, એશિયન કલાકૃતિઓથી પ્રભાવિત કરી રહે. પણ એક જબર્દસ્ત આકર્ષણ જે કલાકૃતિએ કલાપ્રેમીઓમાં જગાવેલું છે, તે ખાસ અલગ ઓરડામાં પ્રદર્શિત કરેલ ફ્રાન્સેસ્કો મોચી (Mochi)નું બારીક શૈલીનું એક શિલ્પ-Bust of a Youth.* યુવાનની આ અર્ધપ્રતિમામાં મોચીનું કલાકૌશલ એણે કંડારેલા યુવાનના કેશમાં પ્રકટ થાય છે. લટોનાં ગૂંછળાંનું માર્દવ આંખથી સ્પર્શી શકાય. બહાર નીકળ્યા ત્યારે એક બેંચ પર જપાની કન્યા વાળથી મોં ઢંકાઈ જાય એમ બેઠેલી જોઈ. એ પણ જાણે એક કલાકૃતિ.


શિકાગો નગરની ઊંચી ગગનગામી ઇમારતોની ભીડ વચ્ચેથી વહે છે એક નદી. એનું નામ પણ શિકાગો. સિમેન્ટ કોન્ક્રીટના અરણ્ય વચ્ચે નદી! આ નદીમાં નૌકાયાત્રા કરતા કરતા આ નગરનો અનુભવ કર્યો. મરીના સિટી, સીઅર્સ ટાવર્સ આદિ આ જલપ્રવાહમાંથી જોતાં જાણે પાતાળલોકમાં ફરી રહ્યા છીએ, એમ લાગે. શિકાગો નદીના મુખમાંથી પ્રવેશ કર્યો મિશિગન સરોવરમાં. સાગર જેવું વિશાળ. એમાં પ્રવેશ કર્યા પછી એવું લાગે કે આ નગરથી જરા દૂર ફરીને એને જોઈએ છીએ. આછા ધુમ્મસમાં ગોઠવાયેલી ઊંચી ઇમારતોની સ્કાઈલાઈન અભિભૂત કરે. જાણે ઇમારતોની વસતી છે, લોકો ક્યાંય નથી.

મિશિગન સરોવર ન હોત તો શિકાગોની આગવી ઓળખ ન હોત. આ સાગરનુમા સરોવર પરથી વાતા પવનોને લીધે કદાચ શિકાગોને 'વિન્ડી સિટી' કહે છે. મિશિગન સરોવર અને શિકાગો નદી પથ્થરના આ નગરને પ્રવાહ અર્પે છે.

દુનિયાની સૌથી ઊંચી ઇમારત સીઅર્સ ટાવર્સના ઉપરના મજલેથી ફરી આ નગરને જોયું. ધુમ્મસ ના હોય તો માઈલો સુધી જોઈ શકાય, પણ આછા ધુમ્મસે અમારી દૃષ્ટિને ઝાંખી સીમિત કરી દીધી હતી. એથી જાણે દૃશ્યમાન નગર અને એનો પરિસર મિસ્ટીરિઅસ લાગતાં હતાં. શિકાગોમાં અમે પગે ચાલીને પણ ઘણું ભમ્યા. મોટા મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ ચકિત કરે. શિકાગો નદીના પુલ ઉપર ઊભા રહી સ્પર્ધા કરતી ઇમારતો જોયા કરી. વળી તડકાના દિવસો. ક્યારેક ગ્રંથાલયોમાં જઈએ, ક્યારેક બુકસ્ટૉલોમાં, સલમાન રશદીની 'ધ સેતાનિક વર્સિઝ' હાથમાં લઈ ઊભાં ઊભાં જ ઘણાં પાનાં ફફડાવ્યાં. શિકાગોનો પીસાના ટાવરની અનુકૃતિ જેવો ઢળતો મિનાર જોયો.

વિક્રમના સસરા નટુભાઈ અને એમનો આખો પરિવાર સત્સંગપ્રેમી. ઘેર રોજ સાંજે બધાં મળી ભજન ગાય. નટુભાઈના વૃદ્ધ અંધ પિતાનો સસ્મિત ભાવ સ્મરણમાં રહી ગયો છે. એક સાંજે અમે સૌએ મિશિગન સરોવર તરફ ડ્રાઈવ લીધી. સરોવરનાં પાણીમાં પગ ઝબકોળ્યા. કેટલાં બધાં લોકો આ સાંજસમયે સ્નાન કરતાં હતાં ! દૂર

મિશિગન સરોવરમાંથી શિકાગોની સ્કાઈલાઈન



* જુઓ આ અંકનું મુખપૃષ્ઠ

સફેદ શઢવાળી હોડીઓ જાણે નિમંત્રણ આપતી હતી. પણ કેમ એ શઢવાળી હોડીઓ ઘરની યાદ અપાવી ગઈ, હજારો માઈલ દૂર ઘરની. મન પણ વિચિત્ર છે.

મિશિગન સરોવરને કિનારે ઊભેલી ઇમારતોમાં દીવા ઝબકવા લાગ્યા અને શિકાગોનું રૂપ બદલાવા લાગ્યું. રાત્રિનું શિકાગો. પછી લાંબો ડ્રાઈવ લઈ શિકાગોના પ્રસિધ્ધ ફુવારા ભણી. ફુવારો જોવા કેટલાં લોકો! સામે દૂર રુઝવેલ્ટ યુનિવર્સિટીની ઊંચી ઇમારતો. નજીકમાં ફુવારાની સાક્ષીએ બે પ્રેમીઓ પરસ્પરને ચૂમી રહ્યાં હતાં. રોદાંનું શિલ્પ!

*

શિકાગોથી લૉસ એન્જેલિસ, પેસિફિક મહાસાગરને તટે.

*



લેખક · પ્રશાન્ત મહાસાગરને કિનારે

લૉસ એન્જેલિસ જનાર ડિઝની લેન્ડ જોવા તો જાય, તેમ હું પણ ગયો. ગાઈડ સાથેની ટિકિટ લીધેલી, પણ બહુ મઝા ન આવી. આવે સ્થળે મિત્રમંડળી સાથે હોય તો વધારે માણી શકાય. બાકી તો જુઓ દર્શનાર્થીઓનાં ટોળેટોળાં, એક સ્થળેથી બીજે સ્થળે મજા-ફન-ની શોધમાં જતાં. ગમે તેમ પણ સાંજ પડી ગઈ. સાંજે ઘરે પહોંચ્યો ત્યારે હજી ઘણો સમય હતો. એટલે મેં દરિયાકિનારે જવાનો વિચાર કર્યો. શશીનું ઘર દરિયાની નજીક, ચાલીને જઈ શકાય. પણ દીપિકાએ કહ્યું - હું તમને ગાડીમાં મૂકી જાઉં છું, પછી તમે ચાલતા આવી જજો.

બહુ સુંદર દરિયાકિનારો. બહુ ગમ્યું એકદમ આ પશ્ચિમ સાગરને તીરે. ખાસ તો એથી કે આજે સાતમી ઑગસ્ટ હતી, મારો જન્મદિવસ. પણ એ વાત મારે આ પ્રશાંત મહાસાગરને જ કરવાની હતી. એ જાણે મને કહેતો હતો, 'કમ, લેટ અસ સેલિબ્રેટ...'

એક 'થ્રિલ' હું અનુભવી રહ્યો. કેવો સુયોગ. પ્રશાંત મહાસાગરને કિનારે આજે છું. એક માવડી એનાં બે નાનાં છોકરાંને લઈને આવેલી. એ બેઠી હતી અને છોકરાં ભીની માટીમાં કોટકિલ્લાવાળું ઘર બનાવતાં હતાં. મને એકદમ ઘર યાદ આવ્યું. યાદ આવે એવો તે પ્રસંગ હતો. આ બાજુ ત્રણચાર કિશોરો વૉટરસ્કીઈંગની પ્રેક્ટિસ કરતા હતા. એક તરુણી હમણાં જ સાગરમાં તરીને નીકળી, તે હવે અસ્તાયમાન થતા સૂરજના ક્ષીણ તડકામાં નીતરતી ચાલતી હતી.

એકદમ મને વિચાર આવ્યો : જન્મદિન ઊજવીશ, આ આમંત્રિત કરતા પ્રશાંત સાગરમાં સ્નાન કરી. પણ ટુવાલ આદિ કશું લાવ્યો નહોતો. શી જરૂર છે ? પેલી તરુણીને જોતાં જ વિચાર આવ્યો, એની જેમ.

એક અંતરંગ વસ્ત્ર રહેવા દઈ, જરા દૂર સાગરનાં મોજાં ભીંજવી ન જાય એમ કપડાં મૂકી સમુદ્રનાં ઊછળીને આવતાં મોજાં ઝીલવા લાગ્યો. બહુ દૂર સુધી જવાની તો હિંમત શાની ચાલે? સૂર્ય સાગરનાં જળ ઉપર ઝળૂંબ્યો હતો. હળવું હળવું ગરજતો પશ્ચિમ સાગર, સાગરમાં ડૂબવા કરતા ઈષત્ લાલ સૂર્ય અને ભાવવિભોર હું.

પેલી તરુણી પાણીને અડતી કિનારે કિનારે દૂર સુધી જતી અને પાછી આવતી હતી. કટિ સુધી ખુલ્લા એના લાંબા ઘાટીલા દ્રુતગતિ પગ. ગજગતિ, શ્રોણીભારથી અલસગમનાની સ્તુતિ કરનાર સંસ્કૃત કવિનું અહીં કામ નહીં! એ તરુણી પણ આ વિરાટ પરિદૃશ્યનો ભાગ બની. એ ન હોત તો આ ચિત્રફલક પર વેક્યુમ રહી જાત.

સૂર્ય હજી હતો. હું સાગરની બહાર નીકળ્યો. થોડો સમય મારે પણ આ સાગરકિનારે પાયચારી કરવી પડશે.

ઘેર પહોંચ્યો ત્યારે દીપિકા ચિંતા કરતી હતી કે ભૂલો તો નહિ પડી ગયો હોઉં. મેં એને સાગરસ્નાનની વાત ન કરી. પણ હું ભીતરથી ભરપૂર હતો.

*

ડૉ. વિક્રમ કામદારનો ફોન હતો. નૉર્થ અમેરિકન ગુજરાતી એકેડેમીના અધ્યક્ષ શ્રી મધુસૂદન કાપડિયાએ ન્યૂ જર્સીથી એમને ફોન કરેલો અને મારા લૉસ એન્જેલિસમાં હોવાના સમાચાર એમને શશીના ફોન નંબર સાથે આપેલા. એમને ત્યાં જવાનું અદ્ભુત રીતે ગોઠવાઈ ગયું. મારે હોલિવુડ વિસ્તારમાં યુનિવર્સલ સ્ટૂડિઓ જોવા જવાનું હતું. ડૉ. કામદારે કહ્યું કે તમે ત્યાં જતી વખતે તમારું લગેજ (મારી પાસે એક શોલ્ડર બેગ જ હતી.) મારી ઇસ્પિતાલ પર મૂકી જાઓ, મારી ગાડીની ડિકિમાં રહેશે. હું તમને સાંજે યુનિવર્સલ સ્ટૂડિઓના પ્રવેશસ્થળેથી લઈ જઈશ. ત્યાંથી મારે ઘેર જઈશું. બીજે દિવસે સવારે તમને સાનફ્રાન્સિસ્કો જવા ગ્રેહાઉન્ડના બસ સ્ટેશને મૂકી જઈશ. સમય કટોકટ. જરા આઘુંપાછું થાય તો લૉસ એન્જેલિસ નામના આ વિરાટનગર - મેગાલોપોલિસમાં મૂંઝાઈ જવાય.

મેં જોયું કે એમણે આપેલો સમય થઈ જવા આવ્યો હતો અને હજુ આ લાંબા નગરના માર્ગો પર શશીનો એક અમેરિકન કર્મચારી ડ્રાઈવ કર્યે જ જતો હતો. જરાક મોડા પડ્યા હોત તો ડૉક્ટર નીકળી જાત.

યુનિવર્સલ સ્ટૂડિઓમાં ફિલ્મ કેવી રીતે ઊતરે છે, એના જાતજાતના શો. ભારે કિંમતની ટિકિટ. ડિઝની લેન્ડની જેમ અહીં પણ લાંબી લાંબી લાઈનો. પણ એ અનુભવની વાત મારે લખવી નથી. પણ આ ટેકરી પરથી દૂરદૂરની ટેકરીઓનો વિસ્તાર જોવો ગમતો હતો. જગતભરમાં ખ્યાત આ હોલિવુડ વિસ્તાર. ફિલ્મ જગતનું નાભિકેન્દ્ર.

ઘણા બધા શો મારે છોડી દેવા પડ્યા. ડૉ. વિક્રમ કામદારે આપેલો સમય થવા આવ્યો હતો. હું ઉદ્વિગ્નતાથી એમની રાહ જોવા લાગ્યો. બરાબર આ જ સ્થળે અમારે મળવાનું હતું ને? એમના મનમાં બીજું સ્થળ તો નહિ હોય?

પણ એ આવી પહોંચ્યા. હાશ ! પછી તો એ હોલિવુડની આ મનોહર ટેકરીઓના ઊંચાનીચા વાંકાચૂંકા માર્ગે ડ્રાઈવ કરતા એની શોભા બતાવતા જાય. ટેકરીઓની ઉપર હોલિવુડ વિસ્તાર અને ટેકરીઓ વચ્ચે વસેલું એન્જેલિસ. સાંજના સમયે બધું રમ્યતર લાગતું હતું. એમનામાં એક સૌંદર્યદૃષ્ટિ હતી, તે તરત સમજાય. પછી ડૉક્ટરે કહ્યું - હું તમને મારી સૌથી પ્રિય જગ્યાએ લઈ જાઉં છું. અને એ મને UCLA યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયાના લોસ એન્જેલિસ પરના કેમ્પસ પર લાવ્યા. ત્યાં ગાડી પાર્ક કરી, વેગથી મને કેમ્પસનું દર્શન કરાવ્યું. પ્રસિદ્ધ ભારતીય સંગીત-નિર્દેશક ઝુબીન મહેતાનાં માતાપિતા ત્યાં ચાલતાં પસાર થતાં હતાં. તેમને અભિવાદન કર્યું. યુનિવર્સિટી વિસ્તાર વનરાજીથી તપોવન જેવો છે, ઇમારતો ઘણી, પણ પ્રભાવ પાડી દેતી નહિ, ઘરેલુ - આમંત્રણ આપતી જાણે. ડૉક્ટર કહે - આ તીર્થધામ છે. 'તમને કેવું લાગે છે?' એમણે પૂછ્યું. જાણે મારા મર્મસ્થળે અડક્યા. મેં કહ્યું, 'આ કેમ્પસ જોઈ એમ વિચાર આવે છે કે કોઈ કહે કે આવતા જન્મમાં શું જોઈએ તો કહું કે ફરી જો મનુષ્ય-અવતાર મળે તો આવા કેમ્પસ પર ભણવાનું મળે તો બસ!' ડૉક્ટર કહે - તમે મારા શબ્દો જાણે ખૂંચવી લીધા.

રજાઓ છે, પણ ક્યાંક ક્યાંક છાત્રો છે. ઝાડ નીચે બેઠા છે. ક્યાંક ઓપન કાફેટેરિયા છે. આખો વિસ્તાર મનમાં વસી ગયો છે. ડૉ. વિક્રમ કામદારે નવું ઘર લીધું છે. આખી સ્ટ્રીટમાં સૌથી ઊંચું. ઘર બહુ વિશાળ અને સુંદર. પ્રવેશ કરતાં એની ઊંચાઈ ગમી. મને ઉપર એક સુવિધાપૂર્ણ ઓરડો બતાવી કહે - તમારો રૂમ. પછી ડૉ. અંજના - એમનાં પત્ની-મળ્યાં. અભિવાદન કરી એ નીચે ગયાં અને પછી થોડીવારમાં ઉપર આવ્યાં. પછી હસતાં હસતાં કહે - મને તો હતું કે ભોળાભાઈ તો 'દર્શક'થી પણ વયોવૃદ્ધ વ્યક્તિ હશે, એ પગથિયાં ચઢીને ઉપર પણ નહિ આવી શક્યા હોય, એટલે નીચે બેઠા હશે, અને આ 'ભાઈ' એમની સાથે હશે. આ તો તમે જ ભોળાભાઈ!

અંજનાબહેન ડૉક્ટર છે, પણ કવિતામાં ખૂબ રસ. ડૉક્ટર વિક્રમ કામદારે કહ્યું કે કવિતાના રસે અમને જોડ્યાં છે!

એ રાત્રે થોડાક મિત્રો સાથે બેઠક થઈ. મધુ રાય પણ આવ્યા હતા. કામદાર-પરિવારના બીજા સભ્યો પણ હતા. વિક્રમભાઈનાં બા પણ હતાં. શ્રી કિરણ મગિયાવાલા તો જાણે સાહિત્યની વ્યક્તિ. આમ તો ઇજનેર. જીવનાનંદ દાસની કવિતાના ચાહક. અહીં 'વિદિશા' આદિ મારાં પુસ્તકો જોઈ આનંદ થયો. મને કહ્યું - કાલિદાસની વાત કરો.

મોડે સુધી વાર્તાલાપ ચાલ્યો. પછી કિરણભાઈ સાથે બહુ વાતો થઈ. વિક્રમભાઈ-અંજના પરમ દિવસે સ્પેન જવા નીકળવાનાં હતાં. એટલે આજે કંઈક થોડા સમયનું પણ મળવાનું બન્યું, એ પણ એક સુયોગ જ રચાઈ ગયો.

વહેલી સવારે લૉસ એન્જિલસથી ગ્રેહાઉન્ડ બસમાં સાનફ્રાન્સિસ્કો જવા નીકળ્યો. બસ રૂટ તો કેલિફોર્નિયાના સાગરકિનારાનું સૌંદર્ય જોવાના વિચારથી પસંદ કર્યો હતો. ફોટોગ્રાફરોની સ્વપ્નભૂમિ ગણાતા આ કિનારે જ 'બીગ સૂર' કાંઠો છે. પણ બસ સાગરકિનારેના માર્ગેથી નહિ-અંદરના માર્ગેથી જતી હતી, પર્વતની હારમાળા વચ્ચેથી. મેદાની ભૂમિ પણ આવે, દ્રાક્ષ-સફરજનથી સમૃદ્ધ.

ઓકલેન્ડથી બસ બદલવી પડી, રિચમન્ડ જવા. ત્યાં શ્રીમતી રીટા દેસાઈ મને લેવા આવવાનાં હતાં. હું ત્યાં પહોંચ્યો ત્યારે એ નહોતાં. ફોન કર્યો. એ મારી રાહ જોઈને જતાં રહેલાં. કહે' - એ કાળા લોકોનો વિસ્તાર છે અને ત્યાં એકલદોકલ મહિલા માટે રાહ જોવી સલામતીભર્યું નથી. હું આવું છું.

મેં જોયું કે, રિચમન્ડના આ બસ સ્ટૉપ પર અત્યારે ભાગ્યે જ કોઈ યાત્રી હતા. એક નિગ્રો યુવક આમતેમ ફરતો હતો. હવે મને સાચે એનો જરા ડર લાગ્યો. અમેરિકાના કેટલાક દિવસોના પ્રવાસ દરમ્યાન અહીં વસતા કાળા લોકોની ભીતિથી જનમાનસ થોડું ત્રસ્ત લાગ્યું. એમની વાત નીકળે એટલે તરત કટુ અનુભવના દાખલાઓ સાંભળવા મળે.

રીટા આવી ગયાં. આમ તો રીટા નાગર. મારા સહકાર્યકર્તા, એક વખતના ભાષાસાહિત્ય ભવનના અધ્યક્ષ ડૉ. અંબાશંકર નાગરનાં પુત્રી. હવે રીટા દેસાઈ. એમના પતિ ડૉ. મનોજ દેસાઈ મૂળે વડોદરાના. એકદમ ઘર જેવું લાગ્યું.

*

એક દિવસ બપોરના સ્ટાનફર્ડ યુનિવર્સિટીના કેમ્પસ પર. શ્રીમતી માત્રા મશરૂવાલાને ત્યાં કેટલાંક ભારતીય મિત્રો ચંદ્ર-આશા, શ્રી-શ્રીમતી મહેતા, માત્રાનાં માતાપિતા શ્રી અને શ્રીમતી મજમુદાર. આશાને ત્યાં પણ ગયા. આશાના પતિ શ્રી ચંદ્ર વાંસળી વગાડે છે. એક મેળાવડા જેવું થઈ ગયું.

દુનિયાની શ્રેષ્ઠ ગણાતી યુનિવર્સિટીઓમાંની એક આ સ્ટાનફર્ડ. પોતાના એક પુત્રનું અવસાન થતાં એની સ્મૃતિમાં ધનવાન સ્ટાનફર્ડ દંપતીએ યુનિવર્સિટી સ્થાપવાનું નક્કી કર્યું. બરાબર એક સો વર્ષ પહેલાંની વાત. ૧૮૯૧માં ઑક્ટોબરમાં ૫૫૯ છાત્રછાત્રાઓથી આરંભ. ૧૯૪૮માં શિક્ષણની વ્યવસ્થા School System 'ભવન પદ્ધતિ'માં ઢળી. સાત ભવનોમાં થઈ ૭૦ ડિપાર્ટમેન્ટ છે, ઉપરાંત ૩૦ ઇન્સ્ટિટ્યૂશન, કેન્દ્રો, પ્રયોગશાળાઓ આદિ કેમ્પસ પર છે. આજે લગભગ ચૌદ હજાર વિદ્યાર્થીઓ કેમ્પસ પર ભણે છે, ૧૪૦૦ જેટલા

અધ્યાપકો છે. અધ્યાપકો એટલે? તેમાનાં ૯ તો નોબેલ પારિતોષિક વિજેતા છે, ૮૧ નેશનલ એકેડેમી ઓફ સાયન્સના, ૧૩૦ અમેરિકન એકેડેમી ઓફ સાયન્સ એન્ડ આર્ટ્સના, ૫૪ નેશનલ એકેડેમી ઓફ એન્જિનિયરિંગના, ૧૨ નેશનલ એકેડેમી ઓફ એજ્યુકેશનના ફેલો છે. ૫ પુલિત્ઝર ઇનામ વિજેતા છે. આવી યુનિવર્સિટીમાં ભણવું એ તો જીવતરનો લહાવો ગણાય. મને થયું, આપણે ત્યાં નાલંદા જેવી વિદ્યાપીઠો હતી જ ને! દશ હજાર વિદ્યાર્થીઓ ત્યાં ભણતા, ૧૫૦૦ જેટલા અધ્યાપકો ભણાવતા. ભણવા આવતા વિદ્યાર્થીઓમાંથી દશ ટકા જ પ્રવેશ પામતા. એવી આકરી પ્રવેશ-પરીક્ષા થતી. સ્ટાનફર્ડમાં પણ પ્રવેશ બહુ જ અઘરો.

કેમ્પસના જુદા જુદા વિભાગોમાં ફેરવીને શ્રીમતી માત્રાએ ઉત્સાહપૂર્વક બધું બતાવ્યું. એ પોતે મેડિસિન વિભાગમાં સંશોધન કરે છે. આ યુનિવર્સિટીની સ્થાપના વખતે જે હેતુ લક્ષ્યમાં રખાયો છે, તે અહીં નોંધવા જેવો છે. પ્રત્યેક યુનિવર્સિટીનો એ મૂળમંત્ર બની શકે એમ છે :

'to qualify students for personal success and direct usefulness in life; and to promote the public welfare by excercising influence in behalf of humanity and civilization teaching the blessings of liberty regulated by law, and inculcating love and reverence for the great principles of Government as derived from the inalinable rights of man to life, liberty, and persuit of happiness.'

આ યુનિવર્સિટીની એક જે બીજી વિશેષતા તે છે છાત્રોની ભાષાભિવ્યક્તિ પર અધિક ભાર. સ્નાતક કક્ષાઓમાં ભણતો દરેક વિદ્યાર્થી સ્પષ્ટ અને પ્રભાવશાળી અંગ્રેજી ગદ્યમાં પોતાના વિચારો રજૂ કરી શકે તે આવશ્યક ગણાય છે. ઉપરોક્ત પ્રત્યેક છાત્ર જુદી જુદી વિચારધારાઓ અને વિચારના માર્ગો અને જ્ઞાનના માર્ગો જાણતો હોવો જોઈએ. પોતાના વિષયમાં નિષ્ણાત તો બને, બીજા વિષયો પણ જાણવા પડે.

કેમ્પસ પર રોંદા ગાર્ડન છે, જ્યાં પ્રસિદ્ધ ફ્રેંચ શિલ્પી રોંદાની મહાન કલાકૃતિઓની પ્રતિકૃતિઓ સ્થાપિત છે.

પાછા વળતાં તો રાત પડવા આવી. ડૉ. મનોજ સાનફ્રાન્સિસ્કોની પ્રસિદ્ધ 'ક્રુકેડ સ્ટ્રીટ' થઈને નીકળ્યા. એક ઊંચો સીધા જેવા ઢાળથી ઊતરવાનો માર્ગ તે બે છેડે વાંકોચૂકો વળતો નીચે જાય. ગાડી ચલાવનારની આવડતની આ એક જ પરીક્ષા. એક સ્થળેથી ઊભા રહી રાત્રિવેળાએ ઝગમગતા નગરને જોયું. સાનફ્રાન્સિસ્કોની એક ઓળખ તે ગોલ્ડન ગેટ. જોયું કે ગોલ્ડન ગેટ પર ચંદ્ર શોભી રહ્યો છે. કદાચ અહીં વેગથી વાતા ઠંડા પવનમાં કંપી રહ્યો છે. બર્કલે યુનિવર્સિટીના કેમ્પસ બતાવવાનો પણ રીટાનો આગ્રહ. યુનિવર્સિટીની લોરેન્સ લેબોરેટરી ઓફ બર્કલેમાં પદાર્થવિજ્ઞાની તરીકે કામ કરતા તેમના એક મિત્ર ડૉ. ગાડગીલને કહી રાખેલું કે અમે સાંજવેળાએ આવીશું. કેમ્પસ પર નક્કી કરેલા સ્થળે ડૉ. ગાડગીલ રાહ જોતા હતા. ૩૫ની વય હશે. પ્રસન્ન વ્યક્તિત્વ. જાણે પરિચિત મિત્ર. ગાડી યુનિવર્સિટીના મુખ્ય માર્ગની બાજુમાં પાર્ક કરી, પણ પાર્કિંગ મીટર ચાલતું નહોતું. રખેને ટ્રાફિક પોલિસ ગાડી 'ટો' કરીને લઈ જાય, એટલે એક કાગળના નેપકીન પર ગાડી પાર્ક કરવાનો સમય લખી તે વાઈપર નીચે દેખાય તેમ ભરાવી ચાલ્યા.

આ પણ સ્ટેટ યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, પરંતુ યુ. સી બર્કલે કહેવાય. એક પહાડીના ઢોળાવ પર છે. સ્ટાનફર્ડ અને બર્કલે વચ્ચે સ્પર્ધા. ડૉ. ગાડગીલે કહ્યું, અહીં પદાર્થવિજ્ઞાન વિષયમાં જ આઠ નોબેલ પારિતોષિક વિજેતાઓ છે. કેમેસ્ટ્રીમાં પણ એટલા જ હશે. ગાડગીલ કહે - મારી પાસેની મોટરગાડી મેં એક નોબેલ લોરિએટ પાસેથી લીધી છે. હમણાં જ તેઓ દિવંગત થયા. રીટાએ કહ્યું - તમારે આ ગાડી સાચવી રાખવી જોઈએ. ગાડગીલ કહે : 'એમ? એ ગાડીમાં હજી એની એ કાર્પેટ છે, જે એ પ્રોફેસર વાપરતા.'

ડૉ. ગાડગીલે કેમ્પસ પર ઊંચાં યુકેલિપ્ટસનાં વૃક્ષોથી ઘેરાયેલા એક સ્થળ તરફ ધ્યાન દોર્યું. યુનિવર્સિટીના બધા વિભાગનાં ફંકશન અહીં થાય. ચાલતાં ચાલતાં યુનિવર્સિટી ટાવર તરફ, એની પાછળ જ એમની લેબોરેટરી, જ્યાં ત્રણ હજાર સંશોધકો કામ કરે છે! ટાવરને બેકગ્રાઉન્ડમાં રાખી એક ફોટો લેવાનો વિચાર રીટાને આવ્યો. પોતાનો કેમેરા ત્યાંથી પસાર થતી એક યુવતીને આપી કહ્યું - ફોટો પાડો. ચાંપ દાબી, પણ ક્લિક ન થયું. જોયું તો રોલ પૂરો થઈ ગયેલો. બધાં હસી પડ્યાં.

એક ચોકમાં આવીને ઊભા. ડૉ. ગાડગીલે કહ્યું કે યુનિવર્સિટીનો આ બહુ પ્રસિદ્ધ ચોક છે. વિયેટનામની લડાઈમાં અમેરિકાની સંડોવણીનો વિરોધ કરવા અહીં વિદ્યાર્થીઓએ મોટા દેખાવો કરેલા. એ એટલા પ્રભાવક હતા કે સરકારને એ વિષે નિર્ણય કરવાની ફરજ પડી.

બર્કલે શહેરની વસતી ૧૦૦૦૦ની, જ્યારે બર્કલેના કેમ્પસ પર ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦૦૦૦ની, વિદ્યાર્થીસંસ્કૃતિનો આખા નગર પર પ્રભાવ છે. કહે - આ શહેરમાં સૌથી વધારેમાં વધારે દુકાનો પુસ્તકોની છે. અહીં ચાલતાં પણ રોમાંચ થતો હતો. કેમ્પસ ઉપર છાત્રો-અધ્યાપકો-સંશોધકો માટે ત્રીસ જેટલાં તો ગ્રંથાલયો છે.

આથમતા દિવસનો સમય. પેલા ચોકમાં એક વિદ્યાર્થી અર્ધઉઘાડે શરીરે વાજિંત્ર વગાડતો ઝૂમતો હતો. ચોકની લાંબી સોપાનમાળા પર એક તરુણ એની મિત્રને ખોળામાં લઈ વહાલ કરતો હતો. ક્યાંક લોન પર બેસી છાત્રો વાંચતા હતા. એક બીજા તરુણની બાજુમાં તરુણી ચોપડીઓ બાજુમાં રાખી સૂતી હતી. તડકો વધારે રમ્ય લાગતો હતો. ટાવરમાં સાતના ટકોરા થયા.

ડૉ. ગાડગીલ કહે - સ્ટાનફર્ડ કરતાં કેમ્પસ નાનો છે, એટલે ઇમારતો વધારે ઊંચી થતી જાય છે. સ્ટાનફર્ડ કરતાં અહીં ફી ઓછી. યુનિવર્સિટીમાં અધ્યાપકોના ટેન્યોર પીરિઅડની વાત નીકળી. ડૉ. ગાડગીલે કહ્યું કે હાર્વર્ડમાં અધ્યાપકોની અજમાયશી મુદત પૂરી થતાં

૧૦૦માંથી ૯૦ ને સારા પર્ફોર્મન્સને અભાવે છૂટા કરાય છે, અહીં ૧૦૦માંથી ૯૦ને રાખવામાં આવે છે. લેતી વખતે બરાબર કસોટી કરે.

વૃક્ષરાજી વચ્ચેથી નીકળ્યા, ત્યાં એક ઝરણું વહી જતું હતું. કહે- ખાસ જાળવી રાખ્યું છે. પાણી કલકલ કરતું વહી જાય. કૅમ્પસ એનાથી જીવંત બની જતો હતો. મને વડોદરાની સયાજીરાવ યુનિવર્સિટીના કૅમ્પસમાંથી વહેતી વિશ્વામિત્રી યાદ આવી. શી દશા થઈ છે એની? શું એ પણ કંઈ નહિ તો વર્ષાના દિવસોમાં આમ સ્વચ્છજલા રૂપે વહેતી ન હોત?

એ રાત્રે જ હું સાનફ્રાન્સિસ્કોથી વિમાનમાં ન્યૂ યૉર્ક જવા નીકળ્યો. રાત્રિના ૧૦-૩૦નું વિમાન. આ નગર મનમાં વસી ગયું હતું. રડયાર્ડ કિપ્લિંગનું વાકય યાદ આવ્યું : S. F. has only one drawback - it's hard to leave. વિમાન ઊપડ્યા પછી બારીમાંથી દીવાઓની જ્યોતિથી ઝળહળ સાનફ્રાન્સિસ્કોનું જે દર્શન, તે તો જાણે 'વન્ડરલૅન્ડ'નું દર્શન, ખાસ તો ટેકરીઓના ઢોળાવોને લીધે. મને ખેડુપુત્રને તો એવી ઉપમા સૂઝી જાણે દીવાઓની ફસલ લચી રહી છે. મારી બાજુમાં અમેરિકન પ્રવાસી હતો, એ પણ આ સૌંદર્ય મને બતાવવા લાગ્યો. પછી અમેરિકાના ઈસ્ટ કોસ્ટ અને વેસ્ટ કોસ્ટની સરખામણીમાં આ પશ્ચિમ કિનારાની પ્રશંસા કરી રહ્યો. વાતની વાતમાં સ્ટાનફર્ડ- બર્કલેની વાત આવી. કહે કે સ્ટાનફર્ડ બરાબર, બર્કલે so so.

મને નિદ્રા આવતી નહોતી. વિચારતો હતો કે મારો અમેરિકાનો અનુભવ એટલે શું? આ વિરાટ દેશની નવ્ય સંસ્કૃતિનું આકલન કરવું સહેલું નહોતું - ને તેમાંય હું માત્ર પસંદગીનાં સ્થળોએ જ ગયો છું. નાયગરા, સહસ્રદ્વીપ, ગ્રાન્ડ કૅન્યન, રેડવુડ્ઝનાં વન એક તરફ, યુનિવર્સિટી ઑફ કોલંબિયા, ન્યૂ યૉર્ક સ્ટેટ યુનિવર્સિટી 'સુની'ના કૅમ્પસ, કૉર્નેલ યુનિવર્સિટી, બર્કલે અને સ્ટાનફર્ડ, લૉસ એન્જેલિસની યુનિ. ઑફ કૅલિ.નો કૅમ્પસ-બીજી તરફ, ન્યૂ યૉર્ક, શિકાગો, લૉસ એન્જેલિસ, સાનફ્રાન્સિસ્કો જેવાં મહાનગર ત્રીજી તરફ, આટલાન્ટિક મહાસાગર અને વિશેષ તો સુંદર પ્રશાંત મહાસાગર, હડસન અને સેન્ટ લૉરેન્સ જેવી સરિતાઓ, ફિંગર લેક્સ જેવાં સરોવરો ચોથી તરફ. અનેક કલાધામો - મ્યૂઝીઅમો , બ્રૉડવે પરનાં નાટક, હૉલિવુડની પહાડીઓ ને એ બધું પાંચમી તરફ. અને આ મુક્ત દેશના મુક્તમના નાગરિકો (યુરોપ કરતાં અમેરિકામાં મુક્તિ, મોકળાશ વધારે અનુભવાય. યુરોપમાં તમે જુદા પડી જાવ - અહીં જુદા પડી જવાનો ભાવ ભાગ્યે જ થાય.) અને એ બધા ઉપર અહીં સસ્મિત આવકારનાર સૌ મિત્રોના - ઈસ્ટ અને વેસ્ટ બંને કિનારેના - ચહેરા. છતાં જે પામ્યો છું, તે તો આ બધાના સરવાળાથી માપી શકાય એમ નથી.

ઘડિયાળમાં જોઉં છું, રાત્રિના ૧૨-૧૫ એટલે કે હવે પંદરમી તારીખ. પંદરમી ઑગસ્ટ. ભારતનો સ્વતંત્રતા દિવસ-Freedom at midnight... અમેરિકાના આકાશમાંથી ભારતના ગૌરવાંકિત દિવસનું સ્મરણ. □

અનુસંધાન] સંભવામિ યુગે યુગે [પૃ. ૩૧૬ પરથી
આપી એટલે હું એમનો પરિચય આપવા ઊભો થયો. મેં કહ્યું, 'શ્રીમાન ભટ્ટંભટ્ટમહારાજ વિશ્વપુરુષ છે. આ શતકના પ્રારંભમાં એમણે સુધારાવાળાઓ સામે જે તુમુલ યુદ્ધ કર્યું હતું એના પડઘા હજુ શમ્યા નથી ત્યાં આ શતકના અંતભાગમાં નર્મદાવાળાઓ સામે યુદ્ધ કરવા સ્વર્ગલોકમાંથી આવી પહોંચ્યા છે. ભટ્ટંભટ્ટ શું છે ને શું નથી એ કહેવું દુષ્કર છે. એમનાં કાર્યોનો અને એમની વાણીનો પાર પામવો ખરે જ કઠિન છે. ભારતવર્ષમાં યુગેયુગે વાણીઓ બોલાઈ છે, યુગેયુગે વક્તાઓ ગાજ્યા છે, યુગેયુગે શાસ્ત્રાર્થ થયા છે, પણ આ સર્વમાં શ્રીમાન ભટ્ટંભટ્ટ જેવો પ્રતાપી પુરુષ બીજો થયો નથી, એમના જેવો યોદ્ધો બીજો થયો નથી, આવા પ્રતાપી પુરુષનો પરિચય કરાવવો તે દીવાના પ્રકાશમાં સૂર્યનો પ્રકાશ દેખાડવા જેવું કાર્ય છે. સુધારાવાળાઓ સામે એમણે કરેલાં અલૌકિક ભાષણોના પડઘા હજુ આ ગુર્જર દેશનાં અરણ્યોમાં, ઉપવનોમાં, પર્વતોમાં, નદીઓમાં અને સમુદ્રોમાં સંભળાઈ રહ્યા છે. હવે નર્મદાવાળાઓ સામે તેઓ જે ભાષણો કરશે એના પડઘા કેવળ ગુર્જર દેશના જ નહિ, કેવળ ભારત રાષ્ટ્રના જ નહિ, સમગ્ર વિશ્વનાં અરણ્યોમાં, ઉપવનોમાં, પર્વતોમાં, નદીઓમાં અને સમુદ્રોમાં સંભળાશે. શાસ્ત્રજ્ઞાન, રૂઢિરહસ્ય અને વિદ્વત્તાના વિષયમાં એમની પ્રવીણતાનું કીર્તન કરવાને ભાષા અસમર્થ છે. તેઓ પોતાની વાણીમાં ગુર્જરગિરાનાં કેવળ ક્રિયાપદો ને વિભક્તિપ્રત્યયોનો જ પ્રયોગ કરે છે. સંસ્કૃત સિવાય અન્ય કોઈ ભાષાના શબ્દોનો ઉચ્ચાર કે ઉચ્છ્વાસ તેમનાથી જન્માન્તરે પણ થયો નથી. એમની વાણી આપને દુષ્કર લાગે તો ક્ષમા કરશો. આપ ઈચ્છશો તો હું એનો અનુવાદ કરી આપીશ. ભારતભાનુ ધર્મવીર પૂજ્યપાદ શ્રીમાન ભટ્ટંભટ્ટને વંદન કરી હું બેસી જાઉં છું. બેસીને મેં ભટ્ટંભટ્ટ તરફ દૃષ્ટિ કરી. પોતાના ગુણકથનથી ભટ્ટંભટ્ટ પ્રસન્ન થયા હોય એમ એમના મુખ પરથી જણાતું હતું.

પછી યજમાનશ્રેષ્ઠે ઊભા થઈ પત્રકારોને પ્રશ્નો પૂછવાની વિનંતી કરી. (ક્રમશઃ)

અનુસંધાન] ક્રિકેટ ૧૧ [પૃ. ૩૧૮ પરથી
સ્લિપ બાજુ હોય, ઇન સ્વિંગ નાખતી વખતે લેગ બાજુ સારા પ્રમાણમાં ફીલ્ડર રાખવા. વળી, કુશળ સ્વિંગ ગોલંદાજે તો દડો થોડોક મોડો સ્વિંગ થાય તેમ કરવું.

આ સ્વિંગ દડાનું એક વધુ રચનાત્મક રૂપ છે કટર. આમાં દડાની સિલાઈ પર આધાર રાખવાને બદલે આંગળીઓની કામગીરીનો આશરો લેવામાં આવે છે. આંગળીઓથી દડાને સિલાઈની 'એક્રોસ' (આડાણમાં) ઝાટકો મારવામાં આવે છે. આંગળીઓને એક ઝાટકા સાથે સિલાઈની 'એક્રોસ' લાવવાની ક્રિયાને કટ કહેવામાં આવે છે. કટર ફેંકવા માટે આંગળાં, કાંડું અને શરીરની ક્રિયાનો સમન્વય સાધવો જોઈએ, તો જ અસરકારક કટર નાખી શકાય. કટરના બે પ્રકાર છે. દડો નાખતી વખતે આંગળાં અને હાથથી દડાને 'કટ' કરીને જોરથી જમણી બાજુ ઘુમાવવામાં આવે તે 'ઑફ કટર' કહેવાય. આમાં દડો પીચ પડીને 'ઑફ'માંથી 'લેગ' બાજુ જાય છે. જ્યારે આંગળાં અને હાથને ડાબી બાજુ ઘુમાવવામાં આવે તે 'લેગ કટર' કહેવાય. □

અંગ્રેજી સાહિત્યનું આચમન • ડૉ. મધુસૂદન પારેખ

રેસ્ટૉરેશન યુગની બે વિશિષ્ટ કૃતિઓ
બટલરની કૃતિ હ્યુડિબ્રાસ

રેસ્ટૉરેશનનો યુગ રાજકીય કટાક્ષોનો યુગ હતો. એ યુગમાં ગણતાં પાર ન આવે એટલા બધા લેખકોએ રાજકીય તેમ જ સાહિત્યિક અને ધાર્મિકક્ષેત્રે એકબીજા પર ઝેર ઓકતાં, દ્વેષથી ભર્યાં ભર્યાં, વેરવસૂલાતની લાલસાવાળાં સંખ્યાબંધ ચોપાનિયાં પ્રકાશિત કર્યાં હતાં. અલબત્ત, એમાંથી અતિ અલ્પ લેખો કટાક્ષકૃતિનું નામ સાર્થક કરે તેવાં હતાં. મોટા ભાગનાં ચોપાનિયાં નિંદાત્મક (invectives) અથવા તો ભાંડણલેખો (lampoons) જ હતાં.

રેસ્ટોરેશન યુગમાં નવી સામાજિક પરિસ્થિતિએ, કૃત્રિમ ભપકાએ, મુદ્રણની વધતી જતી સગવડે, કૉફી હાઉસના વિસ્તારને કારણે કટાક્ષ માટે ભૂમિકા પૂરી પાડી હતી.

રેસ્ટોરેશન યુગમાં ઉત્તમ કટાક્ષકલાના નમૂના ડ્રાયડનમાં મળે છે. પણ ડ્રાયડનની કટાક્ષકૃતિઓની વાત કરતાં સેમ્યુઅલ બટલર (Samuel Butler)ની, અંગ્રેજી કટાક્ષકવિતાના સાહિત્યમાં અનોખી તરી આવે તેવી કૃતિ હ્યુડિબ્રાસ (Hudibras)ને પણ લક્ષમાં લેવી ઘટે.

બટલર આમ તો ડ્રાયડન કરતા વીસેક વર્ષ મોટો હતો. એ રીતે એનો પુરોગામી પણ કહી શકાય. રેસ્ટોરેશન સમયના ઘણા બધા મોટા માણસોના સંપર્કમાં તે આવ્યો હતો અને હ્યુડિબ્રાસમાં તેણે એ બધાને કટાક્ષનાં નિશાન બનાવ્યા હતાં.

હ્યુડિબ્રાસનું નામ તેને સ્પેન્સરની (Spenser) 'ફેઅરી કવીન' (Faerie Queene)માંથી મળ્યું હતું; અને કથાનકની પ્રેરણા સ્પેનના સર્વાન્ટિસ (Cervantes)ની વિખ્યાત નવલકથા 'ડૉન કિહોટે' (Don Quixote)માંથી મળી હતી. સર્વાન્ટિસે એના જમાનામાં રોમાન્સ પ્રત્યેની ઘેલછા પર કટાક્ષ માટે એ નવલકથા રચી હતી. એમાં ડૉન કિહોટે એના અનુચર સાન્કો પાન્ઝા (Sanco Panza) સાથે સાહસો કરવા નીકળી પડે છે. ડૉન કિહોટે તરંગી, ઘેલો અને મૂર્ખ સરદાર છે. સાન્કો પાન્ઝા એનો અનુકૂળ અનુચર છે. સાહસ દરમ્યાન એમના વિવિધ પ્રકારના છબરડા વાચકોને મઝાનું મનોરંજન પૂરું પાડે છે. 'હ્યુડિબ્રાસ'માં બટલરે પ્યૂરિટનવાદ પર કટાક્ષનું તીર તાક્યું છે. ઇ.સ. ૧૬૬૩, ૧૬૬૪ અને ૧૬૭૮માં અનુક્રમે તેના ત્રણ ભાગ પ્રસિદ્ધ થયા. એ પ્રસિદ્ધ થતાં વાર ચાર્લ્સ બીજાના દરબારી કવિ-વિદ્વાનોએ તેને વધાવી લીધી. ક્રોમ્વેલના શાસન દરમ્યાન પ્યૂરિટનવાદે એવું વર્ચસ્ જમાવ્યું હતું કે પ્રજા આનંદપ્રમોદના નિષેધોથી અને ચુસ્ત નીતિનિયમોથી વાજ આવી ગઈ હતી. એટલે ચાર્લ્સ બીજાના રાજ્યારોહણ પછી વળી પાછા રંગરાગ શરૂ થયા ત્યારે લોકો તાનમાં આવી ગયાં અને કેટલાય લેખકોએ પ્યૂરિટનવાદ સામે કટાક્ષનાં તાતાં તીર ચલાવ્યાં. બટલર પણ એ લેખકોમાંનો જ એક હતો. અલબત્ત, 'હ્યુડિબ્રાસ'માં માત્ર પ્યૂરિટનવાદ પર જ પ્રહાર નથી. એ ઉપરાંત એમાં બટલરે ઘણાં નિશાન તાક્યાં છે. પોતે જે જમાનામાં જીવ્યો એ જમાનામાં તેણે રાજકીય, સામાજિક તેમ જ ધાર્મિક સંઘર્ષોનો અને હિંસાત્મક વલણોનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. દરેક પક્ષ અથવા તો સંપ્રદાય જડતાપૂર્વક અગર તો ઝનૂનથી પોતાનો જ કક્કો સાચો મનાવવા મચી પડ્યો હતો. હિંસા અને અસહિષ્ણુતાએ માઝા મૂકી હતી. તર્કસંગત દલીલો, ઊંચાં સ્તરનાં ચર્ચા કે મસલતને બદલે સસ્તાં સૂત્રો, નારાઓ અને અભદ્ર ભાષાપ્રયોગો વેગ પકડતાં હતાં.

વિનીત મનોવૃત્તિ અને તર્કસંગત ચર્ચા-વિચારણામાં શ્રદ્ધા રાખનાર બટલરે પોતાની કૃતિમાં કટાક્ષ માટે આ સર્વ તત્ત્વોને આવરી લીધાં છે. બટલરને મન આ બધી તુચ્છ પ્રવૃત્તિ હતી. એના મંતવ્ય મુજબ વિશ્વપ્રકૃતિને નિહાળવી, એમાંની વ્યવસ્થા, પદ્ધતિ, નિયમો વગેરેને તારવવાં એ જ સાચી અને ઊંચી બૌદ્ધિક પ્રવૃત્તિ હતી.

એટલે બટલરે માત્ર પ્યૂરિટન સંપ્રદાયમાં જ નહિ, પણ જ્યાં જ્યાં પૂર્વગ્રહોનો કે ઘેલછાનો-ઉન્માદનો અતિરેક જોયો ત્યાં તેણે ઝાટકણી કાઢી છે. બટલર ઉગ્ર નહિ એવા સંયમી બુદ્ધિવાદનો હિમાયતી હતો.

બટલરે પોતાનો હેતુ સિદ્ધ કરવા હ્યુડિબ્રાસ અને એના સાથીદાર રાલ્ફ (Ralph)ની જોડી સર્જી છે. એમાં હ્યુડિબ્રાસ પ્રેસ્બિટેરિઅન સંપ્રદાયનો, કઢંગો, શેખીખોર, અર્ધદગ્ધ સરદાર છે; અને એના સાથી રાલ્ફે કોઈની કંઠી બાંધી નથી. બંને જણા રોમાન્સના ઠાઠમાઠના-આડંબર સાથે રીંછના શિકારે ઊપડે છે. અનેક પ્રકારની ચિત્રવિચિત્ર પરિસ્થિતિઓમાં બંને ઝડપાય છે, સપડાય છે. હ્યુડિબ્રાસ રસિયો જીવ છે; એક વિધવાના પ્રેમમાં ફસાય છે પણ કોઈક જ્યોતિષીની સલાહથી તે એમાંથી છટકીને અદૃશ્ય થઈ જાય છે. કૃતિઓમાં ઘટનાઓની ભરમાર છે, પણ સંકલના શિથિલ છે. બટલર પોતે પણ કથાનક વિશે અગંભીર છે. તેનો રસ તો હ્યુડિબ્રાસ અને રાલ્ફ વચ્ચે જામતી ચર્ચાઓમાં છે. એ ચર્ચાઓ દ્વારા જ તેણે પોતાના સમયના સમાજની સર્વક્ષેત્રે પ્રવર્તતી અરાજકતા તેમ જ વાહિયાત, અતિરેકભરી રીતરસમો પર અને વિચારધારાઓ પર કટાક્ષપ્રહાર કરવાનું પ્રયોજન પાર પાડવાનો પ્રયાસ કર્યો છે. અલબત્ત, એકસાથે અનેક નિશાનો તાકવા જતાં બટલર મુખ્ય નિશાન ચૂકી ગયો છે.

કથાનકમાં ઘટનાઓ વેરવિખેર હોવા છતાં કટાક્ષના દોરમાં તે પરોવાયેલી છે. હ્યુડિબ્રાસ તેમ જ રાલ્ફ જેવાં, કૃતિનાં મુખ્યપાત્રો પણ વાસ્તવિક બનીને ઊપસતાં નથી. કૃતિની ખરી લિજજત સમગ્રપણે છવાયેલા વિનોદ-કટાક્ષમાં છે. આ કૃતિને વ્યાજવીર - મૉક હિરોઈક (Mock-heroic) કક્ષાની ગણી શકાય. હાસ્ય-વિનોદ નિષ્પન્ન

કરવામાં બટલરે ચબરાકિયાં, શ્લેષ, શબ્દચાતુરી વગેરેનો આશ્રય લીધો છે અને એમાં એ સારી રીતે સફળ રહ્યો છે.

અલબત્ત, 'હ્યુડિબ્રાસ'ના વાચન પછી બટલર વાચકને ક્યાં દોરી રહ્યો છે? એનું મુખ્ય વક્તવ્ય શું છે? એ સંશયવાદ તરફ વાચકોનું ધ્યાન ખેંચી રહ્યો છે? વિનીત પ્રકારની સામાન્ય સદ્‌બુદ્ધિ તરફ તેનાં વૃત્તિ-વલણ છે? આવા પ્રશ્નો જાગ્યા વિના રહેતા નથી.

તેમ છતાં, ભલે ડ્રાયડન જેવો એ સમર્થ કટાક્ષકાર અથવા તો શૈલીકાર ન હોવા છતાં, ડ્રાયડન પૂર્વે અંગ્રેજી કટાક્ષકાવ્યમાં એક અનોખી શૈલીની કૃતિ રચનાર સર્જક તરીકે બટલરનું મહત્ત્વનું સ્થાન છે.

બનિયનની કૃતિ 'ધ પિલગ્રિમ્સ પ્રોગ્રેસ'

રેસ્ટોરેશન સમયથી રાજભક્તિમાં વળી પાછી ભરતી આવી હતી; અને એના દરબારના સાક્ષરોએ, નાટ્યકારોએ, જહોન ડ્રાયડન અને સેમ્યુઅલ બટલરે પોતપોતાની રીતિએ પ્યૂરિટનવાદ વિરોધી લાગણી પ્રકટ કરી હતી. તેમ છતાં પ્યૂરિટનવૃત્તિ છેક મરી પરવારી નહોતી; મરતી મરતી પણ તે પ્રજાજીવનમાં ટકી રહી હતી. એનો પ્રવાહ સપાટી પર ભલે દેખાતો ન હોય તો પણ ભૂતકાળમાં તેની સરવાણી વહેતી હતી.

રાજભક્તિનો યુગ બહુ લાંબો ચાલ્યો નહીં અને એમાં ઓટ આવતાં જ પ્યૂરિટન વલણ પાછું જોર પકડવા માંડ્યું. જહોન બનિયન ('John Bunyan' ૧૬૨૮-૮૮) એનો પુરસ્કર્તા બનીને બહાર આવ્યો. પ્યૂરિટનવાદનો ગાયક જો મિલ્ટન હતો, તો તેનો કથાકાર બનિયન હતો. એક સામાન્ય કારીગરનો એ દીકરો, ગરીબાઈમાં જ ઊછરેલો. શિક્ષણ તો નામનું મળેલું અને જીવનભર ઉપાધિઓ વચ્ચે ઘેરાયેલો તેમ છતાં ધર્મની-આત્મજ્ઞાનની એક ચળ તેના અંતરમાં ઊછળતી રહી હતી. શ્રેય અને પ્રેય વચ્ચેનો એક અનોખો સંઘર્ષ તેના ચિત્તમાં ચાલી રહ્યો હતો. પોતે પાપી છે એવી એક પ્રબળ વૃત્તિ તેના આત્માને સતત સંતાપી રહી હતી. કિશોરવયથી જ એક પ્રકારની નિરાશા તેને અવારનવાર ઘેરી વળતી હતી.

રેસ્ટોરેશનકાળમાં તેણે કેદખાનાનો અનુભવ પણ કર્યો હતો અને ત્યાં જ તેણે પોતની યાદગાર ગદ્યકૃતિ 'ધ પિલગ્રિમ્સ પ્રોગ્રેસ' (The Pilgrim's Progress' -૧૬૭૬) લખી.

બનિયન ખાસ શિક્ષણ તો પામ્યો નહોતો; પણ બાઈબલનું સત્ત્વ તેણે પચાવ્યું હતું. બાઈબલ જ તેના જીવનનો માર્ગદર્શક ધાર્મિક ગ્રંથ હતો. 'ધ પિલગ્રિમ્સ પ્રોગ્રેસ'માં પોતે બાઈબલ જે રીતે સમજ્યો તેનું જ હાર્દ પ્રકટ કરવા પોતાની રીતે પ્રાયસ ક્યો છે. એમાં પૂર્વે થઈ ગયેલાં પ્યૂરિટન વલણોનું સમર્થન કરનારા ગ્રંથોનો નિચોડ તો આવે જ છે, પણ એમાં એક આત્માની જે આધ્યાત્મિક કથા રજૂ થઈ છે તે સર્વથા પ્યૂરિટન પરંપરામાંથી જ ઉદ્‌ભવી છે. બનિયને પોતાની આ આધ્યાત્મિક આત્મકથા (spiritual autobiography) માટે પ્રેરણાસામગ્રી ક્યાંથી પ્રાપ્ત કરી તે વિશે વિવેચકોએ અનેક તર્ક લડાવ્યા છે અને એ મૌલિક કૃતિ નથી એમ પણ કહેવાયું છે. બનિયને અગાઉની આવી રૂપકકથાઓનું જ પોતાની કૃતિમાં અનુસરણ કર્યું છે અને દગાઈલ વીલી Deguile Ville)ની 'ધ પિલિગ્રિમેજ ઓવ મૅન' (The Pilgrimage of Man) એ તેની કૃતિ માટેનો એક મહત્ત્વનો સ્રોત છે એવી પણ રજૂઆત થઈ છે.

પણ ખરું જોતાં બાઈબલનાં કેટલાંય પ્રેરણાત્મક આદેશો-કથાનકો લોકહૃદયમાં યુગોથી પ્રસ્થાપિત હતાં તેને જ બનિયને પોતાની રીતે રજૂ કર્યાં છે. પોતાની કૃતિને એણે પોતાની પ્રેરણાના ફળ તરીકે ઓળખાવી છે. એમાં એણે પોતાના જ આત્માની સંઘર્ષમય યાત્રાનાં વર્ણનો-ચિત્રો આપ્યાં છે. માનવીની જીવનયાત્રાનું અસલ કથાબીજ લઈને તેણે એક શ્રદ્ધાળુ ખ્રિસ્તીઆત્માની વિનાશનગરીથી તે સ્વર્ગ સુધીની યાત્રા નિરૂપી છે. આ યાત્રાના વર્ણનમાં કેટલીકવાર બનિયન ધૂંધળાં, અગમ્ય વર્ણનમાં અટવાઈ જાય છે એ સાચું; તો પણ મહદંશે એમાં આલેખાયેલી પરિસ્થિતિઓ અને એમાં પ્રસ્તુત થતાં પાત્રો વાચકના ચિત્તમાં અંકાઈ રહે તેવાં છે. અને વચમાં અવારનવાર આવતી વિનોદની છાંટ મઝાની ભીનાશ-ઠંડક આપે છે. બનિયન એમાં પોતાનો જ અનુભવ વ્યક્ત કરતો લાગે છે. માનવહૃદયમાં એક તરફ આશંકા, નિરાશા, લાલચ અને બીજી તરફ ઊંચે આધ્યાત્મિક માર્ગે ગતિ કરવાની તીવ્ર અભીપ્સા- એમાંથી રચાતા સંઘર્ષ અકૃત્રિમ શૈલીમાં અને કેટલીક વાર તો નાટ્યછટાથી રજૂ થયા છે. બનિયનની કલ્પનાશક્તિ ઠીક ઠીક ઊંચાં શિખર સર કરે છે. અને સહુથી વિશેષ તો આ કૃતિમાં એની નિષ્ઠાનો સહજે અનુભવ થાય છે. લોકોની જ ધાર્મિક વૃત્તિ-પ્રવૃત્તિ અને ગતિને તેણે વાચા આપી હોવાથી હજારો વાચકોએ એ કૃતિને પ્રેમ અને ઉત્સાહથી વધાવી લીધી હતી.

બનિયન પોતે જ આત્મસાત કરી શક્યો હતો તેને આસાનીથી અને સુરેખ રીતે આલેખવાની તેનામાં સૂઝ છે. કથાને કેવી રસિકતાથી રજૂ કરવી તે કળા પણ તેને હસ્તગત છે. 'ધ પિલિગ્રિમ્સ પ્રોગ્રેસ'નો બીજો ભાગ ૧૬૮૪માં પ્રકટ થયો તેમાં ખ્રિશ્ચિયાના અને તેનાં બાળકોની વિનાશનગરીથી મોક્ષનગર સુધીની યાત્રાનું વર્ણન છે. અલબત્ત, બીજા ભાગમાં બનિયનની કલમ પહેલા ભાગમાં ફળી હતી તેવી ફળતી નથી. ખ્રિશ્ચિયાનાના અનુભવો પણ વાચકના ચિત્તમાં પ્રભાવ પાડતા નથી. આ કથામાં ક્રિશ્ચયાનાને એક સાથી - દયા (Mercy) અને એક રક્ષણહાર હૃદયસાગર (Great heart) મળી જાય છે. પણ સમગ્ર પ્રવાસ જાણે કોઈ શોખીન પ્રવાસીનો હોય તેવું લાગે છે. અગાઉની કથામાં ખ્રિસ્ત આત્મા (Christian)એ જે અગ્નિકસોટીઓ પસાર કરી હતી તે આમાં નથી.

ગમે તેમ પણ બનિયનની આ આધ્યાત્મિક રૂપકકથા રેસ્ટોરેશનકાળની એક નવી જ તરેહ પ્રકટ કરતી ગદ્યકૃતિ બની રહી છે અને ખાસ તો, આગળ ઉપર નવલકથાનું જે સ્વરૂપ પ્રકટવાનું છે તેનાં બીજ આ કૃતિમાં છે. બનિયનના બીજી એક કૃતિ 'ધ હોલી વૉર' (The Holy War -૧૬૮૨) માનવજીવનના ઇષ્ટ-અનિષ્ટ વચ્ચેના સંઘર્ષની અસલ રૂપકકથા રજૂ કરે છે.

તેની બીજી એક નિર્દેશપાત્ર કૃતિ 'ધ લાઈફ એન્ડ ડેથ ઑફ બેડમૅન' (The Life and Death Badman - ૧૬૮૦) નામની છે. □

આપણું  સંસદભવન

ભરત 'કુમાર' પ્રા. ઠાકર

પોતાનાં ચોસઠ વર્ષોના ઈતિહાસમાં અનેક તડકી-છાંયડી, અનેક શાસનોનાં ચડાવ-ઉતાર, અનેક મહાપુરુષોનાં ખંડ ગજાવતાં ભાષણો અને અનેક ઐતિહાસિક નિર્ણયોની જે મૂક સાક્ષી રહી છે, જ્યાં બોમના-ધડાકા થયા છે અને આગઝરતી વાણી ફૂટી છે, તથા સામ્રાજ્યશાહીથી લોકશાહી સુધીની ભારતીય સંઘર્ષયાત્રાના પ્રતીક સમી 'ભારત ભાગ્યવિધાતા' આપણી સંસદની સુદીર્ઘ કારકિર્દીની આ ઝલક દસમી લોકસભાની નવરચના ટાંકણે રસપ્રદ બની રહેશે.

જગતની સૌથી મોટી લોકતાંત્રિક પ્રક્રિયા સમી આપણા દેશની રાષ્ટ્રવ્યાપી સામાન્ય ચૂંટણીઓ પૂરી થઈ ગઈ છે. ૧૩મી માર્ચે નવમી લોકસભાનું વિસર્જન કરવા સાથે રાષ્ટ્રપતિએ ૨૦મી જૂન સુધીમાં દસમી લોકસભાની રચનાનો આદેશ આપ્યો હતો, તે અનુસાર ચૂંટણી પંચ તમામ ચૂંટણી પરિણામો જાહેર થઈ ગયાં બાદ નવી લોકસભાની રચના કરતું જાહેરનામું પણ બહાર પાડે છે. 'કુમાર'નો જુલાઈ- ૧૯૯૧નો આ અંક પ્રકટ થાય છે એ દરમિયાન ઘણી ઘણી ઘટનાઓ પર હવે પડદો પડી ગયો હશે. ચૂંટણીઓનાં લગભગ તમામ પરિણામ બહાર આવી જતાં આગામી પાંચ વર્ષ માટે દેશ પર શાસન ચલાવવા મતદારોએ ક્યા પક્ષના હાથમાં શાસનની બાગડોર સોંપી છે એ સ્પષ્ટ થઈ જવા ઉપરાંત નવી લોકસભાની રચના, સંસદ સભ્યોનો સોગંદવિધિ, નવી સરકાર દ્વારા સત્તાગ્રહણ અને આપણા મોટા લોકશાહી દેશના નવા વડાપ્રધાને પોતાનો પદભાર પણ સંભાળી લીધો છે. આપણી નવરચિત લોકસભાના પ્રારંભ સમયે ભારતીય સંસદના રસિક અને ઐતિહાસિક બનાવો તથા પ્રસંગોની ઝલક મેળવવી ગમશે.

ઐતિહાસિક પૂર્વભૂમિકા

છેક વૈદિકકાળથી ભારતદેશ લોકતાંત્રિક સંસ્થાઓ અને ચર્ચાઓ કરનાર વૈધાનિક મંડળો સાથે વિશ્વનાં સૌથી પ્રાચીન ગણતંત્રો પૈકી કેટલાંકનું ઉછેરકેન્દ્ર બની રહ્યો છે. વૈદિક અને બૌદ્ધ સમયનું સાહિત્ય અત્યંત વિકસિત અને અદ્યતન સંસદીય કામગીરી સાથેની સભાઓ અને સમિતિઓ જેવી પ્રતિનિધિ સંસ્થાઓના ઉલ્લેખોથી ભરપૂર છે. વેદકાળમાં સંસદ જેવી સંસ્થા 'સમિતિ' તરીકે ઓળખાતી. તે સમયના નિયમ પ્રમાણે સમિતિમાં ભારતની સમગ્ર પ્રજા હાજર રહી શકતી. પરંતુ વ્યવહારુ રીતે બધાં જ લોકો એકસાથે આ સમિતિની ચર્ચામાં ભાગ લઈ શકે એટલે લોકોના માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ આ ચર્ચામાં ભાગ લેવા હાજર રહી શકતા. ઋગ્વેદના કાળથી માંડીને ૨૭૦૦ વર્ષ પહેલાનાં કાળ સુધી એટલે કે હજારેક વર્ષ સુધી આ સમિતિઓએ ભારતમાં લોકશાસન કર્યું હતું.

વીસમી સદીના પ્રારંભમાં કલકત્તાને બદલે દિલ્હીને ભારતની રાજધાની બનાવવાનો નિર્ણય લેવાતાં બ્રિટનના બે વિખ્યાત વાસ્તુ-વિશારદો સર એડવિન લુટેન્સ અને સર હર્બર્ટ બેકરે નવા પાટનગર (નવી દિલ્હી)ની ડિઝાઈન તૈયાર કરી હતી, જેમાં અનેક ઐતિહાસિક ઇમારતો સાથે સંસદભવનનો પણ સમાવેશ થતો હતો. ઈ. ૧૯૧૧માં નવી દિલ્હીનું નિર્માણ-કાર્ય શરૂ થયેલું. આવાં અનેક બાંધકામોમાં અત્યારે જ્યાં આપણું સંસદભવન સંકુલ આવેલું છે ત્યાં ઈ.સ. ૧૯૨૦ના અરસામાં 'રાયસીના' નામક એક નાનકડું ગામડું હતું, જે મરાઠી રાજા હોલ્કરે વસાવ્યું હતું. આ વિસ્તાર અંગ્રેજોને પસંદ પડતાં તે હોલ્કર પાસેથી ખરીદી લીધો અને તેમાં એક બાજુ રાષ્ટ્રપતિ-ભવન તથા બીજી બાજુ સચિવાલય અને તેની વચ્ચે સંસદભવન (કાઉન્સિલ હાઉસ) ચાલે એવું અંગ્રેજ ઈજનેરોએ આયોજન કરેલું.

સંસદભવનનું બાંધકામ

લુટેન્સ અને બેકરે જ તૈયાર કરેલી આપણા આ ભવ્ય સંસદભવનની ડિઝાઈન ઘણી અટપટી હતી. અર્ધ ગોળાકાર રૂપમાં પથ્થરની આ ઇમારત સમગ્ર વિશ્વમાં ઈજનેરી કૌશલની દૃષ્ટિએ એક બેનમૂન ઇમારત ગણાય છે. લંડનની આમસભા (હાઉસ ઑફ કૉમન્સ)નું મકાન શાનદાર છે, તો અમેરિકાનું કેપિટલ બિલ્ડિંગ જાજરમાન છે; પરંતુ ભારતનું સંસદભવન શાનદાર અને જાજરમાન બંને છે. જગતની કેટલીક જાણીતી ઇમારતોના વર્તુળાકાર સ્વરૂપમાં તેની ભવ્યતા કેટલી ખીલી ઊઠે છે તેનું વધુ એક દૃષ્ટાંત છ એકરમાં પથરાયેલું આપણું સંસદભવન પૂરું પાડે છે.

લૉર્ડ ઈર્વિન તથા દેશના અનેક રાજા-મહારાજાઓની ઉપસ્થિતિમાં ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૨૧ના રોજ ડ્યૂક ઑફ કોનોટના હસ્તે આ અદ્‌ભુત ઇમારતનો શિલારોપણવિધિ થયો હતો. અર્ધ ગોળાકાર આ સંસદભવનનો વ્યાસ ૫૬૦ ફુટ છે અને પરિઘ (કુલ ઘેરાવો) એક તૃતીયાંશ માઈલ જેટલો છે. સંસદભવનના ઉપરના માળે દર અઢી ફુટના અંતરે એક એવા ૧૪૪ વિશાળ સ્તંભો ગોઠવવામાં આવ્યા છે.

આ સમગ્ર ઇમારત ભારતીય કારીગરો અને ભારતીય સામગ્રી દ્વારા જ બાંધવામાં આવી છે, અને તેના ચણતરમાં ગયાનો કાળો આરસ તથા મકરાન (રાજસ્થાન)નો સફેદ આરસ વપરાયો છે. લાકડું છેક બ્રહ્મદેશ અને આસામથી તથા સીસમ દક્ષિણ ભારતમાંથી મંગાવવામાં આવ્યું હતું. જ્યારે આખું સંસદભવન બંધાઈ રહ્યું ત્યારે તેમાં પોણા ચાર લાખ ઘનફુટ જેટલો પથ્થર વપરાઈ ચૂક્યો હતો. સંસદભવનના બાંધકામમાં અંગ્રેજ ઈજનેરોની સાથે સરદાર બહાદુરસિંહ નામના એક ભારતીય ઈજનેર પણ હતા. ત્રણ માળવાળા આ વિશાળ સંસદભવનમાં ઉપરનીચે જવા આવવા માટે છ લિફ્ટ્સ મૂકવામાં આવી છે. વળી, પાર્લામેન્ટ હાઉસ બાંધતી વખતે ઝીણામાં ઝીણી અન્ય ઈજનેરી બાબતો

પણ ખ્યાલમાં રખાઈ હતી. સંસદમમાં શોરબકોર થાય ત્યારે બોલાતા શબ્દો ગુંબજ સાથે અથડાવાને કારણે તેના પડઘા ન પડે તે માટે ગુંબજનો પથ્થર અવાજ શોષી લે તેવો પસંદ કરવામાં આવ્યો છે. આગ જેવી આકસ્મિક ઘટના બને તો તરત કાબૂમાં લાવવા માટે ઇમારતમાં જ ઠેકઠેકાણે ભારે દબાણથી વછૂટતા પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. હાલ સંસદભવનમાં લોકસભાનાં ૫૫૦ અને રાજ્યસભાનાં ૨૫૦ મળી ૮૦૦ સાંસદો બેસી શકે એવી વ્યવસ્થા છે.

આ સમગ્ર સંકુલ પૂરાં છ વર્ષે બંધાઈ રહેતાં ગવર્નર જનરલ લૉર્ડ ઈર્વિનના હસ્તે આજથી ચોસઠ વર્ષો પહેલાં ૧૮મી જાન્યુઆરી, ૧૯૨૭ના રોજ તેનું ઉદ્‌ઘાટન થયું હતું. ભવનના સંપૂર્ણ નિર્માણ પાછળ કુલે ૮૩ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. ઈ. સ. ૧૯૮૪માં સરકારી રાહે આ સંસદભવનની પાંચ કરોડ રૂપિયા જેટલી કિંમત અંદાજાઈ હતી, પરંતુ આજે જો એ નવેસરથી બાંધવામાં આવે તો તેનું ચણતર આશરે રૂ. ૪૦ કરોડની આસપાસ થાય!

સંસદીય લોકશાહી શાસન

અંગ્રેજોએ બંધાવેલી મૂળ ઇમારત 'કાઉન્સિલ હાઉસ' તરીકે ઓળખાતી હતી, જે ભારત આઝાદ થયા પછી 'સંસદભવન' (પાર્લામેન્ટ હાઉસ) તરીકે ઓળખાય છે. સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદે ૧૪મી ઑગસ્ટ, ૧૯૪૭ની મધ્યરાત્રિએ કામ શરૂ કર્યું ત્યારે એ સંસદને કામચલાઉ ઓળખવામાં આવી હતી અને તેને 'બંધારણીય સભા' (કૉન્સ્ટિટ્યૂઅન્ટ ઍસેમ્બ્લિ)નું નામ અપાયું હતું આ બંધારણીય સભા સ્વતંત્રતા પહેલાં (૯મી ડિસેમ્બર, ૧૯૪૬) રચાઈ હતી અને તેણે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવાનું કામ કરવાનું હતું. આ 'બંધારણીય સભા'ના અધ્યક્ષ તરીકે આપણા ગુજરાતના પનોતા પુત્ર શ્રી વિઠ્ઠલભાઈ પટેલ નિમાયા હતા. (તો સ્વતંત્ર ભારતની લોકસભાના પ્રથમ અધ્યક્ષસ્થાને પણ એક સવાયા ગુજરાતી શ્રી ગણેશ વાસુદેવ માવળંકર વરાયા હતા. અહીં એ પણ નોંધવું જોઈએ કે સ્વતંત્ર ભારતની સૂપ્રીમ કોર્ટના પ્રથમ ચિફ જસ્ટિસ પણ ગુજરાતી જ હતા અને તે હતા ભાવનગરના શ્રી હીરાલાલ જે. કણિયા.)

ત્રણ વર્ષે સંપૂર્ણ બંધારણ તૈયાર થઈ રહેતાં ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ભારત પ્રજાસત્તાક (પ્રજાને સત્તા આપનારું) રાષ્ટ્ર બન્યું. આપણે અપનાવેલી સંસદીય લોકશાહી પદ્ધતિમાં લોકો દ્વારા ચૂંટાયેલા સભ્યોના ગૃહ(લોકસભા)માં જે પક્ષને ૨/૩ બહુમતી મળે એ પક્ષના સભ્યો પોતાના નેતાને પસંદ કરે છે અને તે દેશના મુખ્ય શાસક (વડાપ્રધાન) બને છે. આમ, લોકો સીધી રીતે પોતાના પ્રતિનિધિઓ ચૂંટવાનું કામ કરે છે, જ્યારે આ ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાના નેતા (અને દેશના વડાપ્રધાન) પસંદ કરવાનું કામ કરે છે. અને તેથી જ આપણા માટે સૌથી વધુ મહત્ત્વ લોકસભાનું છે. કેમકે તેના સભ્યોને આપણે સીધેસીધા ચૂંટેલા હોય છે અને એ સભ્યો વડે જ સરકાર બને છે.

સંસદની લોકસભા ચેમ્બર

સંસદભવન સંકુલમાં મુખ્ય છ વિભાગો છે. સેન્ટ્રલ હૉલ, લોકસભા ચેમ્બર, રાજ્યસભા ચેમ્બર, લાઈબ્રેરી હૉલ, સંસદીય સચિવાલય અને પાર્લામેન્ટ હાઉસ એનેક્સી.

આખું સંસદભવન વર્તુળાકાર છે અને તેમાં આવેલી લોકસભા ચેમ્બરનો આકાર અર્ધ ગોળાકાર (ઘોડાની નાળ કે અંગ્રેજી અક્ષર 'યુ' જેવો) છે. નાળના બે છેડાની વચ્ચે લોકસભાના અધ્યક્ષ દીવાલ તરફ પીઠ રાખીને ઊંચા આસને બિરાજે છે તથા તેમની જમણી બાજુ શાસક પક્ષના સભ્યો અને ડાબી બાજુ વિરોધ પક્ષના સભ્યો બેસે છે. વળી, અધ્યક્ષની જમણી તરફ 'ઑફિસર્સ ગૅલરિ' છે, જેમાં લોકસભાની કાર્યવાહીની નોંધ રાખતા પ્રિસાઈડિંગ ઑફિસરો બેસે છે. અને ડાબી તરફ 'સ્પેશિયલ બૉક્સ' છે, જે રાષ્ટ્રપતિનાં કુટુંબીજનો અથવા તો તેમનાં મહેમાનો માટે અનામત રાખવામાં આવે છે. આ બૉક્સ પાસે જ કાચની દીવાલો વડે બનેલી એક સાઉન્ડપ્રૂફ કૅબિન છે, જ્યાંથી લોકસભાની ધ્વનિ-વ્યવસ્થાનું નિયમન થાય છે. અધ્યક્ષ જ્યાં બેસે છે તે સ્થાનની ઉપર પહેલા માળની બાલ્કનીમાં લોકો, મુલાકાતીઓ અને પત્રકારો માટે 'પ્રેક્ષક દીર્ઘા' અને 'પ્રેસ ગૅલરિ' છે. વિદેશી રાજદૂતો અને વિદેશી મહેમાનો માટે પણ પહેલા માળે અલાયદી ગૅલરિ છે.

લોકસભામાં(અને સાથે રાજ્યસભામાં પણ) યોજાયેલા મતદાન પછી મતોની ગણતરી અને મતોનું વિશ્લેષણ આપોઆપ કમ્પ્યૂટર દ્વારા તૈયાર થઈ જાય છે. અધ્યક્ષ ચાંપ દબાવે કે તરત જ વિદ્યુત ફલક પર 'તરફેણ'ના 'વિરુદ્ધ'ના અને 'તટસ્થ' મતોની સંખ્યા ચમકી ઊઠે છે. વળી, સંસદમાં (ગુજરાતી સહિત) બંધારણમાન્ય કોઈપણ પ્રાદેશિક ભાષામાં પ્રવચન થતું હોય, ત્યારે એક સાથે તેનો સમાંતર હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદ કરવાની અદ્‌ભુત વ્યવસ્થા પણ છે. ભાષાંતરની આ કમાલ સંસદમાં ગોઠવાયેલી 'સાઉન્ડ સિસ્ટમ'ને આભારી છે.

વિશિષ્ટ ધ્વનિ-વ્યવસ્થા

આપણી સંસદની ધ્વનિવ્યવસ્થા (સાઉન્ડ-સિસ્ટમ) સૌથી અદ્‌ભુત અને વિશિષ્ટ છે. સંસદમાં જે કંઈ બોલાય છે તે બધું આપોઆપ ટેપ થઈ જાય છે. એટલું જ નહિ, તે ટેપને પુરાવા તરીકે લાંબા સમય સુધી સાચવી રાખવામાં પણ આવે છે.

અત્યારે ફક્ત લોકસભામાં જ ૫૪૫ સભ્યો બેસે છે. એક જણ બોલે અને બાકીનાં ૫૪૪ સભ્યો પોતાની બેઠક પર (અને તે પણ પોતાની ઇચ્છિત ભાષામાં) સાંભળી શકે તે માટે અટપટું ધ્વનિ આયોજન થયેલું છે. આઝાદી પછી આપણી સંસદમાં આવી અદ્યતન સાઉન્ડ-સિસ્ટમ બ્રિટનની 'સાઉન્ડ રેન્ટલ્સ લિમિટેડ' નામની પેઢીએ એક લાખ રૂપિયાના ખર્ચે ગોઠવી આપી હતી. દરેક સંસદ સભ્યની બેઠકમાં એકએક લાઉડ-સ્પીકર બેસાડવામાં આવ્યું છે. આવા કુલે ૬૪૫ સ્પીકરો લોકસભાની શોભા બગાડી ન નાખે એ માટે દરેક સ્પીકર બેઠકની પીઠમાં (જ્યાં સભ્ય માથું ટેકવતો હોય છે ત્યાં)બારીક જાળીમાં મૂકવામાં આવ્યું છે, જેના ઉપર ભારતની રાજમુદ્રા કોતરેલી છે. લોકસભાના અધ્યક્ષ માટે ચાર સ્પીકરો મૂકવામાં આવ્યા છે. સ્પીકરોની માફક માઈક્રોફોનની ગોઠવણ પણ અદ્‌ભુત છે. લોકસભાની આખી ચેમ્બર બેઠક-વ્યવસ્થાની દૃષ્ટિએ છ ભાગોમાં વહેંચાયેલી છે. દરેક ભાગમાં કુલ ૨૦ માઈક્રોફોન ગોઠવવામાં આવ્યા છે. પંદર ફુટ દૂરથી પણ માઈક તેનો અવાજ પકડી શકે અને સંસદ સભ્ય તેની પાટલી પર બેઠાબેઠા જે કાંઈ કહે તે આખાય ગૃહને સંભળાય એવી વ્યવસ્થા છે. એટલે સભ્યે બોલતી વખતે ઊભા થઈને માઈક પાસે જવાની જરૂર રહેતી નથી. કયો સભ્ય બોલવા માગે છે એ કાચમાંથી જોયા પછી સાઉન્ડ

આસિસ્ટન્ટ એ સભ્યના વિસ્તારના માઈક્રોફોન ચાલુ રાખીને બાકીનાં વિસ્તારોનાં બધાં માઈક્રોફોન બંધ કરી દે છે.

કાચની સાઉન્ડ-પ્રૂફ દીવાલોના બનેલા 'કંટ્રોલ રૂમ'માંથી આ સમગ્ર ધ્વનિ-વ્યવસ્થાનું સંચાલન અને નિયમન થાય છે. વડાપ્રધાનના નિવેદનથી માંડીને વિરોધપક્ષના સભ્યો પાટલી ઉપર મૂઠીઓ પછાડે ત્યાં સુધીના તમામ અવાજો કંટ્રોલ રૂમનાં સંખ્યાબંધ ધ્વનિ-મુદ્રકો પર નોંધાઈ જાય છે. કંટ્રોલ રૂમમાંથી એક ચેનલ લોકસભા સાથે જોડાયેલી છે તેમ અવાજની એક અલગ ચેનલ સીધી રાષ્ટ્રપતિ-ભવનમાં જાય છે, જેથી સંસદની કાર્યવાહીનો રાષ્ટ્રપતિને પણ એ જ ઘડીએ ખ્યાલ આવી શકે.

શાનદાર સેન્ટ્રલ હૉલ

સંસદભવનની વર્તુળાકાર ઇમારતના કેન્દ્રસ્થાને 'સેન્ટ્રલ હૉલ' છે. આ મધ્યસ્થ ખંડની એક પડખે લોકસભા ગૃહ (નીચલું ગૃહ), બીજે પડખે રાજ્યસભા ગૃહ (ઊપલું ગૃહ) અને ત્રીજે પડખે ગ્રંથાલય છે. સેન્ટ્રલ હૉલ આ ત્રણેય મુખ્ય વિભાગો સાથે જોડાયેલું હોઈ અહીંથી એ ત્રણે મકાનોમાં આવ-જાવ કરી શકાય છે. આ ત્રણ ચેમ્બરોની ફરતે ચાર માળનું એક ગોળ મકાન છે, જેમાં પ્રધાનો, સમિતિના અધ્યક્ષો, સંસદીય સમિતિ અને માન્યતા પ્રાપ્ત પક્ષોની કચેરીઓ તેમજ બંને ગૃહોનાં કાર્યાલયો છે.

ગોળાકાર સેન્ટ્રલ હૉલના ઘુમ્મટનો વ્યાસ ૯૮ ફુટ છે. આ ઘુમ્મટ વિશ્વનાં શાનદાર ઘુમ્મટોમાંનો એક ગણાય છે. આ જ સ્થળે ભારતનું બંધારણ ઘડાયું હતું અને અહીં જ ૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટ (૧૪મીની મધરાતે) અંગ્રેજોએ ભારતને શાસનનાં સૂત્રો સોંપ્યાં હતાં. દર વર્ષે અંદાજપત્ર સત્ર શરૂ થાય તેના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ બંને ગૃહો સમક્ષ સંયુક્ત મંગળ પ્રવચન કરે છે. આ સંયુકત બેઠક આ સેન્ટ્રલ હૉલમાં જ મળે છે. સંસદના સંયુકત અધિવેશનમાં ભાષણ કરવા માટે રાષ્ટ્રપતિ પોતાની બગીમાં બેસીને આવે ત્યારે સંસદનો દબદબો નિહાળવા જેવો બની જાય છે. આ ઉપરાંત દેશની મુલાકાતે આવેલા મહત્ત્વના રાજનેતાઓ બંને ગૃહોને સંબોધે છે ત્યારે પણ આજ હૉલમાં બેઠક મળે છે.

સેન્ટ્રલ-હૉલની અંદર દીવાલો પર ૬X૩ ફુટ (માનવ કદ)નાં ૧૧૫ મોટાંમોટાં તૈલચિત્રો લગાડવા માટેની પેનલ્સ બેસાડેલી છે. અત્યાર સુધીમાં ત્યાં ૪૫ પેનલ્સ પર તૈલચિત્રો મૂકવામાં આવ્યાં છે, જેમાં છેલ્લે ૧૯૯૦માં જન્મ-શતાબ્દી વર્ષ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરના તૈલચિત્રનું અનાવરણ થયું હતું.

કાયમી ગૃહ : રાજ્યસભા

ધ કાઉન્સિલ ઑફ સ્ટેટ્સ, ધ અપ્પર હાઉસ, રાજ્યસભા, ઊપલું ગૃહ દ્વિતીય ગૃહ.... વગેરે નામે ઓળખાતા સંસદના આ બીજા ગૃહની રચના ૩જી એપ્રિલ, ૧૯૫૨ના રોજ થઈ હતી અને તેના સર્વપ્રથમ સત્રની બેઠક ૧૩મી મે, ૧૯૫૨ના રોજ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની અધ્યક્ષતા હેઠળ મળી હતી. પ્રારંભિક રચના સમયે તેની સભ્ય સંખ્યા ૨૧૬ હતી, જે હવે વધીને ૨૫૦ થઈ છે. રાજ્યસભાનો આકાર પણ લોકસભા જેવો જ છે, પરંતુ તેનું કદ નાનું છે. આ સિવાય લોકસભા જેવી તમામ આધુનિક સુવિધાઓ રાજ્યસભામાં પણ કરવામાં આવી છે.

લોકસભાની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે, જ્યારે રાજ્યસભાના સભ્યની મુદત છ વર્ષની હોય છે. લોકસભાની જેમ પ્રજાના સીધા મતદાન દ્વારા નહિ, પરંતુ રાજ્યો અને સંઘશાસિત પ્રદેશોની વિધાનસભાઓના ચૂંટાયેલા ધારાસભ્યો રાજ્યસભાના સભ્યોની ચૂંટણી કરે છે આ બધા જ સભ્યોની ચૂંટણી પણ એક સાથે નથી થતી. તેમના ૧/૩ સભ્યો દર બે વર્ષે આપોઆપ પદ-નિવૃત્ત થાય છે અને તેમનાં સ્થાને લગભગ ૭૮ કે ૭૯ સભ્યોની ચૂંટણી થાય છે. જ્યારે સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં અગ્રણી એવી ૧૨ નામાંકિત વ્યકિતઓની રાજ્યસભાના સભ્યો તરીકે રાષ્ટ્રપતિ નિયુકિત કરે છે. આમ, રાજ્યસભા એ 'કાયમી ગૃહ' છે. લોકસભાની જેમ રાજ્યસભાનું વિસર્જન નથી થતું. રાજ્યસભાનું આ સાતત્ય લોકસભાના વિસર્જન થવાના સમયે તો વિશેષ મહત્ત્વ ધારણ કરે છે. એવા સમયે રાજ્યસભા જ રાષ્ટ્રહિતોની રક્ષા માટે સંસદની જવાબદારી સંભાળે છે.

'લોકસભા'ના અધ્યક્ષને તેના સભ્યો ચૂંટી કાઢે છે, જ્યારે 'રાજ્યસભા'ના અધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ ઉપરાષ્ટ્રપતિ કાર્ય કરે છે. અત્યાર સુધી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, ડૉ. ઝાકીર હુસૈન, ડૉ. વરાહગિરિ વ્યંકટગિરિ, ગોપાલ સ્વરૂપ પાઠક, બાસપ્પા દાસપ્પા જત્તી અને મોહમ્મદ એચ. હિદાયતુલ્લાહ રાજ્યસભાના અધ્યક્ષપદે બિરાજી ચૂક્યા છે. વર્તમાન અધ્યક્ષ તરીકે ઉપરાષ્ટ્રતિ ડૉ. શંકર દયાળ શર્મા અને ઉપાધ્યક્ષ તરીકે શ્રીમતી નઝમા હેપતુલ્લાહ આ પદ શોભાવી રહ્યાં છે.

સંસદીય સચિવાલય, ગ્રંથાલય અને સંગ્રહાલય

સંસદનું વહીવટી કામકાજ સંભાળવા માટે ૧૦મી જાન્યુઆરી, ૧૯૨૯ના 'કેન્દ્રીય ધારાસભા સચિવાલય'ના નામે સરકારના નિયંત્રણથી મુક્ત એક અલગ વિભાગની સ્થાપના કરવામાં આવેલી, જે ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦થી બંધારણ અમલમાં આવતાં 'સંસદ સચિવાલય' તરીકે અને ૧૯૫૪થી રાજ્યસભાનું સચિવાલય અલગ પડતાં 'લોકસભા સચિવાલય' તરીકે ઓળખાય છે. લોકસભા અધ્યક્ષ હોદ્દાની રૂએ આ વિભાગના વડા લેખાય છે તેમજ સચિવાલયના સ્ટાફની નિમણૂક અને પગારની શરતો તેઓ નક્કી કરે છે. સંસદમાં દિવસ દરમિયાન જે કંઈ કાર્યવાહી થઈ હોય તેની સંપૂર્ણ નોંધ હિન્દી અને અંગ્રેજીમાં તૈયાર કરી છપાવીને સચિવાલયમાં સાચવી રખાય છે.

બ્રિટિશ યુગમાં જે ખંડ 'પ્રિન્સીઝ ચેમ્બર' તરીકે ઓળખાતો અને ઇંગ્લૅન્ડના રાજકુમાર જ્યાં પોતાનો દરબાર ભરતા એ હવે સંસદના 'લાયબ્રેરી હૉલ' તરીકે ઉપયોગમાં લેવાય છે. એક સાથે આઠસો વ્યક્તિઓની સમાવેશ-ક્ષમતા ધરાવતા આ વિશાળ સંસદીય ગ્રંથાલયમાં દસ લાખ જેટલાં પુસ્તકો અને સંદર્ભગ્રંથો છે તથા જગતભરમાંથી વિવિધભાષી એકસોથી વધુ અખબારો અને સામયિકો આવે છે. કોઈપણ વર્ષની સંસદની કાર્યવાહીને લગતા તમામ ગ્રંથો અહીં ઉપલબ્ધ છે.

આપણા સંસદભવનમાં ૧૯૯૦માં 'સંસદીય સંગ્રહસ્થાન અને અભિલેખાગાર' (પાર્લામેન્ટ મ્યૂઝીઅમ ઍન્ડ આર્કાઈવ્ઝ)ની સ્થાપના કરવામાં આવી છે. ભારતમાં લોકતાંત્રિક અને પ્રતિનિધિ સંસ્થાઓનો ઉદ્ભવ, વિકાસમાળખું અને તેમની કામગીરી અંગેની ઝાંખી અહીં મેળવી શકાય છે. આ સમગ્ર સંગ્રહાલય ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે. આ સંકુલમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વિખ્યાત સંસદસભ્યોનાં ચિત્રોની

એક ગેલરિ પણ છે. ભારતના ભાગલા થયા તેને લગતી ઐતિહાસિક તસવીરો પણ અહીં પ્રદર્શનમાં મૂકી છે. ૧૯૨૧ની કેન્દ્રીય ધારાસભા તથા પહેલી લોકસભાના સભ્યો માટેના હાજરીપત્રકમાં રાજેન્દ્રપ્રસાદ, એસ. રાધાકૃષ્ણન્, ગણેશ વાસુદેવ માવળંકર, પંડિત નેહરુ, મૌલાના આઝાદ, રાજકુમારી અમૃતકૌર, બી. આર. આંબેડકર, બલદેવસિંહ, વલ્લભભાઈ પટેલ તથા રફી અહમદ કિડવાઈ જેવા વિખ્યાત મહાનુભાવોના મૂળ હસ્તાક્ષરો જોઈ શકાય છે.

ઐતિહાસિક ઘટનાઓની સ્મૃતિ

આપણી સંસદે પોતાની ૬૪ વર્ષોની સુદીર્ઘ કારકિર્દીમાં અનેક ઐતિહાસિક બનાવો નિહાળ્યા છે અને અનેક શાસનોની ચડતી-પડતી પણ જોઈ છે.

સંસદમાં હાથબોમ ફેંકવાની પહેલી અને એકમાત્ર ઘટના ૧૯૨૯માં બની ગઈ હતી. મુલાકાતીઓની ગેલરિમાંથી બ્રિટિશ શાસન વિરુદ્ધ આક્રોશ પ્રદર્શિત કરવા શહીદ ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે બે હાથબોમ લોકસભા ગૃહમાં ફેંકતાં નાસભાગ મચી ગઈ હતી. પરંતુ સદ્ભાગ્યે કોઈ જાનહાનિ નહોતી થઈ. રાષ્ટ્રભાષા હિન્દીના પ્રશ્ને મધુ લિમયેએ ઉઠાવેલી બાબત તેની પરાકાષ્ઠાએ પહોંચતાં કેટલાક સભ્યો દ્વારા હિન્દી ભાષાને લગતા ખરડાની નકલ ફાડી નાખીને તેની સંસદભવનમાં જ હોળી કરવાનો અભૂતપૂર્વ બનાવ પણ બની ગયો છે! આ જ લોકસભાની કૉરિડોરમાં સંસદના સભ્ય સ્વામી રામેશ્વરાનંદ જેવા સંન્યાસીએ ઉપવાસ કર્યા હતા ; તો બીજા એક કિસ્સામાં, અધ્યક્ષની ખુરશીના પાયા પકડીને ઉપવાસ કરવા બેઠેલા અન્ય એક લોકપ્રતિનિધિએ પણ સંસદમાં ખળભળાટ મચાવી દીધો હતો.

મધુ લિમયે જેવા સંસદસભ્યને ગૃહ બહાર કાઢવામાં ન આવે તે માટે વિરોધપક્ષના સભ્યોએ એમની આજુબાજુ વીંટળાઈ વળી માનવ-દીવાલ રચીને રક્ષણ આપ્યું હતું. તો બીજી બાજુ, રાજનારાયણ જેવા સભ્યને ટીંગાટોળી કરીને માર્શલે રાજ્યસભા બહાર કાઢવા પડ્યા હતા. દેશે પહેલી જ વખત અનુભવેલી ૧૯૭૫ની 'આંતરિક કટોકટીની સ્થિતિ' જાહેર કરવા જેવું સરકારનું અંતિમ પગલું પણ આપણી સંસદે જોયું છે. ભારતની સંસદીય તવારીખમાં લોકસભાની મુદત પાંચ વર્ષથી વધારીને છ વર્ષની કરવાનો અને એ રીતે લોકસભાનો સૌથી લાંબી મુદતવાળો પ્રથમ અને એકમાત્ર બનાવ ૧૯૭૧થી ૧૯૭૬ની પાંચમી લોકસભાને વધુ એક વર્ષ ૧૯૭૭ સુધી લંબાવતી વખતે બન્યો હતો. ૧૯૮૯માં રચાયેલી અને ચાલુ વર્ષે (૧૯૯૧માં) વિસર્જિત થયેલી નવમી લોકસભાની મુદત ટૂંકામાં ટૂંકી (માત્ર ૧૬ મહિના) રહી છે. વળી, ૧૯૭૧, ૧૯૭૯ અને ૧૯૯૧માં લોકસભાની પાંચ વર્ષની નિયત સમયમર્યાદા કરતાં તેને વહેલી બરખાસ્ત કરવાનાં ત્રણ પ્રસંગો બન્યા છે.

આ ભવ્ય ઇમારતમાં જ ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ બે દેશો વચ્ચે સત્તાના હસ્તાંતરણની પ્રક્રિયા કરવામાં આવી હતી, અને માર્ચ,૧૯૭૭માં એ જ સંસદમાં પક્ષીય ધોરણે તથા લોકશાહી માર્ગે સત્તાની ફેરબદલી થવાની પ્રથમ અભૂતપૂર્વ ઘટના પણ થવા પામી હતી. આઝાદી પછીનાં ત્રીસ વર્ષમાં પહેલી જ વખતે લોકોએ બુલેટના બદલે બેલેટ (મતદાન) દ્વારા સરકાર બદલાવી હતી અને એ રીતે તદ્દન શાંતિપૂર્ણ અહિંસક ક્રાંતિ પણ આપણી સંસદે નિહાળી છે. એ પછી બે વાર - ૧૯૮૦ અને ૧૯૮૯માં પણ - સંસદે આવા શાસન-પલટા જોયા છે.

૧૯૮૩માં જનતા પક્ષના પ્રા. મધુ દંડવતે રિવૉલ્વર સાથે લોકસભામાં પ્રવેશી આવ્યા હતા અને પોતાની બેઠક પરથી ઊભા થઈ (ખાલી) રિવૉલ્વર બહાર કાઢી સંસદસભ્યોને (અને સાથે સંસદના સલામતી વર્તુળોને પણ) ચોંકાવી દીધા હતા! ૧૯૮૬માં બૉમ દ્વારા ભારતમાં સંસદભવનને ઉડાડી દેવાનું ત્રાસવાદીઓનું એક કાવતરું પણ ઘડાયું હતું, અને તેને પકડી પાડવામાં આવતાં નાકામિયાબ રહ્યું હતું. આપણી સંસદમાં બહારથી ટેકો લઈને 'લઘુમતી સરકાર' ચલાવવાનાં પણ ત્રણ પ્રયોગો થયા છે અને (૧૯૭૯, ૧૯૯૦ અને ૧૯૯૧માં) એ ત્રણે સરકારોને અલ્પકાળમાં જ સંસદે ઊથલી પડતા પણ જોઈ છે!

સંસદના તિરસ્કારના પ્રશ્ને સંસદે લખાણ બદલ 'બ્લિટ્ઝ'ના તંત્રીને, એક સંસદસભ્યને માર મારવા બદલ નાગપુરના એક પોલીસ અધિકારીને, ૧૯૮૦માં નાણાં ખરડો પસાર થાય એ પહેલાં જ પ્રસિદ્ધ કરવા બદલ લેખક/પ્રકાશક એવી ત્રણ વ્યક્તિઓને તથા છેલ્લે ૧૯૯૦માં રાજ્યસભાના અધ્યક્ષ વિષે અશોભનીય શબ્દો વાપરવા બદલ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન કે. કે. તિવારીને સંસદના ઉંબરે ખડા કરીને એમને ઠપકો આપવામાં આવ્યો હતો.

સર્વોપરી સર્વસત્તાધીશ

સમગ્ર રાષ્ટ્રના પ્રતિનિધિઓ જ્યાં મળે છે અને જે પૂરા રાષ્ટ્રનું જીવંત પ્રતીક બની રહે છે એવી આપણી સંસદનું સત્ર દક્ષિણ ભારતના પણ કોઈ એક સ્થળે યોજવાની લાગણી અને માગણી રહી છે. જેમ મહારાષ્ટ્ર વિધાનસભાનું સત્ર મુંબઈ ઉપરાંત નાગપુર ખાતે પણ મળે છે અને જમ્મુ-કાશ્મીર વિધાનસભાનું સત્ર શ્રીનગર ઉપરાંત જમ્મુમાં પણ મળે છે એ રીતે ભારતીય સંસદની બેઠક પણ દક્ષિણ ભારતમાં યોજવાના પ્રસ્તાવ મૂકાતા રહ્યા છે. ઘણાં વર્ષો અગાઉ સદ્ગત પ્રકાશવીર શાસ્ત્રીએ અને તાજેતરનાં વર્ષોમાં કર્ણાટકના મુખ્ય પ્રધાન ગુંડુરાવે પણ આવા વિચાર વહેતા મૂક્યા હતા. પણ લાખ્ખોના ખર્ચા ઉપરાંત સંસદ સંબંધિત અન્ય જરૂરી સગવડો-સુવિધાઓના અભાવે દક્ષિણ ભારતમાં સંસદની બેઠક યોજવાનું વ્યાવહારિક રીતે અશક્ય હોવાથી આ પ્રસ્તાવ હજુ સુધી સાકાર થયો નથી.

આપણી સંસદ વિશાળ સત્તાઓ ધરાવે છે. રાષ્ટ્રિય દૃષ્ટિએ અગત્યની હોય એવી બધી બાબતો અંગે તે કાયદા ઘડી શકે છે. સંસદના બે તૃતીયાંશ સભ્યો ઇચ્છે તો બંધારણમાં પણ સુધારો કરી શકે છે. આપણી સંસદીય પ્રણાલિ મુજબ કેવળ સંસદ જ સર્વોપરી સત્તા છે, એટલે સુધી કે રાષ્ટ્રપતિ સુદ્ધા સંસદના નિર્ણયની ઉપરવટ જઈ શકતા નથી. આપણી સંસદીય પ્રણાલિ વિષે તો ત્યાં સુધી કહેવાયું છે કે 'સંસદ કેવળ સ્ત્રીને પુરુષ અને પુરુષને સ્ત્રીમાં ફેરવી નાખવા સિવાયના બધા વિષયો પર નિર્ણયો કરી શકે છે'. આપણી સંસદીય લોકશાહી પ્રથા વિશ્વમાં સૌથી વિશાળ, ઉત્તમ અને વધુ કાર્યરત પ્રણાલિ કહેવાઈ છે. દેશનાં કરોડો લોકોનું ભાવિ અહીં ઘડાય છે. આલંકારિક ભાષામાં કહીએ તો સંસદ દેશની સાચા અર્થમાં 'ભારત ભાગ્યવિધાતા' છે! □

ધારાવાહી લઘુનવલ સંભવામિ યુગે યુગે રતિલાલ બોરીસાગર

ભદ્રંભદ્રની પત્રકાર પરિષદ- ૧

જે દિવસે સાંજે પત્રકારપરિષદ હતી તે દિવસે સવારથી જ ભદ્રંભદ્રે ઉત્તેજિત હતા. યજમાન ભદ્રંભદ્ર માટે પર્યાવરણોચિત પ્રબંધ રચવામાં વ્યસ્ત હતા. ભદ્રંભદ્રે મને પાસે બોલાવીને કહ્યું, 'અંબારામ! આમ તો હું ત્રિકાલસર્વજ્ઞ છું. હું કશાથી અજાણ્યો નથી ને મારાથી કશું અજાણ્યું નથી. હું નથી જાણતો એવું આ સૃષ્ટિમાં કશું નથી. અને હોવાનો સંભવ પણ નથી. તથાપિ કેવળ તારી પરીક્ષાર્થે કેટલાક પ્રશ્નો પૂછવાની મને સ્પૃહા છે.'

'પૂછો મહારાજ, આપના પ્રશ્નોથી હું ધન્ય થઇશ.' મેં નમ્રતાથી કહ્યું.

'અંબારામ, આજે અત્રે પત્રકારપરિષદનું આયોજન યજમાને કર્યું છે. આ પત્રકાર શું છે?'

'પત્રકારત્વ વ્યવસાય છે, મહારાજ!' મેં સ્પષ્ટતા કરી.

'એ લોકો પત્રો લખવાનું કામ કરે છે ?'

'ના, મહારાજ! એ લોકો પત્રો ચલાવાનું કામ કરે છે,'

'પત્રો ચલાવવાનું ? વધારે વિવરણની આવશ્યકતા છે.'

'મહારાજ! વર્તમાનપત્રોથી તો આપ સુપરિચિત છો. પત્રકારો વર્તમાનપત્રોમાં સમાચાર આપવાનું, એમાં લેખો લખવાનું કામ કરે છે.'

'એ લોકો નર્મદાવાળા છે? એમ હશે તો હું આજે મારા વાક્બળથી એમને પરાસ્ત કરીશ. જરૂર પડ્યે ભુજબળનો પ્રયોગ પણ કરીશ.'

'ના મહારાજ! ભુજબળના પ્રયોગનાં ઘણાં વિપરીત પરિણામો આપણે ભોગવ્યાં છે. અહીં એની આવશ્યકતા નથી. આ પત્રકારો આપનો કાર્યક્રમ જામી વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરશે. એ વાંચીને નર્મદાવાળાઓનાં ગાત્રો શિથિલ થઈ જશે. શાસનપતિ સ્વયં આવી નર્મદાનો બંધ બાંધવાનું મુલતવી રાખ્યાની આપણને જાણ કરશે. આપના દેદીપ્યમાન દેહની છબિઓ પ્રસિદ્ધ થશે. વિશ્વભરમાં આપની કીર્તિપતાકા ફરકશે.'

'મને કીર્તિનો મોહ નથી, તથાપિ સુજ્ઞ જનો એમનું કર્તવ્ય કરશે તો હું એમને સહાયરૂપ થઈશ.'

'મહારાજ, મારી એક નમ્ર વિજ્ઞપ્તિ છે.' મેં કહ્યું 'કહે.'

'મહારાજ, આ પત્રકારો જાતજાતના પ્રશ્નો પૂછશે એનાથી વિચલિત ન થવાની આપને વિનંતી કરું છું. કેવળ પ્રશ્નોથી આપ એમને નર્મદાવાળા ન સમજશો. એ લોકો કેવળ એમની જિજ્ઞાસાતૃપ્તિઅર્થે જ પ્રશ્નો પૂછશે.'

'એમ હશે તો હું એમની જિજ્ઞાસા તૃપ્ત કરીશ.' અનુપમ ઔદાર્ય પ્રકટ કરી ભદ્રંભદ્ર બોલ્યા.

*

સંધ્યાસમયે યજમાનના વિશાળ ઉપવનમાં પત્રકાર પરિષદનું આયોજન થયું. આયોજનની ઝીણી ઝીણી વીગતોમાં ભદ્રંભદ્રે સહાય કરવાની. તત્પરતા દાખવી. પરિણામે આયોજકોના કષ્ટમાં ઘણી વૃદ્ધિ થઈ. પ્રથમ તો ભદ્રંભદ્રે વૃક્ષો કાપીને બનાવેલા કોઈના આસન પર બેસવાની ના કહી. અને વૃક્ષ પર ચડીને પોતે સભાને સંબોધશે એવી ઘોષણા કરી. આ ઘોષણાથી યજમાનો મૂંઝાયા. કાષ્ઠાસન કે લોહાસન વગર બેસવાનો પ્રબંધ કરવાનું અશક્યવત્ હતું. કેવળ ભૂપૃષ્ઠ પર બેસી પત્રકારોને લેખનકાર્ય કરવાનું દુષ્કર થવાનો સંભવ હતો. યજમાનોએ મૂંઝાઈને મારી સામે જોયું. મેં કહ્યું, 'મહારાજ, પ્રતીકાયોજનથી આસન પ્રબંધ કરવાની અનુમતિ આપવાનો અનુગ્રહ કરો. આસનો પર ઘાસ અને પર્ણોનું આચ્છાદન કરીશું એટલે પર્યાવરણોચિત પ્રબંધ રચાઈ જશે.' ભદ્રંભદ્રે અનુમતિ આપવાનો અનુગ્રહ કર્યો. એટલે લાકડાની પાટ પર નરમ ઘાસ પાથરી ભદ્રંભદ્ર માટેના આસનનો પ્રબંધ કરવામાં આવ્યો. પત્રકારો માટે રાખવામાં આવેલાં કાષ્ઠાસનો (ખુરશીઓ) પર પર્ણોનાં તોરણ રાખવામાં આવ્યાં હતાં. આસનવ્યવસ્થાની પરીક્ષા કરી, પત્રકારો આવે એટલે પોતાને બોલાવવાની સૂચના આપી, ભદ્રંભદ્ર પોતે કટિબદ્ધ થવા પર્ણકુટિ તરફ વળ્યા. હું પણ એમને અનુસર્યો.

યજમાન અમને લેવા આવ્યા ત્યારે લગ્નમંડપમાં જવા માટે લગ્નોદ્યત પુરુષને એમનો મિત્રગણ શણગારે એમ હું ભદ્રંભદ્રને શણગારી રહ્યો હતો. ભદ્રંભદ્રનો આજનો શણગાર ખરે જ અપૂર્વ હતો. ધોતિયાનો કછોટો વાળી એના પર ઘાસના થર લગાડ્યા હતા. ગળામાં રુદ્રાક્ષની માળા ઉપરાંત પુષ્પમાળાઓ પહેરી હતી. શરીરના ઉપરના ભાગે કશું પણ વસ્ત્ર રાખવાની ભદ્રંભદ્રે અનિચ્છા પ્રકટ કરી હતી. વસ્ત્રને બદલે પર્ણથી ગૂંથેલું કવચ ભદ્રંભદ્રે ધારણ કર્યું હતું. પર્ણોથી ઢંકાયેલો એમનો દેહ અપૂર્વ શોભા ધારણ કરી રહ્યો હતો. પર્ણોનું કવચ શરીર સાથે મજબૂત રીતે ભીડી દીધા પછી શરીર પર જનોઈ છે કે કેમ તે અંગે ભદ્રંભદ્રને સંશય થયો એટલે એમણે કવચ ફરી ઉતરાવ્યું. એમ કરવા જતાં થોડાં પર્ણો નીકળી ગયાં. એટલે એ ગૂંથવામાં થોડો કાલવ્યય થયો. તુલસીની ડાળખીઓથી શિરાવેષ્ટન (પાઘડી) ઢંકાઈ ગયું હતું કપાળ પર કંકુની આડીઊભી રેખાઓ દોરી ખાનાં પાડ્યાં હતાં. આ ખાનાંઓમાં આ વખતે 'નર્મદા નર્મદા' એમ લખાવ્યું હતું. હાથ પર શંખ, ચક્ર, ગદા, પદ્મનાં નિશાનો યથાવત્ રાખ્યાં હતાં. પગમાં ચાખડીઓ ધારણ કરી હતી. ભદ્રંભદ્રનું આવું અપૂર્વ સ્વરૂપ જોઈ, વિરાટ સ્વરૂપનાં

દર્શન કરી અર્જુન ચકિત થયો હતો તેમ, યજમાન ચકિત થયા. બોલ્યા, 'મહારાજ! આપનાં દર્શનમાત્રથી નર્મદાના રક્ષણની પ્રતીતિ થાય છે.'

"તમારી શ્રદ્ધા યથાર્થ છે, યજમાનશ્રેષ્ઠ! મારા પ્રાકટ્યથી નર્મદાવાળાઓમાં ભય વ્યાપી જશે. 'ક્ષમા ક્ષમા'નો ધ્વનિ સર્વત્ર સંભળાવા લાગશે. બૃહદ્ બ્રહ્મભોજનનું પ્રાયશ્ચિત્ત આપી હું એમને ક્ષમા આપીશ. નર્મદાના તીરે થનારા આ બ્રહ્મભોજનના લાડુ આરોગી હું તથા અંબારામ પુન: સ્વર્ગે સંચરીશું."

'મહારાજ, પત્રકારો આપની પ્રતીક્ષા કરી રહ્યા છે. આપ પધારી સૌને ઉપકૃત કરો.' યજમાને વિનંતી કરી.

'તથાસ્તુ!' બોલી ભટ્ટંભટ્ટ એમની સાથે ચાલ્યા. હું પણ એમને અનુસર્યો. પત્રકારો ભટ્ટંભટ્ટને જોઈ ઘડીભર તો કિંકર્તવ્યમૂઢ બની ગયા. ભટ્ટંભટ્ટનું સ્વરૂપ જોઈ અપેક્ષા કરતાં પણ અનેકગણું આશ્ચર્ય સૌને થયું. થોડી જ વારમાં પ્રતિરૂપસર્જકયંત્ર (કેમેરા)ના ઝબકાર થવા માંડ્યા. આ જોઈ ભટ્ટંભટ્ટ બોલ્યા, 'અંબારામ! વિદ્યુતદર્શનનો ભાસ થાય છે. પણ આ મારા જ્ઞાનનો પ્રકાશ છે એવી ઘોષણા તું કરજે.'

'ક્ષમાપ્રાર્થના, મહારાજ! પ્રતિરૂપસર્જકયંત્રોમાં આપની છબી ઝિલાઈ રહી છે. આવતી કાલે વર્તમાનપત્રોમાં આપની છબીઓ મુદ્રિત થશે. આ છબીઓ જોઈ સમસ્ત ગુર્જરપ્રદેશના જનો ધન્ય બની જશે.' 'એમ થવું ઉચિત છે, અંબારામ ! જે લોકો પૂજામાં મારી છબી રાખશે એમને મૃત્યુ પછી સ્વર્ગ મળશે એવું નિવેદન કરવાની અભીપ્સા મારા હૃદયમાં જન્મે છે. આ વિશે તારો શો અભિમત છે?' આવા નિવેદનથી ભટ્ટંભટ્ટ ઉપહાસપાત્ર થાય એ વિશે મારા મનમાં શંકા નહોતી. પણ ભટ્ટંભટ્ટને એમના નિર્ધારમાંથી પાછા વાળવાનું પણ દુષ્કર હતું, પરંતુ ઈશ્વરકૃપાથી મારા મનમાં વિચાર સ્ફુર્યો અને મેં કહ્યું, 'મહારાજ, આપનું એવું નિવેદન સ્વર્ગલોકના અધિપતિ ઇન્દ્રમહારાજ માટે સમસ્યાનું સર્જન કરશે.'

'એ કેવી રીતે, વત્સ? ઇન્દ્રમહારાજ તો આપણા પરમ સખા છે. એમને માટે સમસ્યારૂપ ન થવું એ આપણું કર્તવ્ય છે.' ભટ્ટંભટ્ટના કથનથી મારા હૃદયમાં આશાનો સંચાર થયો. મેં કહ્યું, 'મહારાજ, આપના નિવેદન પછી ઘેર ઘેર આપની પૂજા થશે. આપની પૂજા કરનાર વિશાળ જનસમુદાય માટે સ્વર્ગમાં આયોજન કરવાનું ઇન્દ્રમહારાજ માટે કષ્ટદાયક થશે.'

'સ્વર્ગના અધિપતિની વિપત્તિનો વિચાર કરી હું આવું નિવેદન કરવાનું સ્થગિત કરીશ.' ભટ્ટંભટ્ટે ઇન્દ્રમહારાજ પર કરેલા અનુગ્રહથી મને શાંતિ વળી.

ભટ્ટંભટ્ટે આસન ગ્રહણ કર્યું. હું થોડે દૂર કાષ્ઠાસન પર આસન લેવા જતો હતો ત્યાં ભટ્ટંભટ્ટે કહ્યું, 'અંબારામ, તારા જેવા શિષ્યે ગુરુથી ક્ષણભર માટે પણ દૂરતા સેવવી ઘટિત નથી. મારી ગહન વાણીનો મર્મ લોકો ન પામી શક્યા હોય એવા પ્રસંગો ભૂતકાળને વિશે બન્યા છે અને હજુ પણ બનશે. એટલે મારી ગહન વાણીના અર્થઘટન માટે તારું સામીપ્ય આવશ્યક છે.' ભટ્ટંભટ્ટની આજ્ઞાને અનુસરીને હું એમની સમીપ બેઠો. ભટ્ટંભટ્ટ મારા વામ કર્ણની સમીપ પોતાનું મુખ લઈ આવ્યા અને બોલ્યા, 'અંબારામ, જયઘોષ વગર સભાપ્રારંભ ઉચિત નથી. તું યજમાનને કહી જયઘોષનો પ્રબંધ કર.'

'મહારાજ, આ સભા નથી. વળી, પત્રકારો આપનું વૃત્તાન્ત અને છબીઓ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરશે. આ પ્રકારાન્તરેણ આપનો જયઘોષ જ થયો ગણાય.'

'એમ હોય તો અત્રે ન થનારા જયઘોષ માટે અપ્રસન્ન થવાનું કારણ નથી.' આમ બોલી રહ્યા ત્યાં એકાએક ભટ્ટંભટ્ટની દૃષ્ટિ મહિલા પત્રકારો પર પડી. અગ્નિસ્પર્શ થયો હોય એમ ભટ્ટંભટ્ટ ચમક્યા. બોલ્યા, 'અંબારામ! સ્ત્રીઓ વિદ્વાનોનાં ભાષણશ્રવણને યોગ્ય નથી. તું એમને અહીંથી જતા રહેવાની મારી આજ્ઞા નિવેદિત કર. મારી સભામાં સ્ત્રીવર્ગનો પ્રવેશ જ કેમ થયો?'

'મહારાજ, સ્ત્રીઓ હવે પુરુષોની જેમ જ દરેક ક્ષેત્રમાં કામ કરતી થઈ છે. આ મહિલાઓ પણ પત્રકારો જ છે.'

'ભારતવર્ષનું આવું અધ:પતન અસહ્ય છે.' ભટ્ટંભટ્ટ બોલ્યા. આ ઇદમ્ તૃતીયમ્થી હું ક્ષણાર્ધ માટે વ્યાકુળ થઈ ગયો. સહસા મારા ચિત્તમાં પ્રકાશનો પ્રાદુર્ભાવ થયો. મેં કહ્યું, 'મહારાજ, પત્રકારપરિષદનો પ્રારંભ થવાની તૈયારી છે. સ્ત્રીઓને બહિષ્કૃત કરવાના નિવેદનથી વિષયાન્તર થશે. વિષયાન્તરથી વિવાદ થશે. આ વિવાદ આપણા મૂળ ધ્યેયમાં વિઘ્નરૂપ થશે.'

'શાસ્ત્રનો આધાર આપી તું મારામાં મૌન પ્રેરવા સફળ થાય છે. પણ અંબારામ, આ સ્ત્રીઓએ પુરુષો જેવો પોષાક કેમ પહેર્યો છે?' મેં કહ્યું, 'મહારાજ, આપની સભામાં આવવા માટે આપને અભિમત એવો પુરુષવેશ ધારણ કરી આ સ્ત્રીઓએ આપના પ્રત્યે દાક્ષિણ્ય દાખવ્યું છે.'

'સ્ત્રીઓ પ્રત્યે દૃષ્ટિપાત ન થાય તે માટે પ્રયત્નશીલ રહીશ.' એવું કંઈક ભટ્ટંભટ્ટ સ્વગત બોલતા હોય તે રીતે બોલ્યા.

આ પછી યજમાનશ્રેષ્ઠ ઊભા થયા અને પ્રથમ ભટ્ટંભટ્ટને પ્રણામ કર્યા. પછી બોલ્યા, 'પત્રકાર ભાઈબહેનો, અમે પર્યાવરણવાદીઓ છીએ. નર્મદાબંધને કારણે પર્યાવરણનો વિનાશ થશે, અનેક આદિવાસીઓ વિસ્થાપિત થશે. એટલે અમે ઘણા વખતથી નર્મદાયોજનાનો વિરોધ કરી રહ્યા છીએ. પણ અમારું અહીં કોઈ સાંભળતું નહોતું. અમે પત્રકાર-પરિષદનું આયોજન કર્યું, પણ પત્રકારો અમારી પરિષદમાં ક્યારેય આવ્યા નહિ. પણ અમારા સુભાગ્યે ભટ્ટંભટ્ટમહારાજ નર્મદાને બચાવવા અમારી સહાયમાં આવી પહોંચ્યા છે. આવી વિશ્વવંદ્ય વિભૂતિની સહાય મળવાને કારણે નર્મદાયોજનાવિરોધી આંદોલન પ્રત્યે આખા વિશ્વનું ધ્યાન ખેંચાશે એમ અમે માનીએ છીએ. હું સૌપ્રથમ ભટ્ટંભટ્ટમહારાજના પ્રખર અનુયાયી શ્રીમાન અંબારામભાઈને ભટ્ટંભટ્ટમહારાજનો પરિચય આપવા વિનંતી કરું છું.' આટલું કહી યજમાન બેસી ગયા. મેં ભટ્ટંભટ્ટ સામે જોયું. એમણે દૃષ્ટિ વડે સંમતિ

(અનુસંધાન પૃ. ૩૦૮ પર)

ઝડપી ગોલંદાજી

કુમારપાળ દેસાઈ


ક્રિકેટની રમતમાં ભારતને મર્યાદિત કામયાબી મળી છે એનું મુખ્ય કારણ ઝડપી ગોલંદાજીનો અભાવ છે. ઑસ્ટ્રેલિયા કે વેસ્ટઈન્ડીઝ જેવા ઓછી વસ્તી ધરાવનારા દેશોમાં ટેસ્ટ કક્ષાના પાંચ-પાંચ ઝડપી ગોલંદાજો હોય; જ્યારે આટલી બધી વસ્તી ધરાવના ભારતને એક ગોલંદાજનાં સાંસાં પડતાં હોય છે. બીજી બાજુ ઝડપી ગોલંદાજનું એટલું બધું મહત્ત્વ કરવામાં આવ્યું છે કે વેસ્ટઇન્ડીઝ કે ઑસ્ટ્રેલિઆ ચાર-ચાર ઝડપી ગોલંદાજો ટીમમાં રાખે અને એકાદ સ્પિનરને રાખે. ક્યારેક તો આખી ટીમમાં સમ ખાવા પૂરતો એકે ય સ્પિનર ન હોય. વેસ્ટઈન્ડીઝના ભૂતપૂર્વ સુકાની ક્લીવ લોઈડે ક્રિકેટ ટીમમાં ચાર ઝડપી ગોલંદાજો રાખવાનું વલણ દાખવ્યું અને આજે એ વલણ જ પરંપરા બની ગયું છે. વિજયની ફોર્મ્યુલા માટે ઝડપી ગોલંદાજી પર ઘણો મદાર રખાય છે. ટેસ્ટક્રિકેટના ઘણા વિજયો ઝડપી ગોલંદાજીને સહારે મેળવવામાં આવ્યા છે.

આમ તો ઝડપી ગોલંદાજીમાં મુખ્યત્વે ઝડપ અને તાકાત હોય છે. એક પ્રકારનું આક્રમણ પણ ખરું. ઝડપ એ ઝડપી ગોલંદાજીનો પાયો છે અથવા તો એનું પ્રારંભબિંદુ છે. ઝડપી ગોલંદાજ માટે મજબૂત શારીરિક કાઠું અને તાકાત આવશ્યક ગણાય છે. એમ પણ કહે છે કે પહેલા તમારી પાસે ઝડપથી ગોલંદાજી કરવાની શક્તિ હોવી જોઈએ. એ પછી બીજી બાબત તો શીખી શકાય. દડા પર કાબૂ કેવી રીતે રાખવો અને સ્વિંગ કેવી રીતે કરવો,ઝડપમાં પરિવર્તન કે વૈવિધ્ય કેવી રીતે લાવવું એ બધું તો સમય જતાં શીખી શકાય છે. આ બધું જ હોય તેમ છતાં ઝડપી ગોલંદાજમાં રીધમ (લય) અને મોમેન્ટમ (વેગ) ન હોય તો ચાલે નહિ. આ બે બાબતોને કારણે જ સામાન્ય ઝડપી ગોલંદાજ અને શક્તિશાળી ગોલંદાજ વચ્ચે ભેદ પડી જાય છે.

તમે માઈકલ હોલ્ડિંગ, માલ્કમ માર્શલ, જોઅલ ગાર્નર કે પછી ડૅનિસ લીલી, કપિલદેવ કે ઇમરાનખાનનો વિચાર કરો એટલે પહેલી બાબત તરીકે એમનું કસાયેલું અને સ્ફુર્તિલું શરીર યાદ આવશે. ઝડપી ગોલંદાજના ખભા મજબૂત હોય છે અને તેથી એ લાંબા સમય સુધી ઝડપી ગોલંદાજી કરી શકે છે. આ ઝડપી ગોલંદાજ એકસરખી ઝડપે ગોલંદાજી કરતો હોય છે. માત્ર દડાની દિશા, ગતિ અને વેગમાં પરિવર્તન કરીને એ વિરોધીને થાપ આપતો હોય છે. એનો એક દડો બાઉન્સર આવે તો બીજો દડો યોર્કર હોય તો ત્રીજો થોડી વધુ ઝડપ ધરાવતો હોય. આવી રીતે બેટ્સમેનને અટકળમાં રાખીને જ ઝડપી ગોલંદાજ એના પર પોતાનું પ્રભુત્વ સાબિત કરતો હોય છે. ઈમરાનખાન જેવા અનુભવી ઓલરાઉન્ડર માને છે કે ઝડપી ગોલંદાજ જન્મે છે, તૈયાર કરી શકાતા નથી. આ ઝડપી ગોલંદાજમાં કેટલીક મૂળભૂત શક્તિઓ હોય છે. એમાં માત્ર તાકાતનું જ પ્રદર્શન હોતું નથી, બલ્કે ઝડપી ગોલંદાજના બુદ્ધિચાતુર્યનું પણ એટલું જ મહત્ત્વ હોય છે. ઑસ્ટ્રેલિઆના એલન ડૅવિડસન કે ન્યૂઝીલન્ડના રીચર્ડ હેડલીનો વિચાર કરો કે તરત જ ઝડપ સાથેના ચાતુર્યનો ખ્યાલ આવશે. આ ઝડપી ગોલંદાજનું એક શસ્ત્ર છે બાઉન્સર. આવો જ એક ચાર્લી ગ્રીફીથનો બાઉન્સર બારબાડોસના એ સમયના સુકાની નરીમાન કોન્ટ્રાક્ટરને જમણા કાનથી એક ઈંચ ઊંચે વાગ્યો હતો અને એને પરિણામે ગંભીર ઈજા થઈ હતી. જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતો કોન્ટ્રાક્ટર મૃત્યુમાંથી ઊગરી ગયો, પરંતુ ટેસ્ટક્રિકેટને અલવિદા કરવી પડી. ભારતના મોહિન્દર અમરનાથ કે મદનલાલને આ બાઉન્સરથી વિરોધીઓ મહાત કરતા હતા. ક્રિકેટના આ એક દડાએ અનેક વિવાદો સર્જ્યા છે.

બાઉન્સરમાં દડો ટૂંકી પીચ પરથી ઊછળીને છાતી કે માથા સુધી આવતો હોવાથી બેટ્સમેનને ફટકો મારવાનું ફાવતું નથી. આવો દડો સ્ટમ્પની લાઈનમાં જ ઊછળતો હોવો જોઈએ. આવા ખભા જેટલા ઊંચા અને તે ય ઊછળીને આવતા દડા સામે ઊભા રહેવું અને તેને સલામત રીતે રમવો એ મુશ્કેલ ગણાય. આમાં ઉતાવળે ફટકો મારવા જતાં બેટ્સમેન કેચ ધરી દે છે, બાઉન્સરને માટે હૂકનો ફટકો યોગ્ય ગણાય, પણ આજે તો ખેલાડીઓ કાં તો નીચા નમીને દડાને પસાર થઈ જવા દે છે, અથવા તો માત્ર બચાવની કોશિશ કરે છે. આ દડો

આઉટ સ્વિંગર) દડો પકડવાની રીત (ઇન સ્વિંગર



બેટ્સમેનની અગ્નિપરીક્ષા સમો ગણાય. એક બાઉન્સર નાખવામાં ગોલંદાજની એના ત્રણ સામાન્ય દડા જેટલી શક્તિ વપરાય છે. આજે બાઉન્સરનો વધુ પડતો ઉપયોગ થતો હોવાથી તેના પર નિયંત્રણ મૂકવાનો વિચાર ચાલી રહ્યો છે. કેટલાક ગોલંદાજો સીધેસીધો બેટ્સમેનના માથા પર આવે તેવો ખેલદિલીવિહોણો 'બીમર' દડો પણ નાખે છે.

બાઉન્સરની માફક યોર્કર એ ઝડપી ગોલંદાજનું બીજું હથિયાર છે. બેટ્સમેનના બેટની નીચે જ બરાબર પીચ પડે તે યોર્કર દડો કહેવાય. ગોલંદાજ વચ્ચેના સ્ટમ્પ પર નજર રાખીને આવો દડો ફેંકતો હોય છે. પરંતુ ઘણી તાલીમ પછી અને પૂરેપૂરી વેધકતા સાથે આ દડો નાખવામાં આવે તો જ સફળતા મળે. બાઉન્સર અને યોર્કર એ બંને દડા ઝડપી ગોલંદાજ પોતાની સામાન્ય ઝડપ કરતાં વધુ ઝડપથી નાખતા હોય છે.

ઝડપી ગોલંદાજ તો બહુ જૂજ હોય છે. મધ્યમ ઝડપી ગોલંદાજો પણ કામયાબી મેળવતા હોય છે. ઘણી ટીમમાં તો મધ્યમ ઝડપી ગોલંદાજ એ જ ટીમની આક્રમક ગોલંદાજીનો આગેવાન હોય છે. આવો મધ્યમ ઝડપી ગોલંદાજ વૈવિધ્યભર્યા દડા નાખી શકે છે. જે કોઈ પરિસ્થિતિમાં એને ગોલંદાજી કરવા મળે તે પરિસ્થિતિમાં એ તૈયાર જ હોય. નવા દડે ગોલંદાજી મળે તો તેનો ય સ્વીકાર અને ઝડપી ગોલંદાજો પછી ગોલંદાજી મળે તો તેનો ય સ્વીકાર. પવનની દિશામાંથી ગોલંદાજી કરવા મળે કે પવનની વિરુદ્ધમાં ગોલંદાજી કરવા મળે, તો પણ એ કશીય આનાકાની વિના હસતે મુખે ગોલંદાજી કરશે. આવી રીતે ટીમની પરિસ્થિતિ પ્રમાણે ક્યારેક વિરોધી પર આક્રમણ કરવાનું કામ સોંપવામાં આવે તો ક્યારેક ઝડપી રમત ખેલતા બેટ્સમેનને અંકુશમાં રાખવાની જવાબદારી બજાવવાની હોય. મોરિસ ટાટે, એલેક બેડસર, અમરસિંહ, ફઝલ મહમદ, રમાકાંત દેસાઈ, મેક્સ વોકર અને વાનબર્ન હોલ્ડર જેવા મધ્યમ ઝડપી ગોલંદાજોમાં અડગ ખમીર અને દૃઢતા જોવા મળે છે, તે સાચે જ ભવ્ય હોય છે.

મધ્યમ ઝડપી ગોલંદાજીમાં સહુથી મહત્ત્વની બાબત તે સાતત્ય અને વેધકતા છે. દડામાં સ્વિંગ, સ્પિન કે ઝડપના પરિવર્તનના વૈવિધ્યનો એને લાભ મળે છે. પરંતુ આમાંનું કશુંય એ દડા પરનો કાબૂ ગુમાવીને કરતો નથી. સામાન્ય રીતે મધ્યમ ઝડપી ગોલંદાજ ઝડપી ગોલંદાજ કરતાં દડાને વધુ સ્વિંગ અને કટ કરી શકતો હોય છે અને એના આ ગુણથી એ આગળ આવી શકે છે.

ઑફ કટર) દડો પકડવાની રીત (લેગ કટર





પીચ જ્યારે સહાય આપતી ન હોય ત્યારે વેધકતાથી બેટ્સમેનને અંકુશમાં રાખવાનું અને ઝડપમાં થોડું પરિવર્તન કરીને બેટ્સમેનને લલચાવવાનું કે થાપ ખવડાવવાનું કામ કરે છે. ક્રીસની પહોળાઈનો ચતુરાઈભર્યો ઉપયોગ કરીને એ જુદા જુદા ખૂણેથી આક્રમણ કરે છે. આજે લેગ સ્ટમ્પ કે એની નજીક દડો નાખીને રક્ષણાત્મક ગોલંદાજી કરવાનું વલણ મોટા પાયા પર જોવા મળે છે. આમાં મધ્યમ ઝડપી ગોલંદાજની વેધકતાની કસોટી થાય છે.

માત્ર ગોલંદાજી કરવાથી જ કામ પૂરું નહીં થાય, બલ્કે વિરોધી બેટ્સમેનનો પણ વિચાર કરવો પડે. એ બેટ્સમેનની રમતમાં કઈ ખામી છે અથવા તો એને કયા પ્રકારનો સ્ટ્રોક લગાવવાની આદત છે એ જાણીને ગોલંદાજ એને અમુક પ્રકારનો દડો આપીને બેટ્સમેન ઝડપાઈ જાય તેવી વ્યૂહરચના કરે છે. કેટલાક બેટ્સમેન 'ઑફ' બાજુ તો કેટલાક 'ઑન' બાજુ ફટકા લગાવવાના શોખીન હોય છે. કેટલાંક લાંબો સમય પોતાના બેટને શાંત રાખી શકતા નથી અથવા તો ગોલંદાજનો અંકુશ તોડવા માટે અધીરા બની જાય છે. બેટ્સમેનની આવી ખૂબીઓ અને ખામીઓનો મધ્યમ ઝડપી ગોલંદાજ ઊંડો અભ્યાસ કરતો હોય છે અને એ મુજબ ફીલ્ડિંગ ગોઠવતો અને બદલતો રહે છે.

બધા જ ગોલંદાજ પાસે ડેનિસ લીલી, માઈકલ હોલ્ડિંગ કે માલ્કમ માર્શલ જેટલી ઝડપ હોતી નથી અને તેથી ઓછી ઝડપ ધરાવનાર ગોલંદાજને માટે દડાને સ્વિંગ કરવો તે એનું મહત્ત્વનું હથિયાર બને છે. એમાં પણ આઉટ સ્વિંગ દડો ખેલવો ઘણો અઘરો છે. ગોલંદાજ ઘણીવાર એમ કહે કે અમુક દડો વધુ સ્વિંગ થયો અને અમુક દડો ઓછો સ્વિંગ થયો. વાદળછાયું આકાશ હોય ત્યારે દડો એટલો સ્વિંગ થતો નથી. કેટલાક દડાને પીચ પડ્યા પછી તરત સ્વિંગ કરી શકે છે અને કેટલાક દડો પીચ પડ્યા પછી ખૂબ મોડેથી સ્વિંગ કરી શકતા હોય છે.

જે દડો પીચ પડ્યા પછી સ્લિપ ભણી જાય તે આઉટ [illegible] દડો કહેવાય. આવો દડો નાખવા માટે પહેલી બે આંગળીઓ [illegible] દડાની સિલાઈ રાખવામાં આવે છે. અંગૂઠો નીચેની બાજુએ સિલાઈ પર હોવો જોઈએ. સિલાઈની દિશા સ્લિપ બાજુ રાખવી. જે દિશામાં દડો સ્વિંગ કરવો હોય તે દિશામાં હથેળી જાય તેમ કરવું. હાથ બને તેટલો ઉપર લઈ જવો.

જે દડો પીચ પડ્યા પછી લેગ સ્લિપ બાજુ જાય તે ઈન સ્વિંગર કહેવાય. આવો દડો નાખવા માટે બે આંગળીઓ સિલાઈની બંને બાજુ રાખવી, જેમાં બીજી આંગળી સિલાઈની અંદર હોય. અંગૂઠો નીચેની બાજુએ સિલાઈ પર રાખવો. સિલાઈની દિશા ફાઈન લેગ તરફ રાખવી. દડો નાખતી વખતે હાથ કાનની વધુમાં વધુ નજીકથી પસાર થાય એટલો ઊંચો લઈ જવો. દડો હાથમાંથી છૂટે ત્યારે હથેળી લેગ

(અનુસંધાન પૃ. ૩૦૮ પર)

કલાયાત્રા

પંડિત અંબાલાલ સિતારી

સિતાર અને વીણાના વાદક તરીકે પંડિત અંબાલાલ સિતારીની એક આગવી ખ્યાતિ હતી, અને એટલી જ એમની નામના હતી અવનવા તંતુવાદ્યોના સર્જક તરીકેની.

સૂરત જિલ્લામાં ૨૨ ફેબ્રુઆરી ૧૯૨૨માં એમનો જન્મ. પંદર વર્ષની વય સુધી તેઓ એમના પિતા ધનજીભાઈના માર્ગદર્શનમાં સંગીતના પ્રાથમિક પાઠ લેવા સાથે ભજન વગેરે ગાતા. ૧૯૩૭થી બારેક વર્ષ સુધી એમણે ધરમપુરના રાજકુંવર પ્રભાતદેવજી પાસે વીણાવાદનની તાલીમ લીધી અને સાથોસાથ ધરમપુરની સંગીતશાળામાં વાયોલિનવાદન તથા કંઠ્યસંગીતમાં ખયાલ, ટપ્પા, તરાના અને ધ્રુપદ વગેરે ગાયકી પણ શીખ્યા. ગ્વાલિયર ઘરાનાના પં. સીતારામ એકનાથજીના એ શિષ્ય હતા. ૧૯૫૦માં એમણે ભાવનગરના બીનકાર ખાનસાહેબ મહમ્મદખાન દેસાઈ ફરીદી પાસેથી વીણાવાદનની વિશેષ તાલીમ પણ લેવા માંડી, અને અમદાવાદ, સૂરત, રાજકોટ, વલસાડ અને મુંબઈમાં સંગીતેચ્છુક યુવાનોને સંગીત શીખવ્યું.

ઈ. ૧૯૪૯માં ઑલ ઇંડિયા રેડિયો પરથી એમણે પહેલીવાર પોતાના સિતારવાદનનો કાર્યક્રમ આપેલો અને એ જ રીતે '૬૧માં વીણાવાદનનો. પછી તો રેડિયો અને ટેલિવિઝન પરથી પણ એમના કાર્યક્રમો અવારનવાર રજૂ થતા રહેતા.

ઈ. ૧૯૫૩થી ગુરુપ્રેરણાથી એમણે પ્રચલિત તંતુવાદ્યોની રચનામાં ઓછાવત્તા ફેરફાર કરી તેમને વાદનમાં સરળતર અને વધુ સૂરિલા બનાવવા પ્રતિ સક્રિય રસ લેવા માંડ્યો. આ માટે આરંભમાં એમણે આવાં વાદ્યો બનાવનારાઓનો સાથ લીધો. પરંતુ એમનાથી પૂરો સંતોષ ન થતાં એમણે જાતે જ ઘરઆંગણે આ કામ કરવા માંડ્યું અને ૧૯૬૨માં 'કોકિલાવીણા' નામે એક નવી વીણાનું સર્જન કર્યું. ૧૯૬૭માં એમણે મુંબઈમાં ભુલાભાઈ ઇન્સ્ટિટ્યૂટમાં 'ઇન્ડિયન મ્યૂઝિક ઇન્સ્ટ્રુમેન્ટ્સ રીસર્ચ સેન્ટર' પણ ઊભું કર્યું અને તેમાં ભારતીય વાદ્યોમાં - ખાસ કરીને તંતુવાદ્યોમાં - જુદી જુદી જરૂરત પ્રમાણે અવનવા ફેરફારો કરીને તેને નવાં સ્વરૂપ આપવા માંડ્યાં.

આ રીતે એમણે બનાવેલાં આવાં અનેક વાદ્યો અને તેનાં વાદનના રેકોર્ડિંગનો વડોદરાના ગાયકવાડ સંગ્રહાલયમાં સંગ્રહ થયેલો છે. વડોદરાની 'ત્રિવેણી' સંસ્થાએ એમનું બહુમાન પણ કરેલું. મુંબઈ રાજ્યના સાહિત્ય-સંસ્કૃતિ મંડળે પણ એમને ત્રણ નવતર તાનપુરાના વિકાસ માટે ત્રીસ હજાર રૂપિયાની ગ્રાન્ટ પણ આપેલી. ગુજરાત રાજ્યના સંગ્રહાલય વિભાગે ધમરપુરના લેડી વિલ્સન્સ મ્યૂઝીઅમમાંનાં કેટલાંક જૂનાં વાદ્યોનું સમારકામ પણ સોંપેલું. અલબત્ત, આ કામ ધારીએ તેટલું સરળ નથી જ, પણ એમણે તે કામ બહુ સુંદર રીતે પાર પાડી એ વાદ્યોને પુનઃ વગાડી બતાવ્યાં હતાં.

મુખ્યત્વે એમણે પ્રચલિત કે જૂની ઢબનાં - ખાસ કરીને તંતુવાદ્યોમાં વિધવિધ ફેરફારો કરી તેને વાદનમાં સરળ થાય તેવું તથા વધુ સૂરિલાં બને તેવું સ્વરૂપ આપ્યું, નાના બાલવાદકોના કદનો ખ્યાલ રાખી કેટલાંક વાદ્યોનાં નાનાં સ્વરૂપ રચ્યાં તો કેટલાંક વાદ્યોને તદ્દન નવાં જ સ્વરૂપે તૈયાર કરેલાં. આ રીતે એમણે કલાપી, મયૂરી, તાની, ચૌમુખી, કીર્તન, સરસ વગેરે નામક નવા તાનપુરા સરજેલા જેમાં એનું એક ફોલ્ડિંગ સ્વરૂપ પણ છે. સ્વયંભૂવીણા, સૂરસાગર, ટચૂકડા કદની કાનનસિતાર, કોકિલ-વીણા, અરુણબહાર, પ્રણવબહાર, પ્રણવસાગર, બસંતબહાર, શ્રુતિસૂરબહાર, રુદ્રવીણા, શ્રુતિરુદ્ર-વીણા, આદિત્યવીણા, શ્રુતિવીણા વગેરે નામની વિવિધ વીણા અને અન્ય વાદ્યો સરજ્યાં હતાં. બાહોલિન અને તારશહનાઈ નામનાં ગજ વડે વગાડાતાં વાદ્યો તથા બાઉલ, કાબાસ અને મોરકાસ જેવાં વાદ્યો તેમણે અન્ય પ્રદેશનાં વાદ્યો પરથી ઉપજાવેલાં વાદ્યો છે.



૧૯૮૭માં હૃદયરોગના હુમલાથી પં. અંબાલાલનું ઓચિંતું અવસાન થયા બાદ એમણે સ્થાપેલા સંશોધન કેન્દ્રનું સંચાલન એમનાં પત્ની કોકિલાબેને સંભાળી લીધું. પંડિતજીએ ઉપાડેલા કાર્યોમાં રસ પડતાં એમણે એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીમાંથી હિન્દીના શિક્ષિકા તરીકેનું પોતાનું કામ છોડી દઈ એમના કામમાં પંડિતજીને સતત સક્રિય સાથ આપેલો અને પંડિતજીની અનુપસ્થિતિમાં યે એ કાર્ય જારી રાખવા સાથે તેઓ હિન્દી, ભરતકામ, સંગીત વગેરેનું શિક્ષણ પણ આપે છે અને એમના આ વર્ગોમાં કોઈ ફી રાખી નથી. પંડિતજીએ બનાવેલાં નવતર વાદ્યોના સંગ્રહની પણ તેઓ દેખભાળ રાખે છે અને ઇચ્છુકોને વાદ્યો બનાવરાવી પણ આપે છે. આ ઉપરાંત પંડિતજીએ નવરાશની પળોમાં બનાવવા ધારેલાં અન્ય અનેક વાદ્યોના જે આલેખો વગેરે કરી રાખેલા તેના પરથી પણ નવાં વાદ્યો તૈયાર કરવાની એમની નેમ છે. પંડિતજીએ લખવા ધારેલાં સંગીત વિષયક પુસ્તકો માટે કરી રાખેલી નોંધો પરથી એ અધૂરા રહી ગયેલા કાર્યને પૂરું કરવાની પણ તેમની ઇચ્છા છે. □

કંકાવટી

સોનિયા ગાંધી

ભારતના અત્યાર સુધીના બધા વડાપ્રધાનોમાં એક માત્ર સ્વ. રાજીવ ગાંધી જ એવા છે કે જેમનાં પત્ની શ્રીમતી સોનિયાનું નામ દેશ અને વિદેશમાં ખ્યાત રહ્યું છે. તેઓ મૂળ ઇટલીનાં છે, અને રાજકારણમાં પ્રવેશ્યા પહેલાં રાજીવ જ્યારે પાયલોટ હતા ત્યારે તેમની સાથે એમનું લગ્ન થયેલું, એટલી વિગત બાદ કરતાં ઘણાં લોકોને તેમનો વિશેષ પરિચય નથી.

ઇટલીમાં ટ્યુરિનથી થોડે દૂર ઓટબાસ્સો નામના શહેરમાં પ્લમ્બિંગનો વ્યવસાય કરતા સ્ટેફેનો મેઈનો અને એક આદર્શ રૂપ ગૃહિણી સમી પૌલાને ત્યાં ૧૯૪૬ની ૯ ડિસેમ્બરે સોનિયાનો જન્મ થયેલો. એમને અનુસ્કા અને નાદીયા નામની બીજી બે બહેનો પણ છે. યુદ્ધમાંથી બચીને નાસી જવામાં પિતાને મદદ કરનાર ત્રણ રશિયન બહાદુર સ્ત્રીઓનાં નામ પરથી માતાપિતાએ આ ત્રણે બહેનોનાં નામ પાડેલાં.

ઈ. ૧૯૬૫માં રાજીવ જ્યારે કેમ્બ્રિજ ટ્રિનિટી કોલેજમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા હતા ત્યારે ત્યાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ લેતાં સોનિયાનો એમની સાથે પ્રથમ પરિચય થએલો, અને પ્રથમ નજરે જ રાજીવના પ્રેમમાં પડી ચૂકેલાં સોનિયાને ત્યારે એ કોણ છે તેની પણ પૂરી જાણ નહોતી. જ્યારે જાણ થઈ કે રાજીવ તો ભારતના એક વિખ્યાત પરિવારના પુત્ર છે ત્યારે યે એમની લાગણીઓમાં જરાય ફર્ક પડ્યો નહિ. રાજીવ સાથે એ ઇટલી છોડીને દુનિયાના કોઈ પણ છેડે જવા માટે મક્કમ હતાં.

પરંતુ આ લગ્નથી પોતાની રાજકીય કારકિર્દી પર કદાચ માઠી અસર પડે એવી આશંકાથી રાજીવનાં માતા ઇંદિરાજીએ ચારેક વર્ષ સુધી તે લગ્ન પાછાં ઠેલી આ બંને પ્રેમીઓની લાગણીને કસોટી પર ચઢાવેલી. આ જ રીતે સોનિયાના પિતા પણ ભારતના વિખ્યાત પરિવારમાં પોતાની પુત્રીને પરણાવવામાં અવઢવ અનુભવતા હતા, પરંતુ પછી રાજીવે જાતે જઈને એમની પાસેથી સોનિયાના હાથની માગણી કરતાં સ્ટેફેનોએ આ લગ્ન માટે સંમતિ આપી હતી. ૨૫ ફેબ્રુઆરી ૧૯૬૮માં હિંદુ વિધિ પ્રમાણે રાજીવ અને સોનિયાનાં લગ્ન થયાં. એ પ્રસંગે સાસુજી ઇન્દિરાજીએ પસંદ કરેલી ગુલાબી રેશમી સાડી અને તેના પર અર્ધો ચહેરો ઢંકાઈ જાય તેમ ચુંદડી પણ ઓઢી હતી.

લગ્ન પછી સોનિયાએ સતત સજાગ રહી ઇન્દિરાજીનો પ્રેમ અને આદર જીતી લીધા અને વિદેશી પુત્રવધૂ વિષેની ઇન્દિરાજીના મનની સઘળી આશંકાઓ દૂર કરી દીધી હતી.

એક આદર્શ હિંદુ ગૃહિણી બનવા એમણે પોતાની માતૃભૂમિ તેમજ પીઅરના સંબંધોમાં એક લક્ષ્મણ રેખા આંકી દઈને હિન્દુ કુટુંબોમાં હળવામળવાનું વધાર્યું હતું અને જન્મે કેથોલિક એવા એમણે હિન્દુ રીતરિવાજો વિષે સમજ કેળવી લીધી હતી. એટલું જ નહિ દર સોમવારે એ ઉપવાસ પણ રાખે છે. ઇન્દિરાજીની સાથે એ મંગળવાર પણ કરતાં.

એમણે હિંદી ભાષા પણ શીખી લીધી છે અને પોષાક પણ ભારતીય બનાવી દીધો છે.

ભારતના કલાકૌશલમાં એમને ઊંડો રસ છે અને તક મળે ત્યારે ભારતીય કલાનો પરિચય પામવા તેઓ ઘણીવાર સંગ્રહસ્થાનોની પણ મુલાકાત લે છે. રાજકારણમાં પડવું એમને ગમતું નથી, અને ૧૯૮૪માં ઇંદિરાજીની હત્યા પછી રાજીવે રાજકારણમાં પ્રવેશ કર્યો એ પણ એમને ગમ્યું નહોતું.

૧૯૮૩થી એમણે ભારતનું નાગરિકત્વ પણ મેળવ્યું છે. રાજકારણમાં રસ ન હોવા છતાં પતિના આ પ્રકારનાં બધાં કાર્યોમાં એક આદર્શ પત્ની તરીકે એમણે હંમેશા સાથ આપ્યો છે, અને રાજીવ ગાંધીની હત્યા પછી કોંગ્રેસ પક્ષે એમને આગળ કરીને જે રાજરમત રમવા ધારેલી તેમાં એમની સમક્ષ આવેલા પ્રસ્તાવને નકારીને એમણે પોતાના ડહાપણનો પરિચય કરાવી દીધો છે, અને શક્ય છે કે પોતાનાં સંતાનો પ્રિયંકા તથા રાહુલને પણ રાજકીય કાવાદાવાથી તેઓ દૂર રાખશે.

*

સ્ત્રી અને પુરુષ

* પુરુષ સ્ત્રી કરતાં વધુ તાકતવર હોય છે એ ખરું, પણ પરિસ્થિતિનો સામનો કરવાની ક્ષમતા સ્ત્રીમાં વધારે હોય છે.

* સામાન્યતઃ પુરુષ કરતાં સ્ત્રીનો દેહ વધુ સ્થૂળતાવાળો હોય છે, પણ એના શરીરમાં પાણીનો ભાગ પુરુષ કરતાં ઓછો હોય છે.

* પુરુષ કરતાં સ્ત્રીના હૃદયનું કદ નાનું હોય છે, પણ તે વધુ ઝડપથી ધબકે છે.

* પુરુષ કરતાં સ્ત્રીની આયુષ્યની મર્યાદા છએક વર્ષ વધુ હોય છે, પણ સ્ત્રી વહેલી નિવૃત્તિ લઈ લે છે.

* પુરુષ કરતાં સ્ત્રીઓમાં વર્ણઅંધતાનું પ્રમાણ ઘણું ઓછું હોય છે.

* પુરુષને એના શરીરના અનેક ભાગોમાં ઈજા પહોંચતી હોય છે, પણ સ્ત્રીઓમાં બહુધા અપચા અને હાડકાંના દુખાવાની ફરિયાદો જોવા મળે છે.

* પુરુષો પચીસેક વર્ષની વય પછી ટાલિયા થવા માંડે છે, જ્યારે સ્ત્રીઓમાં મોટી વયે પણ ટાલ પડવાનું બહુ ઓછું પ્રમાણ જોવા મળે છે.

* પુરુષ કરતાં સ્ત્રીના મગજનું કદ સરેરાશ દસેક ઘન ઈંચ નાનું હોય છે.

* પુરુષને કાર્બોહાઈડ્રેટ્સવાળો ખોરાક ખાવાથી શાતા વળે છે, જ્યારે સ્ત્રીઓને એથી ઊંઘ આવવા માંડે છે.

* પ્રથમ દૃષ્ટિએ પ્રેમમાં માનનારા પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઓછી હોય છે. જ્યારે સ્ત્રીનો ચહેરો જોઈ તેના પર લટ્ટુ થનારા પુરુષોના પ્રમાણમાં પુરુષના ચહેરાથી આકર્ષાતી સ્ત્રીની સંખ્યા વધારે જાણવા મળી છે.

*

મેંદી, શિકાખાઈ, અરીઠાં, લીંબુ, દહીં વગેરેથી વાળ ધોવાથી તે સ્વસ્થ અને ચમકતા બને છે. આમળાં અને અરીઠાનો ઉપયોગ વાળની કાળાશ ટકાવી રાખવા સાથે સૂકા, ઝાંખા પડી ગયેલા કે તડકાથી બળેલા વાળને ફાયદો કરે છે. મેંદી અને બીજી વનસ્પતિજન્ય ચીજો સાથે તેનો ઉપયોગ કરવાથી વાળનું આરોગ્ય વધે છે. મેંદી વાળને માટે એક ઉત્તમ કંડીશનર છે. મેંદીનો ભૂકો, દહીં, ઈંડું અને લીંબુનાં રસનું મિશ્રણ લગાડીને પછી વાળને ધોઈ નાખવાથી વાળને લગતી ઘણી સમસ્યાઓ દૂર થાય છે. □

ટિકિટસંગ્રહ


ગ્રેટબ્રિટન અને અમેરિકામાં ચાલતો ટપાલ-ટિકિટોનો ધમધોકાર ધંધો...



મનસુખલાલ એન. સાતા


ટપાલ-ટિકિટનો સંગ્રહશોખ દુનિયાના મોટા ભાગના દેશોમાં છેલ્લા બે દાયકા દરમિયાન ઘણો વિકસ્યો છે. આજે ગ્રેટબ્રિટન (યુ.કે.), અમેરિકા (યુ.એસ.), ઓસ્ટ્રેલિયા, કેનેડા, જર્મની, જાપાન જેવા વિકસિત દેશોમાં ટપાલ-ટિકિટોના વિક્રેતાઓ અને લીલામ કરનારી કંપનીઓ પ્રતિવર્ષ કરોડો ડૉલર અને પૌંડની કિંમતની ટિકિટોની ઊથલપાથલ કરે છે. ગ્રેટબ્રિટન અને અમેરિકામાં ટિકિટસંગ્રહને લગતાં મૅગેઝિન, કૅટલૉગ, સાહિત્ય તેમજ માર્ગદર્શન આપતી ક્લબો હોવાથી આ શોખ વધુ વિકસ્યો છે. ગ્રેટ બ્રિટન તથા કોમનવેલ્થ રાષ્ટ્રોમાં સ્ટેનલી ગિબન્સ અને હેરિસ પબ્લિકેશન્સનાં કૅટલૉગ સ્ટૅન્ડર્ડ ગણાય છે. ટિકિટસંગ્રહને લગતી અન્ય રસિક માહિતી આપતા મૅગેઝિનો અને સામયિકો ગ્રેટબ્રિટન - અમેરિકામાંથી પ્રકટ થાય છે, જેમાંનાં 'સ્ટૅમ્પ્સ' તથા 'સ્ટૅમ્પ કલેક્ટિંગ' મૅગેઝિનોનો ફેલાવો વિસ્તૃત બન્યો છે. આ બંને મૅગેઝિનો લંડનથી પ્રકટ થાય છે. ટિકિટ-વિક્રેતાઓમાં સ્ટેનલી ગિબન્સનું નામ મોખરે છે. ગ્રેટબ્રિટનના અન્ય વિક્રેતાઓમાં ફિલિપ્સ, અર્ચ હેરિસ, ઓમ્નીફિલ, બી. એલાન, ડી. ફ્રોર્બર્સ સ્મિથ, ડેવિડ બ્રેન્ડ, રિચાર્ડ એલાન, ગસ્ટેમ્પ્સ, પૅરેમાઉન્ટ ઇન્ટરનેશનલ, આર્થર રિયાન, માઈકલ એ. હેરિસ અને લેક ઍન્ડ બુક્સ જેવી લંડનની ટપાલ-ટિકિટોની વિક્રેતા કંપનીઓ મોટાં કારખાનાઓ અને ઉદ્યોગોની માફક ધમધોકાર ધંધો કરે છે. ટિકિટોની વેપારી કંપનીઓ ઉપરાંત ગ્રેટ બ્રિટનમાં દુર્લભ અને કિંમતી ટિકિટોના લીલામ કરતી મોટી કંપનીઓ છે. જેમાંની સ્ટેનલી ગિબન્સ, હાર્મર્સ ઇન્ટરનેશનલ, વર્લ્ડ સ્ટૅમ્પ મોનીટર, ઇન્ટરનેશનલ સ્ટૅમ્પ્સ ઑકસન કંપનીઓ, આર્ગિલ એટકીન, ફિલિપ્સ, હાઉસ ઑફ સ્ટૂઅર્ટસ, વૉરવિક ઍન્ડ વૉરવિક, ઇન્ટર સ્ટૅમ્પ્સ અને થેમ્સ સ્ટૅમ્પ્સ ઑક્સનર્સ તથા ઇન્ટરનેશનલ સ્ટૅમ્પ્સ અને મિલબ્રુક સ્ટૅમ્પ્સ નામની કંપનીઓ કરોડો રૂપિયાની કિંમતની ટિકિટોની ઊથલપાથલ કરે છે.

કેટલાક ટિકિટ-વિક્રેતાઓ ચોક્કસ દેશની કે વિષયોની લાખો ડૉલર કે પૌંડની કિંમતની ટિકિટો પ્રતિવર્ષ વેચે છે. લંડનની સી. જે. બિસેન્ટ નામની કંપની ખાસ ઇંગ્લૅન્ડની રાણી વિક્ટોરિયા, એડવર્ડ સાતમા, પંચમ જ્યોર્જ અને છઠ્ઠા જ્યોર્જની સમય સુધીની કોરી બિનવપરાયેલી ટિકિટો ૧૦ હજાર પૌંડમાં અને વપરાયેલી સારી દશાની ટિકિટો ૯ હજાર પૌંડમાં ટિકિટ સંગ્રહાકોને વેચતી હોવાનું કહેવાય છે. એકલા એડવર્ડ ૭માના ઇ. સ. ૧૯૦૨ થી ૧૯૧૧ના શાસનકાળ દરમિયાન પ્રકટ થયેલી ટિકિટોના ખાસ સેટ ૨,૦૦૦ પૌંડમાં આ ટિકિટવિક્રેતા વેચે છે. પૅરેમાઉન્ટ ઇન્ટરનેશનલ સ્ટૅમ્પ્સ નામની કંપની વિશ્વ ઑલમ્પિક સ્પર્ધાઓની બધા જ દેશોની ટિકિટોની ખાસ વિક્રેતા કંપની છે. ડેવિડ બ્રેન્ડો લંડનની કંપની આફ્રિકાના દેશોની ટિકિટો, રેવન્યુ ટિકિટો, પોસ્ટકાર્ડ, પરબીડિયાં, ઍરોગ્રામ, મિલીટરી પોસ્ટ, સંયુક્ત રાષ્ટ્રસંઘની કે ફિસ્કલ પ્રકારની ચોક્કસ ટિકિટો અથવા પોસ્ટલ સ્ટેશનરી વેચે છે. વિશ્વની પ્રખ્યાત દુર્લભ અને કિંમતી ટપાલ ટિકિટોના લીલામ કરતી કંપનીઓમાં સ્ટેનલી ગિબન્સ ઇન્ટરનેશનલ, હાર્મર્સ ઇન્ટરનેશનલ, આર્ગિલ એટકિન, ફિલિપ્સ, ઇન્ટરનેશનલ સ્ટૅમ્પ્સ ઑક્સન કંપની, હાઉસ ઑફ સ્ટૂઅર્ટ્સ, રૉબસનલો, વૉરવિક ઍન્ડ વૉરવિક, ઇન્ટર સ્ટૅમ્પ્સ, થેમ્સ સ્ટૅમ્પ્સ ઑક્સન કંપની, વર્લ્ડ સ્ટૅમ્પ્સ મૉનિટર અને મીલબ્રુક સ્ટૅમ્પ્સ નામની કંપનીઓ જાણીતી છે. આ કંપનીઓમાં સ્ટેનલી ગિબન્સ ઇન્ટરનેશનલ, હાર્મર્સ ઇન્ટરનેશનલ અને WSMની વર્લ્ડ સ્ટૅમ્પ્સ મૉનિટર કંપનીઓ પ્રતિવર્ષ કરોડો ડૉલર-પૌંડ કિંમતની દુર્લભ ટપાલ-ટિકિટોનાં લીલામ કરે છે. આ કંપનીઓ લંડન, ન્યૂ યૉર્ક, સાનફ્રાન્સિસ્કો, સિડનીમાં નિયમિત લીલામો યોજે છે. હાર્મર્સ ઇન્ટરનેશનલ નામની કંપનીએ લંડન શહેરમાં સર હેન્રી ટકરના દુર્લભ ટિકિટ સંગ્રહના ન્યૂફાઉન્ડલૅન્ડમાં ડૉક્ટર મેટેજકાના ઍરોફિલાટેલી સંગ્રહના, સિડનીમાં 'સ્લેડ કલેકશન' અને ન્યૂ યૉર્કમાં 'કેરોલીના કલેકશન' જેવા કિંમતી ટિકિટસંગ્રહનાં લીલામ યોજવાના કીર્તિમાન સ્થાપેલ છે. ઉપરોક્ત ટિકિટસંગ્રહ પૈકી કોઈ જ સંગ્રહ ૧૦ લાખ ડૉલરથી ઓછી કિંમતે લીલામ થયો ન હતો. આ ટિકિટસંગ્રહોમાં

(અનુસંધાન પૃષ્ઠ ૩૨૫ પર)





વિવિધ ટપાલટિકિટો
ડાબેથી જમણે • મોરિશિયસની બે પેન્સની, ભારતની ચાર આનાની, પાપુઆ ન્યૂ ગિઆનાની ૭૦(?)ની અને ન્યૂ ઝીલૅન્ડની ૧.૫ ડૉલરની. આમાં ભારતની ચાર આનાની ટિકિટ ઊંધી હોવાથી આવી ટિકિટનું મૂલ્ય ઊંચું ગણાય છે.

દિશાભૂલ્યું ભણતર

...આપણી આર્થિક દશા બૂરી છે; વ્યાપાર-હુન્નર મંદા ને પરવશ પડ્યા છે; આપણો સમાજ અનિષ્ટ રીતરિવાજમાંથી છૂટ્યો નથી; મૂડીદાર વર્ગ એકલપેટો, તુમાખી ને વિલાસી છે; નેવું ટકા જેટલી વસ્તી ભૂખમરો વેઠે છે અને અજ્ઞાન પડી છે; ભણેલો વર્ગ ઘમંડી જેવો છે; આપણો વેપારી પરદેશી માલના 'કમિશન એજંટ' જેવો છે. આ ચિત્ર એટલા માટે દોરું છું કે તમારો જીવનમાર્ગ આમાં થઈને નીકળે છે. એક તરફ બેકારી ઘૂરકે છે; બીજી બાજુ એકબીજાનું પડાવી લેવા હિંસક યુદ્ધો જામ્યાં છે... આ સંજોગોમાં નજીકના ભાવિના નાગરિક તમે સૌ છો. એ માટે તમારી શી તૈયારી છે- તમારા શા પ્રયત્ન છે?

આજ સુધીના ભણતરની રીત દિશા ભૂલી છે. એણે આપણને કલ્પનાશીલ નહિ પણ તરંગી ને હવાઈ બનાવ્યા છે, સંસારપાંગળા કર્યા છે. જે આદર્શો ને ભાવનાઓ એણે શીખવ્યાં તેમનો મેળ આજના આ કિલષ્ટ સમાજની ઘટમાળમાં ક્યાંયે મળતો નથી. જે ભણાવ્યું છે તે જીવવાનું નથી; જે જીવવાનું છે તે ભણાવ્યું નથી.

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં

તા. ૩, ૧૯૪૭ 'સાઓ ગેબ્રીઅલ' અને 'સાઓ રફાએલ' સાથે બે બીજાં વહાણો લઈ વાસ્કો ડ ગામા દક્ષિણ આફ્રિકા વટાવી પૂર્વમાં હિંદુસ્તાન જવાનો જલમાર્ગ શોધવા પોર્ટુગલથી ઊપડ્યો. એ કુશળ નાવિક હોવા ઉપરાંત બહાદુર લડવૈયો પણ હતો. કેઈપ ઓવ ગુડ હોપ પસાર કરી આફ્રિકાની પૂર્વ કંઠારે ઉત્તરમાં મોઝામ્બિક વટાવી મલિન્ડી પહોંચ્યો ને ત્યાંના રાજાને થોડી સહાય કરી, એમની પાસેથી થોડી સહાય મેળવી, એમની પાસેથી ભોમિયો મેળવી ઇ. ૧૪૯૮ની ૨૦મી મેએ તે મલબાર કાંઠે કાલિકટ બંદરે પહોંચ્યો. હિંદુસ્તાન પહોંચવાનો જલમાર્ગ જાણી જનાર એ પહેલો યુરોપવાસી હતો. ૧૫૦૨માં એ ફરી હિંદ આવ્યો ત્યારે છેક કોચીન સુધીની કંઠાર ફર્યો. પછી ત્રીજી વાર તે અહીંની પુર્તુગીઝ વસાહતોના વાઈસરૉય તરીકે આવેલો ને ઇ. ૧૫૨૫ની ૨૪ ડિસેમ્બરે અહીં જ કોચીનમાં એનું અવસાન થયું.

તા. ૪, ૧૭૭૬ અમેરિકાના સ્વાતંત્ર્યની જાહેરાત. રાજાની આપખુદીથી ત્રાસી ઇંગ્લંડ છોડી સદાને માટે અમેરિકા જઈ આવેલા અંગ્રેજો ત્યાંથી યે રાજાની સત્તાને સ્વીકારતા હતા તેનો લાભ એમના પર 'સ્ટૅમ્પ ડ્યૂટી' ને બીજા અનેક વેરા તથા એમના વેપારમાં પણ અંકુશો ઇંગ્લંડે મૂકવા માંડતાં, પોતાને જેમાં 'પ્રતિનિધિત્વ નથી કે પાર્લામેન્ટને પોતાના પર કર નાખવાનો પણ અધિકાર નથી' એવા સિદ્ધાંત સાથે જર્યોર્જ વૉશિંગ્ટનની સરદારી નીચે એમણે ઇંગ્લંડ સામે યુદ્ધ લડી લેવાનું નિરધાર્યું ને ફિલાડેલ્ફિયામાં પોતે ઇંગ્લંડથી સ્વતંત્ર હોવાની જાહેરાત કરી. અમેરિકન સંયુક્ત રાજ્યો- યુ.એસ.એ.નાં તેર સ્થાપક રાજ્યો હતાં તેમની સામે યુદ્ધમાં હારેલા ઇંગ્લંડે એમના સ્વાતંત્ર્યને સ્વીકારવું પડ્યું.

તા. ૯, ૧૮૧૯ સીવવાના સંચાના શોધક ઇલિયાસ હોવનો જન્મ. બૉસ્ટનમાં પોતાના કારીગર શેઠના એક અછડતા સૂચનમાંથી પ્રેરણા લઈ આર્થિક હાડમારી, લોકોનો ઉપહાસ અને અન્ય અનેક મુશ્કેલીઓ છતાં પત્નીની હૂંફે એણે વર્ષોની મહેનત કરી સીવવાનો સંચો બનાવ્યો. પણ એની શોધને જોઈએ તેવો આવકાર ન મળતાં છેક લંડન જઈ એને એ સંચો વેચવા પ્રયાસ કરવો પડેલો ને તેમાં યે નિરાશ થઈ એ પાછો ફરેલો. પાછળથી એના નમૂના પરથી સંચા બનાવી લેભાગુઓ પૈસા કમાવા માંડ્યા ત્યારે એણે ઉછીના પૈસા લાવી દાવો માંડ્યો ને જ્યારે જીત્યો ત્યારે પત્ની વિનાનો એ બધી રીતે દુઃખી અવસ્થાએ પહોંચ્યો હતો. પણ એને દાવામાં વીસ લાખ ડૉલર મળ્યા ને પાછલી અવસ્થામાં પોતાની શોધની ઉજજવળ સફળતા એ જોવા પામ્યો.

(અંક ૨૮૫ માંથી)

અતીતમાં અવગાહન

ભણતર એ સંપૂર્ણ જીવનનો પૂર્વરંગ છે. જીવનમાં જેમ વિદ્યાજ્ઞાન છે તેમ કળા અને હુન્નર, વ્યાપાર અને ખેતી છે. મન, હૃદય ને મગજની કેળવણી બધાએ આપી અને બહુબહુ આપી; પણ શરીરની અને હાથની કેળવણી કોઈએ ન આપી. રાત ને દિવસ છ છ કલાક હાથજોડી બેસાડ્યા, વંચાવ્યું, આંખો ફોડાવી અને બે-ત્રણ ભાષાઓ શીખવી; બે પૈસા રળી શકીએ કે સ્વતંત્ર કમાણી કરી શકીએ એવી હાથની કેળવણી ન મળી. અને હાથકેળવણી એ જ ઢોર અને માણસનો તફાવત છે. આજે માણસ માણસ છે તે હાથની કેળવણીને લીધે. એ કેળવણી જેટલી સુંદર, નમ્ર અને સ્વતંત્ર હોય તેટલો માણસ ઉત્તમ. જે ભૂમિમાં જનમ્યા છીએ, જે ભૂમિથી પોષાઈએ છીએ, જે ભૂમિમાં આ દેહ ભળી જવાનો છે તે ભૂમિ માટેની અંદરની ખરી દાઝ જગાડે તે સાચી વિદ્યા. એ વિદ્યા એટલે જીવનની સંજીવની. પણ હજુ આપણી વિદ્યાને જીવનનો સંપર્ક ઓછો જ છે.

તમે ઇતિહાસ ભૂગોળ શીખો છો. પણ હાથ કે પગ ચલાવ્યા સિવાય જ શીખો છો અને તે પણ છે પુસ્તકોમાંનો ઇતિહાસ અને નકશામાંની ભૂગોળ. પરંતુ પુસ્તક એ ઇતિહાસ નથી અને નકશો એ ભૂગોળ નથી. જે ઇતિહાસ જીવનને પરાક્રમશીલ, મહાન અને ઊર્ધ્વ બનાવે તે ઇતિહાસ છે. ભૂગોળના સજીવ જ્ઞાન માટે પ્રવાસોની પૂરી જરૂર છે. ગુજરાતની ગરીબી અને અજ્ઞાન, ગુજરાતની ગંદકી, તેના ઉદ્યોગ અને પાક, તેનાં વ્યાપાર અને નીતિ, ગામડાંનાં સરકારી રાજતંત્રનો અમલ અને ગામડાંના લોકોની રહેણીકહેણી, એ બધું જાતે જાણવાની જરૂર છે. આ દૃષ્ટિએ ઇતિહાસ-ભૂગોળ થોડાં પણ જાણીએ ત્યારે સાચા ગુજરાતી બનીએ; ત્યારે જ ખરો દેશપ્રેમ જાગે.

દેશળજી પરમાર

(અંક ૨૦૩માંથી)

સાહિત્યસંપર્ક

(પ્રાસ્તાવિક : ગુજરાતી શબ્દોના અર્થ ગૂજરાત વિદ્યાપીઠ સાર્થ ગુજરાતી જોડણીકોશમાં મળે છે. શબ્દોના અર્થ આ કોશમાં સમાનાર્થક શબ્દો અથવા વર્ણન દ્વારા અપાયા છે. સમાનાર્થક અથવા પર્યાયરૂપ મનાતા શબ્દો અર્થ અને વપરાશની દષ્ટિએ સંપૂર્ણપણે સમાન હોતા નથી એ શબ્દોના વપરાશભેદ સમજીએ તો તેમને ઉચિત રીતે અને ચોકસાઈથી વાપરી શકીએ તે દષ્ટિએ ખાસ કરીને શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ અને સામાન્ય વાચકોએ મદદરૂપ થાય તેવી શબ્દાર્થચર્ચાનો આ પ્રાથમિક પ્રયાસ છે. વાચકો પણ આ ચર્ચામાં ભાગ લે તેવી અપેક્ષા છે. દરેક શબ્દ વિશેની ચર્ચાને અંતે વાચકોએ એક પોસ્ટકાર્ડ ઉપર શું લખી મોકલવું તે સૂચવાશે. બીજો અંક બહાર પડે તે પહેલાં યોગ્ય વિગતો મોકલનારનાં નામોની યાદી છપાશે. વિગતો તંત્રી : 'કુમાર' ના સરનામે મોકલવી.
શબ્દોની પસંદગી યાદચ્છિક રીતે કરાશે. તેમના અર્થો, ક્રમ વગેરે વિગતો 'સાર્થ ગૂજરાતી જોડણી કોશ (૧૯૬૭), પ્રકાશક ગૂજરાત વિદ્યાપીઠ, પ્રમાણે અપાશે)

શબ્દાર્થચર્ચા

યોગેન્દ્ર વ્યાસ

'આખું' અથવા 'બધું' શબ્દના સમાનાર્થક શબ્દોના જૂથની ચર્ચા કરીએ.

	શબ્દ	વ્યાકરણિક વર્ગ પર્યાય	પૃ. સંખ્યા
૧.	અખંડ	વિ. (સં) આખું, પૂરેપૂરું; સમગ્ર	(૪)
૨.	આખું	વિ. (સં અક્ષત) ભાંગ્યા વિનાનું; અખંડ (૨) પૂરું; બધું; સળંગ	(૬૮)
૩.	તમામ	વિ. (૨) અ. (અ) બધું; સંપૂર્ણ	(૪૦૫)
૪.	પુરું	વિ. (સં. પૂર)જુઓ પૂર્ણ	(૫૪૬)
૫.	પૂર્ણ	વિ. (સં) ઊણું, ખંડિત, ઓછું કે અધૂરું નહિ એવું; પૂરું (૨) સમાપ્ત (૩) ન. મીંડું; શૂન્ય (૦)	(૫૪૭)
૬	બધું	વિ. સઘળું; સર્વ	(૫૮૫)
૭.	સકલ(ળ)	વિ. (સં) સર્વ; તમામ	(૮૧૧)
૮.	સઘળું	વિ. (પ્રા સગલ (સં. સગલ) અર. મ. સગલા; હિં. સગરા) સકળ; બધું; તમામ	(૮૧૩)
૯.	સમગ્ર	વિ. (સં) સઘળું, તમામ	(૮૨૧)
૧૦.	સર્વ	વિ. (સં) બધું, સઘળું	(૮૨૯)
૧૧.	સહુ	વિ. સર. સૌ. મ.સઉ.) સર્વ	(૮૩૩)
૧૨.	સળંગ	વિ. (સં. સંલગ્ન સર. મ. સલંગ) સાંધા વિનાનું; આખું; તૂટક નહીં તેવું; ઠેઠ સુધીનું (૨) અ.અટક્યા વિના; ઠેઠ સુધી	(૮૩૪)
૧૩	સંપૂર્ણ	વિ. (સં) બધું; તમામ (૨) પરિપૂર્ણ (૩) સમાપ્ત	(૮૩૯)

આ જૂથમાં બીજા શબ્દો પણ ઉમેરી શકાય. આ બધા શબ્દો વિશેષણ તરીકે વપરાય છે. મોટાભાગના સંસ્કૃત ભાષામાંથી સીધા લેવાયા છે. કેટલાક સંસ્કૃતમાંથી ફેરફાર સાથે ઊતરી આવ્યા છે. કોઈ પ્રાકૃતમાંથી તો કોઈ અરબીમાંથી પણ લેવાયા છે.

નીચેનાં વાક્યોમાં તે એકબીજાને બદલે વપરાય છે :

૧. હવે આ આખું કામ તમારે માથે.
૨. હવે આ બધું કામ તમારે માથે.
૩. હવે આ તમામ કામ તમારે માથે.
૪. હવે આ સઘળું કામ તમારે માથે.
૫. હવે આ સમગ્ર કામ તમારે માથે.
૬. હવે આ સર્વ કામ તમારે માથે.
૭. હવે આ સહુ કામ તમારે માથે.
૮. હવે આ સળંગ કામ તમારે માથે.
૯. હવે આ સંપૂર્ણ કામ તમારે માથે.

ઉપરનાં વાક્યોમાં સામાન્ય રીતે 'આખું' કે 'બધું'ની જગ્યાએ 'અખંડ' 'પૂરું', 'સકળ' એ શબ્દો ભાગ્યે વપરાય, વળી જ્યાં તેઓ એકબીજાને બદલે વાપરી શકાય છે ત્યાં પણ એ બરાબર એકસરખો જ અર્થ વ્યક્ત કરે છે?

ઉદાહરણ તરીકે વાક્ય નં. ૧ અને વાક્ય નં. ૭ તપાસો. પહેલા વાક્યમાં એવો અર્થ થાય છે કે કામ એક જ છે પણ એ એક આખું કામ હવે તમારે માથે. જ્યારે સાતમા વાક્યમાં સ્પષ્ટ છે કે કામ એક જ નથી. એક કરતાં વધારે છે તેથી એ સહુ - બધાં કામ તમારે માથે. આમ અર્થ જુદો છે.

હવે વાક્ય નં. ૧ને વાક્ય નં. ૮ સાથે સરખાવો. સળંગ કામ એટલે વચ્ચે વિક્ષેપ પડે નહીં તે રીતનું કામ, અને તે અર્થમાં આખું કામ એટલે અહીં સળંગ શબ્દ વાપરતાં આખું, શબ્દનો સીમિત અર્થ - આખેઆખું- સમજાય.

હવે નીચેનાં વાક્યો વાંચો :

૧૦. મને એક આખો ચોક આપો.
૧૧. સમગ્ર પરિવાર તરફથી ભેટ અપાઈ.
૧૨. તમામ રકમ પાઈપાઈ કરીને ચૂકવી.
૧૩. સર્વધર્મસમભાવ એ બિનસાંપ્રદાયિકતાનું મુખ્ય લક્ષણ છે.
૧૪. સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે.
૧૫. જગની સૌ કડીઓમાં, સ્નેહની સર્વથી વડી.
૧૬. સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે.
૧૭. કોઈ માણસ સંપૂર્ણ ના હોય.

વાક્ય નં. ૧૦માં 'આખો ચોક' છે ત્યાં 'આખો'ને બદલલે બધો, સમગ્ર, તમામ, અખંડ, સર્વ વ. માંનો આ જૂથનો કોઈપણ શબ્દ વાપરી શકાશે? સામાન્ય રીતે જ્યાં ગણતરી કરી શકાય તેવા પદાર્થોમાંના એકની વાત હોય ત્યાં 'આખું' વિશેષણ સૌથી વધુ બંધ બેસે છે. દા.ત. આખો ચોક, આખી રોટલી, આખા ઘઉં, આખી થાળી વગેરે. પરંતુ જથ્થાને સૂચવતા પદાર્થોમાં 'આખું' વિશેષણ નહીં વપરાય. દા.ત. આખું તેલ નહીં પણ બધું તેલ, આખું પાણી નહીં પણ બધું પાણી. આમ છતાં 'આખું દૂધ' એવો પ્રયોગ મળે છે. ત્યાં આખું દૂધ અને 'બધું' દૂધ એમ આખું અને બધુંના અર્થ તદ્દન જુદા છે. આખું દૂધ એટલે ભેળસેળ કે પાણીના ભેગ વિનાનું ને બધું એટલે પુરું.

વાક્ય નં. ૧૧ થી ૧૬માં 'સમગ્ર', 'તમામ', 'સર્વ', 'સકળ', 'સૌ','સર્વ', 'સહુ' શબ્દોને બદલે 'આખું' અથવા 'બધું' વિશેષણ મૂકી શકાય પણ 'બહુ' બંધબેસતું ન લાગે. જે તે વાક્યમાં વાપરવામાં આવેલું વિશેષણ જ બંધબેસતું લાગે છે. તેમ શાથી બન્યું છે તે વિશે વિચારતાં સમજાશે કે અમુક વાક્યપ્રયોગોમાં એ પ્રકારના શબ્દો જ સાથે સાથે મુકાતા હોવાથી પરંપારથી એ વપરાશ નક્કી થઈ ગયો છે. વાક્ય નં. ૧૭માં તો 'સંપૂર્ણ' શબ્દ જ વાપરવો પડે. બહુ તો ત્યાં પરિપૂર્ણ કે માત્ર પૂર્ણ વાપરી શકાય.

સમજાયું હશે કે એકસરખો અર્થ વ્યક્ત કરતા શબ્દો પણ દરેક વાક્યમાં એકબીજાને બદલે મુક્ત રીતે વાપરી શકાય નહીં. અમુક વાક્યપ્રયોગમાં અમુક જ શબ્દ સૌથી વધુ બંધબેસતો લાગે. ત્યારે નીચેના શબ્દો એવાં વાક્યોમાં વાપરીને લખી મોકલવાના છે કે જ્યાં તેને બદલે તેમના સમાનાર્થી શબ્દ કદાચ વાપરી શકાય તો પણ બંધબેસતા તો ન જ લાગે. એ શબ્દો છે **અખંડ, પૂરું, પૂર્ણ, સઘળું, તમામ, સર્વ**

સાહિત્યિક સંજ્ઞાઓ

એલિગરિ : રૂપક

સોનેટ કે એકાંકી કે નોવેલ એ સાહિત્યિક સ્વરૂપો છે. જ્યારે એલિગરિ એ કોઈ ચોક્કસ સ્વરૂપ નથી, પણ સાહિત્યમાં, અને ખાસ કરીને પાશ્ચાત્ય સાહિત્યમાં પ્રવર્તતી એક સાહિત્યિક રીતિ, વસ્તુને નિરૂપવાની અમુક એક પદ્ધતિ છે, જેને ઈંગ્લિશમાં મોડ (mode), કહે છે. જો તેને માટે આપણે રૂપક એવી સંસ્કૃત સંજ્ઞા પ્રયોજીએ તો તે ન છૂટકે, કેમકે રૂપક એટલે કોઈ એક પ્રકારનો અલંકાર એવો સીધો અર્થ લેવાતો હોય તો એલિગરિએ એક અલંકાર નથી માટે એનો પર્યાય જ જોઈતો હોય તો એલિગરિ માટે માત્ર રૂપક એવી સંજ્ઞા કરતાં, રૂપકશ્રેણી સંજ્ઞા વાપરવી વધુ ઉચિત લેખાશે.

એલિગરિ એ ખાસ કરીને પાશ્ચાત્ય સાહિત્યમાં અને તેમાંય મોર્ડન પહેલાના મધ્યકાલીનથી માંડીને સોળમી-સત્તરમી સદી સુધીના સમયમાં, પરંપરાગત અને મૂળભૂત રીતે રૂઢ થયેલી એવી કથનરીતિ છે. ડૅન્ટિના સુદીર્ઘ કાવ્ય 'ડિવાઈન કોમેડિ'માં તે અંતર્ગત રીતે વપરાઈ છે અને આ કૃતિ કદાચ તેનો વધુમાં વધુ પ્રભાવક નમૂનો છે. પણ તે પછી ય અંગ્રેજી સાહિત્યમાં સ્પેનસરની 'ધ ફેઅરી ક્વીન' નામની સોળમી સદીના અંતભાગમાં લખાયેલી કાવ્યકૃતિમાં અને તે પછીની સદીમાં જહોન બનિયનની તેની જાણીતી ગદ્યવાર્તા 'ધ પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'માં એ જ કથનપદ્ધતિ કેન્દ્રમાં છે.

નાટક લઈએ તો શેક્સપિયરનાં નાટ્ય પૂર્વની સદીઓમાં સક્રિય બનેલી કલ્પના પણ આ જ પદ્ધતિમાં વિકસે છે. જેમ કે 'એવરી મેન' એટલે કે સર્વસામાન્ય - હું, તમે અને ત્રીજો માણસ - એ બધાની સહજ, માનવ પરિસ્થિતિ એને ઝીલતું એ જ શીર્ષકવાળું એક જાણીતું નાટક છે. જેમાં પણ એલિગરિ પ્રયોજાઈ છે. 'એવરી મેન' એ એક મોરાલિટિ પ્લે છે, મોરાલિટિ પ્રકારનું નાટક જેની વિલક્ષણતા એ હતી કે તેમાં એબ્સ્ટ્રેક્ટ એટલે કે ભાવવાચક સંજ્ઞાઓ સુખ, દુ:ખ, કૃપણતા, ઈર્ષ્યા, અજ્ઞાન એ જાણે હાલતાં, ચાલતાં, બોલતાં, પાત્રવિશેષો હોય તેમ તેમને નિરૂપવામાં આવતાં શેક્સપિયર અને સમકાલીનો પર આ પદ્ધતિનો ઘણો મોટો પ્રભાવ રહ્યો અને· એક રીતે આ રીત એ સાહિત્યનો એક સાર્વત્રિક ઢાંચો છે. ભારતીય સાહિત્યમાંથી તેના નમૂના જરૂર મળી રહે. જેમ કે પંચતંત્રની કથાઓમાં તેના દાખલા દેખાય, કે એશિયન સાહિત્યમાં જોઈએ તો ઇસપની નીતિકથાઓમાં, પણ પંચતંત્રમાં કે ઇસપની કથાઓ સાથે આપણે ફેબલ'ના વિશ્વમાં આવીએ છીએ. ફેબલ માટે ગુજરાતી સંજ્ઞા કઈ? એ અલગ પ્રશ્ન છે.

પણ એલિગરિની મજા એ છે કે એથી માર્ગ બહુ જલ્દી કપાય છે. અર્થો ઊકલતા, ઊઘડતા આવે છે. લેખક-વાચક વચ્ચે સેતુ જોતજોતામાં રચાતો જાય છે. 'આ = આ' એવું સમીકરણ રચાતું જાય છે., અને એક વાર એમ થયા પછી જે કરવાની વાત છે, જે વસ્તુ નવી પરિભાષામાં, કમ્યુનિકેશનની સંજ્ઞામાં કહીએ તો જે મેસેજ છે જે સંદેશ. તે રેકોર્ડ થવા, કંડારાવા માંડે છે. બોલતાં બોલતાં અટકવું પડતું નથી, જીભ તોતડાતી નથી, શબ્દો શોધવા જવું પડતું નથી. શ્રીયુત્ સર્વજન એટલે કે એવરી મેન હવે મરવા પડ્યો છે ત્યારે તેને સગાંસ્નેહી બધાં જ છોડી જાય છે. માત્ર ગુડ ડીડ્ઝ, એટલે કે સત્કર્મ જ મદદે આવે છે. આમ વાત કરવાથી ગુડ ડીડ્ઝ એ એક પાત્ર-વિશેષ છે એ વાત એક વાર રૂઢ થયા પછી બધું સમુંસૂતરું ચાલે છે.

મહત્ત્વનું એ છે કે ગુડ ડીડ્ઝ કે ચેરિટિ (ઔદાર્ય) કે મર્સિ (કરુણા) કે હોપ (આશા) નામધારી પાત્રો જે પારદર્શક રીતે આ કે તે સદ્‌ગુણ-દુર્ગુણ કે પછી અસ્પષ્ટ ભાવનાઓ માટેના સીધા પર્યાયો તરીકે વાંચવાના હોય એ આખીય નિરૂપણ-પદ્ધતિ જ વર્તમાન સમયમાં શું અંગ્રેજી સાહિત્ય કે ગુજરાતી સાહિત્યમાં લુપ્ત થઈ જાય છે. અથવા એવું કહીએ કે હવે તે ભૂગર્ભમાં વહેવા માંડે છે, જ્યારે પાત્રનું નામ હવે કરુણા કે એવું ભાવવાચક નામ ન હોઈ રોમા કે રીટા હોઈ શકે. રોમા કે રીટા વિશે વાત માંડતો લેખક હવે એ નામધારી વ્યક્તિવિશેષો વિશે વાત માંડે છે. રોમા કે રીટા વ્યક્તિઓ છે, અને આ કે તે ભાવવિશેષો નથી. એટલે એમ ભાવવિશેષો કે વિભાવના વિશેષોના વિશ્વમાં રહી વાત કરવાનું વળગણ હવે મોર્ડન સમયમાં છૂટી જાય છે. સાહિત્યમાં પાત્રનિરૂપણની પદ્ધતિમાં આવતું આ પરિવર્તન આમ તો આગળ વધી સાંસ્કૃતિક પરિવર્તનનું પરિણામ છે. ટૉલસ્ટૉયની રચના કેરેનીના કે ફ્લોબેરની બોવારી - એ હમણાં હમણાં બે-એક સદીથી જ શક્ય બનતી કથનપદ્ધતિનું સુફલ છે. આને ને ઔદ્યોગિક ક્રાંતિ, આર્થિક અસમાનતા, ધાર્મિક શ્રદ્ધાઓમાં આવતાં પરિવર્તન - એવાં વિશાળ પરિવર્તનોને સંબંધ છે.

એલિગરિ કથનપદ્ધતિ તરીકે જો મધ્યયુગમાં વિશિષ્ટ રીતે વિકસી તો તેનું કારણ એ છે કે તે પછીના સમયોમાં જે ઘણું બધું બન્યું તે તે સમયે નહોતું બન્યું. આગળ સોળમી સદીની ઈંગ્લિશ કાવ્યકૃતિ 'ધ ફેઅરી ક્વીન' નો ઉલ્લેખ કર્યો તેની વાત કરીએ તો તેમાં એક રેડક્રોસ નાઈટ એટલે કે એ નામનો એક યોદ્ધો

છે, જેનાં પરાક્રમો નિરૂપાયાં છે. તેને માર્ગમાં એક વન આવે છે. એ વનમાં એક આશ્રમ છે, એ આશ્રમમાં એક ઋષિવર્યસમું પાત્ર છે જે વાસ્તવમાં છેતરામણી છે, એના માર્ગમાં 'એરર' એટલે કે ક્ષતિ નામનો એક વિરાટકાય રાક્ષસ આવે છે. એની વાતમાં સાત મહાપાપો- અસૂયા, ભોગલાલસા વગેરેનું મંડળ આવે છે, જે એક દશ્યાવલીની જેમ આપણી આંખ આગળથી પસાર થાય છે. પણ આ બધાંમાં જે કામ કરે છે તે પેલી એલિગોરિકલ હેબિટ, એટલે રૂપકોમાં વાત કરવાની રીતિ છે.

આગળ જતાં શું એલિયટને કે ડી.એચ. લોરેન્સને કે ડબ્લ્યુ. એચ. ઓડેનને વાત તો એ જ કરવી છે. અસૂયા, ભોગવિલાસ કૃપણતા, નિષ્ઠુરતા - એ સિવાય બીજું શું કહેવાનું હોય, માનવ-અસ્તિત્વની વિષમતાઓ સિવાય. પણ એલિયટ કે ઓડેન પાસે એ ઓજારો નથી જે મધ્યકાલીન લેખક માટે સહજ પ્રાપ્ય હતાં. માટે એલિયટ કે ઓડેન અટકી અટકીને, ત્રૂટકતાથી, કોયડાઓમાં, કાકુઓનો ઉપયોગ કરી વાત કરે છે. તેમને માટે આ આડકતરી કથમપદ્ધતિ અનિવાર્ય છે, જેના પ્રમાણમાં એલિગરિ વધુ સીધી સચોટ રીત હતી. આ છે તે પ્રમાદધન છે, આ છે તે સરસ્વતીચંદ્ર છે, અને આ છે તે - પણ એ પછીના લેખકે પાત્રો સર્જવાં પડે છે. અહીં એક આખોય સાંસ્કૃતિક ઇતિહાસ પડેલો છે, જે સાહિત્યિક નિરૂપણ-પદ્ધતિમાં પડઘાય છે. -દિગીશ મહેતા

પ્રાપ્ત પ્રકાશનો

કેટલાંક પદ્યરૂપકો

મહાભારતનાં વિવિધ પાત્રોનાં આગવાં મહત્ત્વને પ્રકટ કરતાં, પ્રા. ગોવિંદભાઈ પેટલનાં પદ્યરૂપકો :

ભીષ્મ (કિ. ૨/૫૦, પૃ. ૮૦+૪), **અંબા** (કિ. ૩/૫૦, પૃ. ૯૬+૮), **દ્રષ્ટા** (૪૦/, પૃ. ૩૦૧+૩), **સભા** (૬/, પૃ. ૯૪+૯), **ગુરુ** (૬/, પૃ. ૧૦૪+૧૦), **જીવનવર્ષા** (૯/, પૃ. ૧૭૪+૧૦), **ગંગા** (૧૬/, પૃ. ૧૦૭+૬) અને **શાન્તનુ** (૨૪/, પૃ. ૧૭૩+૭).

આ બધાં પુસ્તકો કાચાં પૂઠાંવાળાં અને ક્રાઉન ૧/૧૬ કદનાં છે. પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૦૨ □

અનુસંધાન) કુંડલિની (પૃ. ૩૨૭ પરથી

પ્રાણયામ દ્વારા કુંડલિની જાગ્રત કરી શકાય છે. લયાત્મક શ્વસન શરીરના અણુએ અણુને એક જ દિશામાં ગતિશીલ કરે છે, એથી નિયંત્રિત થાય છે મન. ૧૦[૨૨] (એક ઉપર બાવીસ મીંડાં) અણુની ગતિથી ફેફસાંમાં એક પ્રવાહ પેદા થાય છે. આ અવસ્થામાં દૈહિક સ્પંદનો હોય છે પૂર્ણતયા લયાત્મક, અને નાડીપ્રવાહ એવી ગતિ ધારણ કરે છે જેથી વિદ્યુતસમી શક્તિ પ્રકટ થતાં કુંડલિની સક્રિય બને છે.

-અનુ. રાજેન્દ્ર શાહ

(અશોકકુમાર ગોષના તંત્ર વિષયક લેખમાંથી)

અનુસંધાન) દાદુરની દુનિયા (પૃ. ૩૨૬ પરથી

- દેડકા જળચર છે જ્યારે મેઢક જમીન ઉપર પથ્થરોમાં અને ભેજવાળી જગ્યાએ જોવા મળે છે.
- દેડકા સામાન્ય રીતે દિવસ દરમિયાન બહાર ફરે છે, જ્યારે મેઢક નિશાચર છે. દેડકોઓનું હલન-ચલન ખૂબ ઝડપી હોય છે, જ્યારે મેઢક ખૂબ ધીમી ગતિએ પેટે ચાલે છે.
- દેડકાની ચામડી સુંવાળી અને લપસણી હોય છે, જ્યારે મેઢકની ચામડી સૂકી, ખરબચડી, કરચલીવાળી અને મસા જેવાં મોટાં ભીંગડાંવાળી હોય છે.
- દેડકાનાં ઊપલાં જડબામાં દાંત હોય છે, જ્યારે મેઢકના ઊપલા જડબામાં દાંત હોતા નથી.
- દેડકાના પશ્ચઉપાંગ પ્રમાણમાં ઘણાં લાંબાં હોય છે, જ્યારે મેઢકના ટૂંકાં હોય છે.
- દેડકાની જીભ દ્વિશાખી હોય છે, જ્યારે મેઢકની જીભ પૂર્ણ હોય છે.
- દેડકાનાં ઈંડાં મોટાં હોય છે. અને અવ્યવસ્થિત ઢગલી બનાવે છે, જ્યારે મેઢકનાં ઈંડાં નાનાં હોય છે અને સીધી હારમાં મૂકે છે. -પ્રો. મહેન્દ્ર પરીખ

અનુસંધાન] ટપાલ-ટિકિટ [પૃષ્ઠ ૩૨૧ પરથી

સૌથી વધુ કિંમતી 'સ્લેડ કલેકશન' ૧૦ લાખ ડૉલર એટલે કે રૂપિયા ૧ કરોડથી પણ વધુ કિંમતમાં વેચાયું હતું.

આજે દુનિયાના પાંચ કરોડ જેટલા ટિકિટ સંગ્રાહકોમાં ગ્રેટબ્રિટન, અમેરિકા, કોમનવેલ્થ રાષ્ટ્રો, ઓસ્ટ્રેલિઆ, કેનેડા, બરમુડા, સિલોન, રહોડેશિઆ, ફોકલેન્ડ ટાપુ, ગ્રેનેડા, બ્રિટિશ ગિયાના, ભારત, સાયપ્રસ, સિયેરા લીઓન, ટોંગા, મલેશિયા જેવા દેશોની ટિકિટોની મોટી માંગ છે. ફોકલેન્ડ ટાપુની ઈ.સ. ૧૯૩૩ની શતાબ્દી ટિકિટોનો સેટ ૧૦ હજાર પૌંડ એટલે કે રૂપિયા ૨ લાખમાં વેચાયાનો વિક્રમ છે. ગ્રેટ બ્રિટનની માફક અમેરિકામાં પણ ટિકિટ સંગ્રહનો શોખ વધ્યો છે. આ બંને દેશોના કેટલાક કુબેરપતિઓના ખાનગી સંગ્રહ કરોડો રૂપિયાની કિંમતના છે. અમેરિકામાં પણ ટિકિટ સંગ્રહના કિંમતી સાહિત્ય, કેટલોગ, મેગેઝિન નિયમિત પ્રકટ થાય છે. ત્યાંના ન્યૂ યોર્ક શહેરમાં કરોડો ડૉલરની કિંમતની ટિકિટોનો વેપાર કરતી કંપનીઓમાં ટ્રિબ્યુને સ્ટેમ્પ્સ, સ્ટેમ્પેઝાઈન, હેરિક સ્ટેમ્પ્સ, ઇન્ટરનેશનલ ફિલાટેલિક્સ અને મિનીકુસ પબ્લિકેશન્સ પ્રખ્યાત છે. આ કંપનીઓ ઉપરાંત રુથરફોર્ડની મોઝિઆન, પિટ્સબર્ગની આદમબર્ટ, ન્યૂ ઑર્લિયન્સની રેમન્ડ એચ. વેઈલ, સાનફ્રાન્સિસ્કોની રિચાર્ડ વુલ્ફર્સ, નેપલ્સ ફ્લોરિડાની ન્યૂ ઈંગ્લેન્ડ સ્ટેમ્પ્સ કંપની, વેસ્ટબરીની સ્ટેમ્પકો, હોલીવુડ કેલિફોર્નિઆની લાબેલા ફ્રાન્સ, લેમ્બર્ટ ડબલ્યુ ગેરબર ઉપરાંત ન્યૂ યોર્કની અલઝિમ્બરમેન, એસ. એચ. એન્જલ અને સ્ટેનલી ગિબન્સની કંપનીઓ પ્રખ્યાત છે. આમાંની કેટલીક કંપનીઓ લીલામમાંથી મોટા જથ્થામાં ટિકિટો ખરીદે છે. ન્યૂ યૉર્કની અલઝિમ્બરમેન કંપની દુનિયાના પ્રખ્યાત દુર્લભ અને કિંમતી કવર પરબીડિયાં માટે પ્રખ્યાત છે. આ શહેરની એસ. એચ. એન્જલ કંપની દુર્લભ કિંમતી ટિકિટો પર લોન આપે છે. આ કંપનીએ અમેરિકાની ઈ.સ. ૧૮૫૧ની ૩ સેન્ટ મૂલ્યની એક ટ્રાયલ પરફોરેશન ટિકિટ ૩૫૦૦ ડૉલરમાં વેચી હતી. અમેરિકાની દુર્લભ અને કિંમતી ટિકિટોના લીલામ કરતી પ્રખ્યાત મોટી કંપનીઓમાં પ્રતિવર્ષ ૧૫ જેટલાં લીલામો યોજે છે. □



તાનમાં આવી ગયો વરસાદ
તે બસ આંખ મીંચીને સતત વરસ્યા કરે!
(જાણે) કોઈ ગાંડાને મળી ગઈ વાંસળી
તે એકધારી રાતદિન બજવ્યા કરે!
આ બાર દહાડા બાર મહિના જેટલા લાગ્યા
સમયનું ભાન ના એને; અને ના આપણે રાખી શક્યા
('ઇંગિત') - હેમન્ત દેસાઈ

કાલિન્દીચરણ પ્રાણિગ્રાહી, સદ્‌ગત

૨૫મી મે ૧૯૯૧ના રોજ એકાણું વર્ષની જૈફ વયે ઓડિયાના સુપ્રસિદ્ધ સાહિત્યકાર કાલિન્દીચરણ પાણિગ્રાહીનું અવસાન થતાં તે સાહિત્યનો એક સીમાસ્તંભ ઊખડી ગયો. નવલકથા, ટૂંકી વારતા, નાટક, નિબંધ કવિતા એમ વિવિધ સ્વરૂપોમાં એમનું પ્રદાન મહત્ત્વનું ગણાયું છે. એ 'યુગવીણા' નામક સામયિક ચલાવતા હતા. રવીન્દ્રનાથ ટાગોરના પ્રભાવ નીચે ઊછરેલા 'સબૂજ' જૂથના એ લેખક હતા. પ્રગતિવાદી વિચારસરણીનો એમના પર પ્રભાવ. આ જૂથના લેખકો પોતાને આમવર્ગના લેખકો ગણાવતા. એમની કૃતિઓમાં આથી સમાજના દલિતપીડિત વર્ગનું અનુકમ્પાભર્યું નિરૂપણ જોવા મળે છે. ઓરિસ્સાનાં ભૂતપૂર્વ વડાપ્રધાન નંદિની સત્પથી એમનાં પુત્રી.

એમણે 'લુહાર મણિષ', 'અમરચરિત્ર', 'મુક્તા ડરક્ષધા', વગેરે નવલકથાઓનું સર્જન કર્યું છે. 'દ્વાદશી', 'સાગરિકા', 'રાશિફલ', 'શેષરશ્મિ', આદિ એમના વાર્તાસંગ્રહો છે. એમની વાર્તાઓમાં આધુનિક શૈલીની અસર કળી શકાય છે. એમની 'માટીર મણિષ' ખૂબ કીર્તિદા નવલકથા છે. કલાકૃતિ તરીકે વિવેચકોએ એનું ઊંચું મૂલ્ય આંક્યું છે. એમણે ઓડિશાના તળપદા જનજીવન અને કુટુંબજીવનને આ નવલકથામાં કલાત્મકતાથી નિરૂપ્યું છે. એ રીતે એને ત્યાંની પ્રાદેશિક નવલકથા ગણી શકાય. આ નવલકથા પરથી જાણીતા દિગ્દર્શક મૃણાલ એને ચલચિત્ર પણ બનાવ્યું હતું. ગાંધીજીની વિચ[illegible]રાનો-ગ્રામોદ્ધાર અને દલિતદ્ધારનો-પ્રભાવ અહીં જોઈ શકાય છે.



આવા મૂર્ધન્ય સાહિત્યકારને સાહિત્યનાં તેમજ અન્ય અનેક માન-અકરામ પ્રાપ્ત થયાં હતાં. કાલિન્દીચરણ પાણિગ્રાહી ઓડિયા સાહિત્ય અકાદમી તેમજ દિલ્હીની કેન્દ્રીય સાહિત્ય અકાદમીના સભ્ય પણ હતા. દિલ્હીની સાહિત્ય અકાદમીએ એમને 'ફેલો' બનાવી એમની પ્રતિભાનું ગૌરવ કર્યું હતું. વળી, ભારત સરકારે એમને ૧૯૭૧માં પદ્મભૂષણથી નવાજ્યા હતા. સંબલપુર યુનિવર્સિટીએ એમને ડિ. લિટ્.ની માનદ્ ઉપાધિ એનાયત કરેલી. એમના નિધનથી ભારતીય સાહિત્યે એક સબળ સર્જક ગુમાવ્યો છે.

દાદુરની દુનિયા

બ્યુફો મેઢક



બ્યુફો મેઢક (Bufo toad) ઓસ્ટ્રેલિઆ અને મડાગાસ્કર સિવાય બધા જ દેશોમાં જમીન ઉપર જોવામાં આવે છે. ભારતમાં થતાં સામાન્ય મેઢકનું શાસ્ત્રીય નામ (Bufo melanostictus) છે. દિવસ દરમિયાન તે ભીની જગ્યાઓએ પથ્થરોની નીચે લપાઈને સંતાઈ રહે છે. અને રાત્રે ખોરાકની શોધમાં બહાર આવે છે. આ રીતે તે નિશાચર પ્રાણી છે. તેની ત્વચા સૂકી અને ખરબચડી હોય છે; તેમ જ મસા જેવાં મોટાં ભીંગડાંવાળી હોય છે. ત્વચામાં વિષગ્રંથિઓ આવેલી હોય છે. કર્ણપટલની પાછળ વિષનો સ્રાવ કરતી (Parotid glands) અધોકર્ણ ગ્રંથિઓ આવેલી છે. પશ્ચ ઉપાંગની આંગળીઓ વચ્ચે ચામડીના પડદા હોતા નથી; પરંતુ તેની ચામડી સ્વરક્ષણાર્થે સફેદ પદાર્થોનો સ્રાવ કરે છે, જે દુશ્મન પ્રાણીને દાહ અને વેદના કરે છે. જ્યારે તેને ગુસ્સે કરવામાં આવે છે ત્યારે તે ફૂંફાડા સાથે મણકા સ્વરૂપે આ પદાર્થનો સ્રાવ કરે છે.

અહીં પ્રત્યેક જનન પિંડની અગ્ર બાજુએ બીડરનું અંગ (Bidder's organ) આવેલ છે. પુખ્ત માદામાં તે નષ્ટ પામે છે, જ્યારે નરમાં હાજર હોય છે. જરૂર પડે તેમાંથી અંડપિંડ વિકાસ પામે છે. જો નર પ્રાણીમાંથી શુક્રપિંડ દૂર કરવામાં આવે તો બીડરનું અંગ અંડપિંડમાં રૂપાંતર પામે છે અને આ રીતે નરનું માદામાં જાતીય પરિવર્તન શક્ય બને છે. આ પ્રાણીઓમાં રૂપાંતરણકાળ દેડકાની સરખામણીમાં ટૂંકો હોય છે. પરંતુ શિશુ મેઢકને પુખ્ત બનતા વર્ષો લાગે છે. આવા ટોડ અને સામાન્ય દેડકાનાં કેટલાંક વ્યવર્તક લક્ષણો આ પ્રમાણે છે.

(અનુસંધાન પૃ. ૩૨૫ પર)

ડુંગળી

ડુંગળી અને તેના વિવિધ ઉપયોગો લગભગ દુનિયાભરમાં જાણીતાં છે. અમુક ધાર્મિક ખ્યાલોમાં કેટલાંક ચુસ્ત લોકોને બાદ કરતાં બધાં જ લોકો તેનો એક યા બીજી રીતે ઉપયોગ કરે છે. વર્ષની કોઈ પણ ઋતુમાં તેનું સેવન ગુણકારી હોઈ રોજિંદા આહારમાં તેનું સ્થાન મહત્ત્વનું છે. ગરમ તાસીરવાળાને તે કદાચ ઓછી માફક આવે એવું બને, પણ સર્વથા તેને વર્જ્ય ગણવાની કોઈ જરૂર નથી. તેનું નિત્ય સેવન શરીરમાં શક્તિ, સ્ફૂર્તિ ને રોગપ્રતિકારકતા વધારી કાંતિ અને સુંદરતા બક્ષે છે.

જપાનમાં શોધાયું છે કે ડુંગળીને છૂંદીને પગના તળિયે ઘસવાથી માથાનો દુખાવો મટી જાય છે. માથામાં દુખાવો જો એક જ તરફ હોય તો તેની સામેની બાજુના પગના તળિયે - એટલે કે જમણી બાજુ માથું દુખતું હોય તો ડાબા પગના તળિયે ખૂબ છૂંદેલી ડુંગળી ઘસવી.

આમ તો રોજિંદા વપરાશના અનુભવોમાંથી ડુંગળીનો ઉપયોગ જેમ અનેકવિધ વાનગીઓમાં પ્રચલિત બન્યો છે તેમ તેના ઔષધીય નુસખાઓ પણ એટલો જ પ્રસાર પામ્યા છે. તેમાંના થોડાક અહીં જોઈએ.

વાઈ, ફેફરું, એપિલેપ્સી કે હિસ્ટેરીઆના હુમલામાં ડુંગળી સુંઘાડવાથી રોગી તુરત ભાનમાં આવી જાય છે એ તો બહુ જાણીતો પ્રયોગ છે. આમ જ મૂઢમાર કે પછડાટથી વાગ્યું હોય તો ને ભાગ ઉપર ડુંગળીનો રસ અથવા બાફેલી ડુંગળી બાંધવાથી લોહીનો જમાવ વીખરાઈ જઈ સોજો ઊતરી જાય છે. ડુંગળી બાફીને બાંધવાથી વાગેલો કાંટો બહાર ખેંચાઈ આવે છે. ડુંગળીનો રસ અને મધ મિશ્ર કરી આંજવાથી આંખનું ફૂલું મટે છે. ડુંગળીનો રસ ચોપડવાથી ઠંડા પડેલા શરીરમાં ગરમાવો આવે છે. માથાના વાળમાં પડેલી જૂ કે લીખ ડુંગળીનો રસ લગાડી થોડી વાર સુકાવા દઈ વાળ ધોવાથી દૂર થાય છે. દાદર કે ખસ જેવા ચામડીના રોગ પર પણ ડુંગળીનો રસ ઘસીને ચોપડવાથી ફાયદો થાય છે. ડુંગળીને બાફી તેમાં ચડિયાતું મીઠું નાખી ગરમગરમ બાંધી દેવાથી ગૂમડું પાકીને ફૂટી જાય છે. કાનના દુખાવા, સણકા કે પાકમાં પણ ડુંગળીના રસનાં બબ્બે ટીપાં નાખવાં લાભકર છે. ડુંગળીના રસમાં રાઈ પીસીને સંધિવાગ્રસ્ત સાંધા પર તેનો લેપ ઘણી રાહત આપે છે. તૂટતા શરીર ઉપર તેના રસનું માલિશ ગુણ કરે છે. પીડાકારક હરસ ઉપર સફેદ ડુંગળીને શેકીને પાણીમાં લઢીને બનાવેલો લેપ લગાડી તેને સુકાવા દેવો. એથી તુરત આરામ મળશે. ડુંગળીનાં બીનું ધૂમ્રપાન દાઢના દુખાવામાં રાહત આપે છે.

ડુંગળીનો એક મહત્ત્વનો ગુણ શરીરની ઊંચાઈ વધારવાનો છે. ઊંચાઈ વધતી ન હોય તેવાં બાળકોને ડુંગળી અને ગોળ ખવરાવતા રહેવા જોઈએ. આનાથી શરદી પણ મટે છે. ડુંગળીનું નિયમિત સેવન આંખને તેજસ્વી બનાવે છે. દૂઝતા હરસ પર રોજ એક કાચી ડુંગળીનું સેવન ગુણ કરે છે. ગળા અને ફેફસાંના રોગોમાંયે ડુંગળીનો રસ લાભદાયી છે. આ રસ પીવાથી ઉધરસ મટી જાય છે. ડુંગળીનો સૂપ શરદી ને ઉધરસ મટાડે છે. એક ગ્રામ જીરું અને એક ગ્રામ ખાંડ ભેળવીને ડુંગળીના રસ સાથે લેતા રહેવાથી લોહીની અશુદ્ધિ દૂર થાય છે. ચૂલાની રાખમાં ઢાંકીને બાફેલી ડુંગળીનું રોજ સવારે સેવન કરવાથી આંતરડાંને શક્તિ મળી પાચન સુધરે છે. આજ પ્રયોગ રાત્રે કરવાથી કફ અને શ્વાસથી હેરાન થતા દર્દીને આખી રાત રાહત રહે છે. ડુંગળીને ઝીણી સમારી ઘીમાં સાંતળી સાકર સાથે ખાવાથી હરસમસામાં લાભ થાય છે. આ જ રીતે સાંતળેલી ડુંગળી દહીં સાથે ખાવાથી દૂઝતા હરસમાં ફાયદો થાય છે. વાટેલું જીરું અને સાકર ભભરાવીને બનાવેલું ડુંગળીનું કચુંબર ખાઈ ઉપર પાણી પીવાથી ઉનાળામાં લૂ લાગવાનો ભય રહેતો નથી, અને લૂ લાગી હોય તે તેનો ઉપદ્રવ શાંત થાય છે. આની સાથે બાફેલી કાચી કેરીનું શરબત- પનુ - પણ લઈ શકાય.

ડુંગળીનું નિયમિત સેવન કરતી સ્ત્રીઓને માસિક સ્રાવની વેદનાની ફરિયાદ રહેતી નથી. વળી, ડુંગળીના સેવનથી સ્ત્રીનું સૌંદર્ય લાંબા સમય સુધી જળવાઈ રહે છે. ડુંગળીના રસમાં મધ મેળવીને લેવાથી સારી ઊંઘ આવે છે.

અમ્લપિત્ત કે અલ્સરના રોગીએ, જેમને મળ વાટે લોહી પડતું હોય, ઉધરસ કે કફ દ્વારા લોહી પડતું હોય, વધુકો માસિક સ્રાવ આવતો હોય તેવી સ્ત્રીઓએ તથા બહુ ઓછો શ્રમ કરનાર બેઠાડુઓએ ડુંગળીનો ઉપયોગ કરતાં સાવધાની રાખવી જરૂરી છે. અલબત્ત, અનેકવિધ રીતે ડુંગળી ગુણકારી હોવા છતાં પોતપોતાની તાસીરનો ખ્યાલ રાખીને તેના સેવનમાં અતિરેક કરવો ન જોઈએ અને છતાં ડુંગળી ખાવાથી તેની કંઈ માઠી અસર વર્તાય તો દાડમનો રસ પીવો યા દાડમ ખાવું.

(વૈદ્ય નવીનભાઈ ઓઝાની 'જન આરોગ્ય' શ્રેણીની ડુંગળી નામની પુસ્તિકામાંથી તારવીને)

કુંડલિની અને વિજ્ઞાન

સુષુમ્ણા માર્ગે આગળ વધતી કુંડલિની સહસ્રાધારમાં પહોંચે ત્યાં સુધીમાં ભિન્ન ભિન્ન અતીન્દ્રિય ચક્રોમાંથી ગત્યાત્મક શક્તિ આત્મસાત્ કરી લે છે અને ત્યાં તેનું પ્રપૂર્ણ પ્રાકટ્ય થતાં એની સચેતન અનુભૂતિ થાય છે.

સાંપ્રત વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતાં કુંડલિનીનું ઊંચે ચડવું એટલે મસ્તિષ્કનાં બુદ્ધિનાં સુષુપ્ત સ્થાનોને જાગ્રત કરવાં, સક્રિય કરવાં. આજે તો સ્પષ્ટતયા સિદ્ધ થયું છે કે મનુષ્યના નાડીસમૂહની શક્તિઓ અપરિમિત છે. પ્રત્યેક વ્યક્તિ દશ કરોડ (એક અર્બુદ) બૌદ્ધિક કોશાણુ ધરાવતી હોય છે, ને વળી આ પ્રત્યેક કોશાણુ બીજા પચીસ હજાર કોશાણુ સાથે સંબંધ ધરાવે છે. પરિવર્તન અને સંયોજનની સંખ્યા તો છે ખગોલીય. એક જ સેકન્ડમાં મસ્તિષ્ક દશ અબજ (ખર્વ)સંવેદન(ઉત્તેજના) પ્રાપ્ત કરે છે, ને અનાયાસ, સહજ સ્વાભાવિક રીતે, પાંચ હજાર સંકેત છોડે છે. આપણા આ વલ્કલીય સંકેતના દશ લાખમા (પ્રયુત જેટલા) ભાગથી જ આપણે સભાન હોઈએ છીએ. મસ્તિષ્કનાં આ બૃહદ્ ક્ષેત્ર, જને નાડી-વિશેષજ્ઞ 'નિષ્ક્રિય ક્ષેત્રો' તરીકે ઓળખાવે છે. તે 'અકૃષ્ટ સંપત્તિ' બની રહે છે, અવ્યવહૃત અને અપ્રયુક્ત. એક વખત કુંડલિની જાગ્રત થતાં, આધુનિક વૈજ્ઞાનિક વિચારધારા પ્રમાણે, આપણે સમગ્ર વલ્કલીય સંકેતોને અનુભવી શકીએ છીએ, અને એ કારણે આપણે આપણી ઉચ્ચ ચેતના સાથે સંવાદ સાધી શકીએ છીએ. (અનુસંધાન પૃ. ૩૨૫ પર)

હંસ બગલા એક રંગ, માનસરોવર માંહી;
બગલા ઢૂંઢે માછલી, હંસા મોતી ચાહી.

'માનવમૂત્ર' પુસ્તકના લેખક રાવજીભાઈ મણિભાઈ પટેલની આ વાત છે. પિતાશ્રી મણિભાઈનું એમના ખેડૂતે ખૂન કર્યું. ખૂનીએ ખૂન કબૂલ કર્યું; પરન્તુ કાયદાની દૃષ્ટિએ ખૂન નિહાળનાર સાક્ષી હોવા જરૂરી ગણાય. આથી પોલીસ નાયબસૂબાએ રાવજીભાઈને તેવો સાક્ષી ઊભો કરવા જણાવ્યું. રાવજીભાઈએ જણાવ્યું કે પિતાના ખૂનથી પોતાને દુઃખ તો થયું જ છે, પરન્તુ ખોટો સાક્ષી ઊભો કરી પોતે સત્યનું ખૂન કરવા માગતા નથી. જો કે ખૂનીને કાયદા પ્રમાણે ૨૦ વર્ષની સજા થઈ. રાવજીભાઈએ ખૂનીનાં બાળકો મોટાં થયાં ત્યાં સુધી તેમને અનાજ પૂરું પાડવાની વ્યવસ્થા કરી અને કહ્યું, ગુનો તો બાપે કર્યો છે, એમાં નાનાં બાળકોનો શો વાંક? આ હતી એમની માનવતા.

¤

એડી ફેઈનર નામનો 'સૉફ્ટ બૉલ' નામની રમતનો ખેલાડી ઘણી વાર આંખે પાટા બાંધીને દડા ફેંકતો હતો. કહેવાય છે કે તેણે ફેંકેલા આવા ૫૩૦ દડાનો કોઈ સામનો કરી શક્યું નહોતું. પોતાની રમત-કારકિર્દી દરમિયાન તે ૧૫૨ સંપૂર્ણ રમત રમ્યો હતો.

¤

લીંબુ અને દહીંનું મિશ્રણ ચામડી પર માલીશ કરવાથી ચામડી સાફ થાય છે.

¤

ચોમાસામાં માખીઓનો ઉપદ્રવ વધે છે. અંગારા પર ચાની સૂકી પત્તી બાળવાથી તેનો જે ધુમાડો થાય તેનાથી આસપાસમાંથી માખીઓ જતી રહે છે.

¤

રબરસ્ટેમ્પ પેડ ઉપર શાહી સુકાઈ જતી હોય તો તેના ઉપર થોડું ગ્લિસરીન લગાડી રાખવું. પેડ નરમ અને તાજું રહેશે.

¤

'શું' એ વિકારી વિશેષણ છે. એટલે એના વિશેષ્યની જાતિ પ્રમાણએ એની જાતિ પણ ફરવી જોઈએ. ઘણાં 'શું બીક' અને 'શું ભય' બોલે છે તે ખોટા પ્રયોગ છે. એના બદલે 'શી બીક' અને 'શો ભય' કહેવું જોઈએ. આ જ પ્રમાણે અન્ય બધાં વિકારી વિશેષણોની બાબતમાં સમજવું.

¤

આમલીના ગરને પાણીમાં પલાળી ગાળી લો, અને તેમાં કાળા મરી, સાકર, લવિંગ, એલચીના દાણા અને સહેજ કપૂર સ્વાદની રુચિ પ્રમાણે વાટીને ભેળવીને બનાવેલું પેય ભૂખનાશ અને ખાવા પ્રત્યેની અરુચિ દૂર કરે છે.

¤

ચંદ્રની ૧૬ કળા હોવાનું કહેવાય છે. તે કઈ તે જાણો છો ? એ છે : અમૃતા, મીનદા, પૂષા, પુષ્ટિ, તુષ્ટિ, રતિ, ધૃતિ, શશની, ચંદ્રિકા, કાન્તિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા અને પૂર્ણામૃતા

¤

જોડણીભેદે અર્થભેદ

દિન-દિવસ; દીન-ગરીબ, રાંક

¤

લીંબુનાં રસમાં પીસેલાં આંબળાં વાળનાં મૂળમાં ઘસતાં રહેવાથી વાળની લંબાઈ વધે છે.

¤

એક એવી પણ માન્યતા છે કે આંખ ઉપર બોજો આવવાથી માથું દુઃખે છે તે હકીકત ખોટી છે. મોટે ભાગે માથાના દુખાવામાં આંખ કારણભૂત હોતી નથી.

¤

અકબર બાદશાહે એકવાર જરથુસ્તી ધર્મગુરુ મહેરજી રાણાને પૂછ્યું : 'ધર્મ એટલે શું ?' રાણાએ જવાબ આપ્યો : 'મન્શની (સદ્વિચાર), ગવશની (સદ્વાણી) અને કુનશની (સત્કર્મ) એ જ ધર્મ છે.'

¤

ઑપરેશન પહેલાં એક સ્ત્રીએ તબીબને પૂછ્યું, 'મારો કાપ કેટલા ઈંચનો મૂકશો ?'
'એમ કેમ પૂછો છો ?'
'મારી પડોસણે ત્રણ ઈંચનો કાપ મુકાવ્યો છે તેની હંમેશાં ડંફાસ મારે છે. મારો કાપ ચાર ઈંચનો મૂકજો એટલે એની બોબડી બંધ થઈ જાય.' સ્ત્રીએ જવાબ આપ્યો.

પૃથ્વી પર જેમ પર્વત હોય છે તેમ દરિયામાં પણ હોય છે. એકાદ પર્વતનું શિખર પાણીની ઉપર આવતાં આપણે તેને બેટ કહીએ છીએ. પરન્તુ ખરું જોતાં તે છે એક પર્વત.

¤

કડવી દવા પીતી વખતે તે કડવી ન લાગે તે માટે એક નુસખો છે કે દવા લેતાં પહેલાં જીભ ઉપર બરફનો ટુકડો જોરથી ઘસી કાઢવો. આથી જીભ પરના સ્વાદના જ્ઞાનતંતુઓ બહેરા પડી જશે અને તેથી કડવી દવાના સ્વાદની જીભને ખબર નહિ પડે.

¤

ગણિતગમ્મત

પાંચ પાંચડાથી, સાત સાતડાથી, નવ નવડાથી સોનો સરવાળો આ રીતે આવે : ૫x૫x૫-૫x૫, ૭૭૭/૭-૭૭/૭, ૯૯૯/૯-૯૯/૯. તમે આ રીતે આઠ આઠડા કે છ છગડાથી ૧૦૦નો સરવાળો મેળવો.

¤

કલાકણિકા છે તો ટાઢમાં હાથ શેકવા માટેનું પિત્તળનું પાત્ર, પણ ઈ. ૧૨૬૪ થી ૧૨૮૦ના અરસાના સીરિયન કારીગરે તેમાં સુંદર જાળી કોરીને અને ચાંદીના જડતર વડે તેને કોઈ ઓર શોભા આપી છે. તે સમયનાં લોકો અને કારીગરોમાં વિકસેલી કારીગરીનું આ એક દ્યોતક ઉદાહરણ છે. આ પાત્ર ઉપર બદ્ર-અલ દિન ગ્રયસરી એવા નામાક્ષરો પણ ઉપસાવેલા છે.

